૨૦૪ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 168 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 July 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૭ જુલાઈ ૨૦૨૫,(૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## શિંદે આઉટ, ઉદ્ધવ ઈન?: ભાજપનો નવો ગૅમ પ્લાન?

### આના ભાગરૂપે જ દેવેન્દ્ર ફડણવીસે વિધાન પરિષદમાં જ ઉદ્ધવ ઠાકરેનો દાણો દાબી જોતા તેમને ઓપન ઑફર આપી કે જોડાઈ જાવ અમારી સાથે...

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર હલચલ મચી ગઈ છે. વિધાન પરિષદમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને શાસક પક્ષમાં જોડાવા માટે જાહેર આમંત્રણ આપી દીધું હતું. આ સાથે મરાઠી ભાષાને મુદ્દે ઠાકરે ભાઈઓ સાથે આવે તો બીએમસી ચૂંટણીમાં તકલીફ થઈ શકે એ ભયે ભાજપે નવો દાવ રમવા માટે તૈયાર થયો છે. બીજી તરફ એકનાથ શિંદેની શિવસેના મુંબઈમાં પાલિકા ચૂંટણીમાં વધુ બેઠકો માગે એવી પૂરેપૂરી શક્યતા છે અને તેને કારણે ભાજપની ૧૫૦



બેઠક પર લડવાની ઇચ્છા પાર પડે એમ નથી. આ બધા કારણોને લીધે ફડણવીસ હવે ઉદ્ધવ ઠાકરેનો દાણો દાબીને જોઈ રહ્યા છે. જો ભૂલથી ઉદ્ધવ તૈયાર થાય તો પછી ભાજપ એકનાથ શિંદેને પડતા મૂકે એ પૂરેપૂરી શક્યતા છે. આમેય બંને શિવસેના એક મ્યાનમાં રહે એ પણ શક્ય નથી.

ફડણવીસે બુધવારે હસતાં હસતાં કહ્યું કે '૨૯ સુધી અમારે ત્યાં આવવાનો કોઈ અવકાશ નથી... પણ ઉદ્ધવજી, તમને અહીં (શાસક પક્ષ) સામેલ કરવાનું વિચારી શકાય છે.' ફડણવીસે કદાચ આ હળવી મજાક કરી હશે, પરંતુ તેના ઘણા ઊંડા રાજકીય અર્થ નીકળી શકે છે. ફડણવીસની ઑફર પર ઉદ્ધવે વિધાન ભવન સંકુલમાં કહ્યું હતું કે, 'આ બધી વાતો મજાકમાં થઈ રહી હતી, તેને મજાક તરીકે જ રહેવા દો...'

**બીજી તરફ, રાજ ઠાકરેના મૌનથી ચકચાર વધી**

એક તરફ ફડણવીસે ઉદ્ધવને જાહેરમાં આમંત્રણ આપ્યું હતું ત્યારે બીજી તરફ બુધવારે જ, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરે સાથેના સંભવિત જોડાણ અંગે કોઈપણ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટમાં કહ્યું હતું કે મીડિયાએ તેમના નામે એવા નિવેદનો ચલાવ્યા હતા જે તેમણે આપ્યા પણ નહોતા. ■

## પાકિસ્તાની ડ્રોન્સ રતીભાર નુકસાન પહોંચાડી ન શક્યા: લશ્કરી વડા



નવી દિલ્હી: ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે બુધવારે જણાવ્યું હતું કે વિશ્વમાં હાલમાં વિવિધ સ્થળે ચાલી રહેલા યુદ્ધમાં અત્યાધુનિક ટૅક્નોલૉજી સાથેના ડ્રોન્સનું મહત્ત્વ સાબિત કર્યું છે. ભારત માટે 'અનમેન્ડ ઍરિયલ વેહિકલ' અને દુશ્મનોના ડ્રોન્સ તોડવા માટેની 'કાઉન્ટર-અનમેન્ડ ઍરિયલ સિસ્ટમ્સ'માં સ્વાવલંબી બનવું જરૂરી છે.

અહીંના માણેકશા સેન્ટર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જનરલ ચૌહાણે જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂરમાં પણ સ્વદેશી બનાવટની 'અનમેન્ડ ઍરિયલ સિસ્ટમ્સ' અને 'કાઉન્ટર-અનમેન્ડ ઍરિયલ સિસ્ટમ્સ'ની અગત્યતા સાબિત થઇ છે. ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફના વડામથક દ્વારા 'સેન્ટર ફોર જોઇન્ટ વૉરફેર સ્ટડિઝ'ના સહયોગમાં અહીં યોજાયેલા એક દિવસના વર્કશૉપનો વિષય 'અનમેન્ડ ઍરિયલ સિસ્ટમ્સ' અને 'કાઉન્ટર-અનમેન્ડ ઍરિયલ સિસ્ટમ્સ'નું સ્વદેશીકરણ હતો.

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફે વર્કશૉપને સંબોધતા જણાવ્યું હતું કે દુનિયામાં હાલમાં વિવિધ સ્થળે ચાલી રહેલા યુદ્ધમાં ડ્રોન્સ અને શત્રુઓના ડ્રોન્સ આકાશમાં જ તોડી પાડવા માટેની સિસ્ટમ્સનું મહત્ત્વ સાબિત થયું છે. પાકિસ્તાને યુદ્ધ દરમિયાન મોકલેલા ડ્રોન્સ ભારતમાં લશ્કરી કે મુલકી આંતરિક માળખાને નુકસાન પહોંચાડી નહોતા શક્યા.

જનરલ ચૌહાણે સંરક્ષણ ક્ષેત્રે સ્વાવલંબી બનવાની જરૂરિયાત પર ભાર આપતા જણાવ્યું હતું કે આપણે રક્ષણ માટે અને હુમલો કરવા વિદેશથી આયાત કરાયેલી સંરક્ષણ ક્ષેત્રની ટૅક્નોલૉજી પર આધાર રાખી ન શકીએ. આપણે દેશના રક્ષણ માટે સંરક્ષણ ક્ષેત્રે રોકાણ અને સ્વદેશી ઉત્પાદન વધારવું જોઇએ. (એજન્સી)■

## બાંગ્લાદેશમાં સત્યજીત રેના પૈતૃક ઘરને તોડી પડાયું

કોલકાતા: ગત વર્ષે બાંગ્લાદેશમાં વ્યાપક હિંસા ફેલાઈ હતી, જનાક્રોશને કારણે તત્કાલીન વડા પ્રધાન શેખ હસીનાએ દેશ છોડી ભારતમાં આશરો લેવો પડ્યો હતો. ત્યારથી બંને દેશના સંબંધો વણસ્યા છે. એવામાં સમાચાર છે, બાંગ્લાદેશ સરકાર બંગાળી સાહિત્યિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે જોડાયલી હસ્તીઓની ત્રણ પેઢીઓ સાથે સંકળાયેલા ઘરને તોડી પાડવાનું આયોજન કર્યું હતું, જેની સામે ભારત સરકારે વાંધો ઉઠાવ્યો છે. આ ઈમારત તોડવાને બદલે તેના સમારકામમાં સહાય આપવા માટે ભારત સરકારે પ્રસ્તાવ મુક્યો છે. આ પ્રસ્તાવ છતાં બાંગ્લાદેશ સરકારે રેના પૈતૃક ઘરને તોડી પાડ્યું હતું. ■

## ગુજરાતના ૨૬ સાંસદે વિકાસ માટેના ૨૫૪ કરોડમાંથી ૧૦ કરોડ જ વાપર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ત્રણ દાયકાથી વધુ સમયથી ભાજપનું એકહથ્થુ શાસન છે, કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી બે ટર્મથી વડાપ્રધાન છે. ગુજરાતના લોકોએ જેમને ખોબેખોબે વોટ આપીને દિલ્હી મોકલ્યા છે તેવા ૨૬માંથી પચીસ સાંસદ તેમને મળતા એક વર્ષના ફંડમાંથી માત્ર ચાર ટકાનો લોકો માટે ઉપયોગ કર્યો છે. સાંસદોને મળતા એમપીલેડ (મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કિમ) ફંડના ઉપયોગનું વિશ્લેષણ કરવામાં આવ્યું ત્યારે આ ચોંકાવનારા આંકડા જોવા

(જુઓ પાનું ૨) ▶▶

## વર્ષે ₹ ૨૪,૦૦૦ કરોડની જોગવાઈ સાથેની કૃષિ યેજનાને મંજૂરી

નવી દિલ્હી: પીએમ ધન-ધાન્ય કૃષિ યોજનાને કેબિનેટે છ વર્ષના સમયગાળા માટે બુધવારે મંજૂરી આપી હતી. આ યોજના અંતર્ગત દેશના ૧૦૦ જિલ્લાને આવરી લેવામાં આવશે. છ વર્ષના આ યોજના પાછળ દર વરસે કુલ રૂ. ૨૪,૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

કેન્દ્રીય બજેટમાં કરવામાં આવેલા પ્રોગ્રામ અંતર્ગત વર્તમાન ૩૬ સ્કીમને પણ આવરી લેવામાં આવશે. કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતાં માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે પીએમ ધન-ધાન્ય કૃષિ યોજના લણણી બાદનો પાકનો સંગ્રહ વધારશે, સિંચાઈની સુવિધામાં સુધારો લાવશે અને કૃષિ ઉત્પાદનમાં વધારો કરશે. આ યોજનાને કારણે દેશના ૧.૭૦ કરોડ કરતાં પણ વધુ ખેડૂતોને લાભ થશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## તેલનો ખેલ: રશિયા પાસેથી ભારતને મળતું સસ્તું તેલ બંધ કરાવશે ટ્રમ્પ, નાટો

### મૉસ્કો સાથે દ્વિપક્ષી વેપાર કરનારા દેશો પર ૧૦૦ ટકા સેકન્ડરી ટૅરિફ લાદવાની અમેરિકાની ધમકી: નાટો પણ આકરાપાણીએ

વૉશિંગ્ટન: ભારતને રશિયા સાથે વેપાર કરવા બદલ અમેરિકા સહિત નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઇઝેશન (નાટો)ના સભ્ય દેશોએ ચેતવણી આપી છે.

અમેરિકાએ રશિયા સાથે દ્વિપક્ષી વેપાર કરતા ભારત સહિતના દેશો પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની ચીમકી આપી છે. આને લીધે ભારતને રશિયા પાસેથી મળતું સસ્તું ઑઇલ બંધ થવાની શક્યતા છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રશિયાની સાથે હજી વેપાર કરતા ભારત સહિતના દેશો પર 'સેકન્ડરી ટૅરિફ' લાદવાની હિલચાલ શરૂ કરી છે અને જો તેનો અમલ થાય તો ભારત દ્વારા રશિયા ખાતેથી ઓઇલ (ખનિજ તેલ)ની કરાતી સીધી આયાતને માઠી અસર થશે અને અમેરિકા સાથેના ભારતના દ્વિપક્ષી વેપારમાં 'ગૂંચવણ' (મુશ્કેલી) ઊભી થશે.

રશિયા સાથે વેપાર કરતા દેશો પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની ચીમકીને પગલે નવી દિલ્હી અને એશિયા તેમ જ દક્ષિણ અમેરિકાના દેશો માટે 'ખતરાની ઘંટી' વાગી છે. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે રશિયા જો પચાસ દિવસમાં યુક્રેન પરના હુમલા બંધ નહિ કરે તો રશિયા પાસેથી ઓઇલ, ગૅસ, શસ્ત્રો કે કૃષિ ઉત્પાદનો ખરીદતા દેશો સામે વેપારના સંબંધમાં આકરાં પગલાં લેવાશે.

રશિયાનો હાલમાં ભારત, ચીન, બ્રાઝિલ, તુર્કી, વિયેતનામ અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) જેવા દેશો સાથે સીધો દ્વિપક્ષી વેપાર ચાલુ છે. અમેરિકા આ વેપાર બંધ કરાવીને રશિયાને આર્થિક સંકટમાં મૂકવા માગે છે.■

## કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપો: રાહુલ ગાંધીની માગણી

નવી દિલ્હી: સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઇના રોજથી શરૂ થઇ રહ્યું છે. આ પૂર્વે જ કોંગ્રેસે જમ્મુ કાશ્મીર મુદ્દે મોદી સરકારને ઘેરવાની તૈયારીઓ શરૂ કરી છે. જેમાં કોંગ્રેસના સાંસદ અને લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સંસદના ચોમાસુ સત્રમાં જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજયનો દરજ્જો આપવા બિલ લાવવાની માગ કરી છે. તેમજ સરકાર કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખને બંધારણની છઠ્ઠી અનુસૂચિ અંતર્ગત સામેલ કરવા માટે પણ વિધેયક લાવવાની માગ કરી છે.

રાહુલ ગાંધીએ પત્રમાં લખ્યું છે કે, જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજયનો દરજ્જો આપવાની માગ સંપૂર્ણપણે બંધારણીય અને યોગ્ય છે અને તે લોકતાંત્રિક અધિકારો પર આધાર રાખે છે. તેમણે આગળ લખ્યું છે કે, છેલ્લા પાંચ વર્ષમાં જમ્મુ કાશ્મીરના લોકોએ પૂર્ણ રાજ્યના દરજ્જાને પુનઃ સ્થાપિત કરવાની માગ કરી છે. આ ઉપરાંત ભૂતકાળમાં એવાં અનેક ઉદાહરણો છે જેમાં કેન્દ્ર શાસિત પ્રદેશોને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે. ■

## ટૂંક સમયમાં ભારત સાથે વેપાર કરાર કરવાનો ટ્રમ્પનો સંકેત

વોશિંગ્ટન: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ભારત સાથે ટૂંક સમયમાં દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાના સંકેત આપ્યા છે. જ્યારે અમેરિકા કેટલાક દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની યોજના ઘડી રહ્યું છે ત્યારે આ કરાર પહેલી ઓગસ્ટ પહેલા થઇ શકે છે એમ ટ્રમ્પે જણાવ્યું હતું. ટ્રમ્પની આ ટિપ્પણી તાજેતરમાં ઇન્ડોનેશિયા સાથેના વેપાર કરારની સફળતાના સંદર્ભમાં આવી છે. જે અંતર્ગત અમેરિકાએ અગાઉ જાહેર કરેલી ૩૨ ટકા ડ્યુટી ઘટાડીને ૧૯ ટકા કરી દીધી છે. આ અંગે ટ્રમ્પે કહ્યું કે ભારત સાથે પણ કંઇક એવું જ થશે જેવું ઇન્ડોનેશિયા સાથે થયું છે.

પહેલી ઓગસ્ટની સમયમર્યાદા પહેલા કેટલા વેપાર કરાર કરવાની અપેક્ષા છે તે અંગે ટ્રમ્પે જણાવ્યું કે અમે એક શાનદાર કરાર કર્યો છે. તેમણે(ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ) સમગ્ર દેશને અમેરિકા સાથે વેપાર માટે ખોલી દીધો છે. અમને અંદર જઇને વેપાર કરવાની મંજૂરી નહોતી. મને લાગે છે કે ભારત સાથે પણ કંઇક આવું થશે અને અમારી પાસે કેટલાક અન્ય દેશો પણ છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ ટ્રમ્પે ભારત સાથે વેપાર કરારની સૌથી વધુ સંભાવના વ્યક્ત કરતાં જણાવ્યું કે તેઓ આ પત્રોથી ખૂબ જ ખુશ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ કેટલાક વેપારી ભાગીદારોને મોકલવામાં આવેલા એ પત્રોનો ઉલ્લેખ કરી રહ્યા હતા જેમાં આયાત ડ્યુટીના દર નક્કી કરવામાં આવ્યા હતા.

અમેરિકાએ ગયા સપ્તાહે જાપાન, દક્ષિણ કોરિયા, મ્યાનમાર અને બાંગ્લાદેશ સહિત ૧૪ દેશોના આ પત્રો મોકલ્યા હતા. આ રીતે ટ્રમ્પે ખાતરી આપી કે અમેરિકા ભારત સાથે એક વેપાર કરાર કરવાની નજીક છે. ટ્રમ્પે જણાવ્યું કે અમે યુનાઇટેડ કિંગડમ સાથે સોદો કર્યો છે, અમે ચીન સાથે સોદો કર્યો છે, અમે ભારત સાથે સોદો કરવાની નજીક છીએ. ■

## ફૌજા સિંહને ટક્કર મારનાર કારનો કૅનેડિયન એનઆરઆઈ પકડાયો

જલંધર: સોમવારે પંજાબમાં બનેલા એક હિટ એન્ડ રન બનાવમાં વિશ્વના સૌથી વૃદ્ધ મેરથન રનર ફૌજા સિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતાં, ત્યાર બાદ જલંધરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. 'ટર્બન્ડ ટોર્નેડો' તરીકે જાણીતા ફૌજા સિંહ ૧૧૪ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને મૃત્યુ પામ્યા, લોકો તેમને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. ત્યારે જલંધર પોલીસે કાર વડે ફૌજા સિંહને ટક્કર મારનાર શખસની ધરપકડ કરી છે.

એક અહેવાલમાં આપવામાં આવેલી માહિતી મુજબ આરોપીની ઓળખ ૩૦ વર્ષીય એનઆરઆઈ અમૃતપાલ સિંહ તરીકે થઈ છે, જે કરતારપુરના મૂળ દાસુપુર ગામનો છે અને હાલ પરિવાર સાથે કેનેડામાં રહે છે. તે એક અઠવાડિયા પહેલા વતન આવ્યો હતો. ગઈ કાલે ધરપકડ બાદ પોલીસ આરોપીને આજે કોર્ટમાં રજૂ કરશે. પોલીસે આરોપીની ટોયાટા ફોર્ચ્યુનર કાર પણ જપ્ત કરી છે. પૂછપરછ દરમિયાન અમૃતપાલે પોતાનો ગુનો કબૂલી લીધો છે. ■

## દેશની અનોખી સિદ્ધિ: અક્ષયઊર્જાનો લક્ષ્યાંક પાંચ વર્ષ વહેલો પ્રાપ્ત કર્યો

નવી દિલ્હી: ભારતે સ્વચ્છ ઊર્જાના ઉત્પાદનમાં અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પેરિસ કરાર હેઠળ ભારતે ૨૦૩૦ માટે નક્કી કરાયેલા અક્ષયઊર્જાના લક્ષ્યાંકના પાંચ વર્ષ પહેલાં એટલે કે ૨૦૨૫માં જ સૌર, પવન, જળ અને અણુ જેવા નૉન-ફૉસિલ ફ્યુઅલ સોર્સીસમાંથી પચાસ ટકા વીજળીના ઉત્પાદનનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. સત્તાવાર આંકડા મુજબ દેશમાં ૪૮૪.૮ ગીગાવૉટ વીજળીનું ઉત્પાદન કરાય છે અને તેમાંથી ૨૩૪ ગીગાવૉટથી વધુ એટલે કે અંદાજે પચાસ ટકા વીજળી નૉન-ફૉસિલ ફ્યુઅલ સોર્સીસમાંથી તૈયાર કરાય છે. કેન્દ્રના અક્ષયઊર્જા વિભાગના પ્રધાન પ્રહ્લાદ જોશીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે ભારતે વીજળીના કુલ ઉત્પાદનમાંથી પચાસ ટકા નૉન-ફૉસિલ ફ્યુઅલ સોર્સીસમાંથી તૈયાર કરવાના ૨૦૩૦ સુધીના લક્ષ્યાંકને પાંચ વર્ષ પહેલાં જ પ્રાપ્ત કર્યો છે અને આ સિદ્ધિ બદલ સમગ્ર દેશને ગૌરવ થવું જોઇએ. માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ ભારતે 'ગ્રીન ટ્રાન્ફૉર્મેશન' ચાલુ રાખ્યું છે અને દેશમાં તૈયાર થતી કુલ વીજળીમાંની પચાસ ટકા અક્ષયઊર્જા છે. ભારત આ ક્ષેત્રે સંપૂર્ણ સ્વાવલંબી છે. (એજન્સી)■

## ભાજપ બંગાળીઓને હેરાન કરશે, તો પરિણામ ભોગવવા પડશે: મમતા



**વિરોધ પ્રદર્શન:** ભાજપશાસિત રાજ્યોમાં બંગાળી ભાષીઓની કરવામાં આવી રહેલી કથિત હેરાનગતિના વિરોધમાં કોલકાતામાં બુધવારે કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનમાં પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન અને ટીએમસીનાં વડાં મમતા બેનરજી, પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી અભિષેક બેનરજી સહિત અન્યોએ ભાગ લીધો હતો. (એજન્સી)

કોલકાતા: પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ બુધવારે ચેતવણી આપી હતી કે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર જો દેશભરમાંના બંગાળી ભાષી લોકોને હેરાન કરવાનું ચાલુ રાખશે, તો તેણે ગંભીર રાજકીય પરિણામ ભોગવવા પડશે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે બંગાળી ભાષા બોલતા લોકોને હેરાન કરવાનું તાત્કાલિક બંધ કરી દેવું જોઇએ. કેન્દ્ર સરકાર વિવિધ રાજ્યમાં રાજકીય હેતુ પાર પાડવા માટે ચૂંટણી પંચની સહાય લેવા પ્રયાસ કરી રહી છે.

મમતા બેનરજીએ ભાજપ દ્વારા શાસિત રાજ્યોમાં બંગાળી બોલતા લોકોની હેરાનગતિના વિરોધમાં વરસાદથી તરબોળ કોલકાતામાં 'વિરોધ રેલી' યોજી હતી. તૃણમૂલ કૉંગ્રેસનાં વડાંએ યોજેલી રેલી મધ્ય કોલકાતાના ડોરિના ક્રોસિંગ ખાતે પૂરી થઇ હતી. મમતા બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ દ્વારા શાસિત રાજ્યોમાં બંગાળી બોલતા લોકોને થોડી શંકાને આધારે પણ પકડીને હેરાન કરાય છે. કેન્દ્ર અને ભાજપની બંગાળીઓ-વિરોધી નીતિ જોઇને મને શરમ આવે છે. (એજન્સી)■

## ધર્માંતરણ કાયદાને પડકાર: સરકાર પાસે જવાબ માગ્યો સુપ્રીમે

નવી દિલ્હી: ધર્માંતર સુધારા કાયદા ૨૦૨૪ની ચોક્કસ જોગવાઈઓને પડકારતી અરજીને મામલે ઉત્તર પ્રદેશ સરકાર જવાબ આપે, એમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું. ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે આ મામલે જવાબ આપવાનું જણાવતી નોટિસ ઉત્તર પ્રદેશ સરકારને પાઠવી હતી. આ જ મુદ્દો ઉપાડતી અન્ય અરજીઓ સાથે ખંડપીઠે આ અરજીને પણ જોડી દીધી હતી. અકાદમીનાં સભ્ય રૂપરેખા વર્મા અને અન્યો દ્વારા કરવામાં આવેલી ધર્માંતર સુધારા કાયદા ૨૦૨૪ની ચોક્કસ જોગવાઈઓને પડકારતી અરજીની ખંડપીઠ સુનાવણી કરી રહી હતી. વર્ષ ૨૦૨૪ના સુધારિત ઉત્તર પ્રદેશ પ્રોહિબિશન ઑફ અનલૉફૂલ કન્વર્ઝન ઑફ રિલિજન ઍક્ટની ચોક્કસ જોગવાઈઓને અરજકર્તાઓએ અસ્પષ્ટ અને વધારેપડતી વ્યાપક લેખાવી હતી. રાજ્ય સરકારના વકીલે કહ્યું હતું કે આ જ પ્રકારની અરજીઓ ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાના વડપણ હેઠળની ખંડપીઠ સમક્ષ પણ અનિર્ણિત પડેલી છે. અરજકર્તાના વકીલે કહ્યું હતું કે આ અરજી માત્ર ધર્માંતર સુધારા કાયદા ૨૦૨૪ની ચોક્કસ જોગવાઈઓને જ પડકારે છે. (એજન્સી)■

## ખોટી રીતે જેલમાં રાખ્યા બાદ નિર્દોષ છૂટેલાને વળતર આપવા સરકાર કાયદો ઘડે: સુપ્રીમ

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે લાંબા સમયથી જેલમા બંધ કેદીઓને લઈને એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રીમો કોર્ટે કહ્યું છે કે જો કોઈ કેદીને લાંબા સમય સુધી ખોટી રીતે જેલમાં રાખવામાં આવે છે, તો તેઓને વળતર આપવા માટે એક કાયદો બનાવવાની જરૂર છે. આ મુદ્દા પર નિર્ણય લેવાની સત્તા સંસદની છે એમ પણ કોર્ટે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી લાંબા સમયથી ખોટી રીતે કેદ કરવામાં આવેલા મૃત્યુદંડની સજા પામેલા દોષીને નિર્દોષ મુક્ત કરતા આપી હતી. જસ્ટીસ વિક્રમનાથ, જસ્ટીસ સંજય કરોલ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે અમેરિકા કરતા એકદમ અલગ ભારતમાં ખોટી રીતે કેદ કરવામાં આવેલા લોકોને વળતર અંગે કોઈ કાયદો જ નથી. ■

## અકબર ક્રૂર, બાબર નિર્દયી: ઈતિહાસમાં હવે આ ભણાવાશે

### એનસીઈઆરટીના પાઠ્યપુસ્તકોમાં મોટા ફેરફાર

નવી દિલ્હી: એનસીઈઆરટીએ ધોરણ આઠના સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં ઘણા મોટા ફેરફારો કર્યા છે. હાલની માહિતી અનુસાર, એનસીઈઆરટી એ નવા પ્રકરણમાં બાબરને નિર્દયી વિજેતા ગણાવ્યો હતો. અકબર અને ઔરંગઝેબના પ્રકરણોમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. એનસીઈઆરટીના નવા પુસ્તકો બજારમાં આવી ગયા છે. એનસીઈઆરટીની ધોરણ આઠના નવા પુસ્તકમાં મોગલ સમ્રાટોના શાસનકાળનું વર્ણન કરતા કહ્યું હતું કે અકબરનું શાસન ''ક્રૂરતા'' અને ''સહિષ્ણુતા''નું મિશ્રણ હતું, બાબર એક ''નિર્દયી વિજેતા'' હતો જ્યારે ઔરંગઝેબ એક ''લશ્કરી શાસક'' હતો જેણે બિન-મુસ્લિમો પર ફરીથી કર લાદ્યો હતો. આ અઠવાડિયે પ્રકાશિત થયેલા પુસ્તક 'એક્સપ્લોરિંગ સોસાયટી: ઇન્ડિયન એન્ડ બિયોન્ડ' એનસીઈઆરટીના નવા પાઠ્યક્રમની પ્રથમ પુસ્તક જે વિદ્યાર્થીઓને દિલ્હી સલ્તનત, મુગલો, મરાઠાઓ અને વસાહતી યુગનો પરિચય કરાવે છે.

જ્યારે અગાઉના સંસ્કરણોમાં તેમાંથી કેટલાક વિષયોમાં ધોરણ-૭માં સામેલ કરવામાં આવ્યા હતા. એનસીઈઆરટીનું કહેવું છે કે હવે સમયરેખા હવે સંપૂર્ણપણે ધોરણ-૮માં ખસેડવામાં આવી છે જે સ્કૂલના અભ્યાસ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા (એનસી-એફએસઈ) ૨૦૨૩ની ભલામણોને અનુરૂપ છે.

પુસ્તકની શરૂઆતમાં ઈતિહાસના કેટલાક અંધકારમય કાલખંડો પર ટિપ્પણી ટાઇટલ સાથે એક ખંડ છે. જ્યાં એનસીઈઆરટી સંવેદનશીલ અને હિંસક ઘટનાઓ, મુખ્યત્વે યુદ્ધ અને રક્તપાતને સામેલ કરવા માટે સંદર્ભ આપે છે. ■

## આસામના સીએમ પોતાને રાજા સમજે છે: રાહુલ

ગુવાહાટી: કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે દાવો કર્યો હતો કે આસામના મુખ્યપ્રધાન હિમંત બિસ્વા સરમા પોતાને 'રાજા' સમજે છે, પરંતુ લોકો તેમને ભ્રષ્ટાચાર બદલ જેલમાં નાખશે. રાહુલ ગાંધીએ આસામના ચાયગાંવમાં પાર્ટીની એક બેઠકને સંબોધતા કહ્યું હતું કે સરમા અને તેમના પરિવારને ભ્રષ્ટાચાર માટે જવાબદાર ઠેરવવામાં આવશે. લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું હતું કે ''તમારા મુખ્યપ્રધાનમાં ડર સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. તેઓ જાણે છે કે કોંગ્રેસના નીડર કાર્યકરો તેમને જેલમાં નાખશે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યમનમાં નિમિષા બચી જાય તો મોટો ચમત્કાર ગણાય

**યમનની** જેલમાં ૨૦૧૮થી સબડી રહેલી ભારતીય નર્સ નિમિષા પ્રિયાને ૧૬ જુલાઈ ને બુધવારે ફાંસી થવાની હતી પણ નિમિષાનાં નસીબ જોર કરતાં હશે એટલે ફરી એક વાર ફાંસીની સજા મુલતવી રહી છે. નિમિષાને મળેલી રાહત કામચલાઉ છે પણ તેના કારણે નિમિષા બચી જાય એવી આછીપાતળી આશા પાછી જાગી છે એ કબૂલવું પડે. ૩૪ વર્ષની નિમિષાને તેના બિઝનેસ પાર્ટનર તલાલ આબ્દો મહદીની હત્યાના કેસમાં ૨૦૨૦માં ફાંસીની સજા થઈ છે.

નિમિષાએ સજા સામે યમનની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરેલી પણ કોર્ટે ફાંસીની સજા સામેની અપીલ ફગાવી દેતાં નિમિષા પાસે બચવા માટે 'દિયાહ (બ્લડ મની)' આપીને મૃતકના પરિવાર સાથે સોદાબાજી કરવાનો છેલ્લો વિકલ્પ બચ્યો છે. યમનમાં અમલી મુસ્લિમ કાયદા એટલે કે શરિયા પ્રમાણે નિમિષાનો પરિવાર તલાલના પરિવારને 'બ્લડ મની' આપે તેના બદલામાં તલાલનો પરિવાર નિમિષાને માફી આપી દે તો નિમિષા છૂટી શકે.

સામાન્ય સંજોગોમાં કોઈ ભારતીય નાગરિક વિદેશમાં ફસાય કે મુશ્કેલીમાં મુકાય તો ભારત સરકાર તેને મદદ કરતી હોય છે. નિમિષાના કિસ્સામાં તકલીફ એ થઈ કે, ભારત અને યમન વચ્ચે રાજદ્વારી સંબંધો નથી તેથી ભારતના નાગરિકોને યમન જવાની મંજૂરી નથી. આ સંજોગોમાં 'બ્લડ મની' એકઠા કરાય તો પણ નિમિષા વતી મૃતક તલાલના પરિવાર સાથે કોણ ચર્ચા કરે એ સવાલ હતો. દિલ્હી હાઈ કોર્ટે માનવીય અભિગમ બતાવીને નિમિષાની મા પ્રેમા કુમારીને યમન જવા દેવા માટે નિયમોમાં છૂટ આપવા ભારત સરકારને આદેશ આપતાં પ્રેમા યમન ગઈ છે.

નિમિષાના પરિવારે 'બ્લડ મની' પેટે આપવા ૧૦ લાખ ડૉલર એટલે કે લગભગ ૮.૫ કરોડ રૂપિયા ભેગા કરી લીધા છે. 'બ્લડ મની' આપીને નિમિષાને બચાવવા નિમિષાની માતા તથા બીજાં સગાં વાટાઘાટો પણ કરી રહ્યાં છે પણ મહદીનો પરિવાર 'બ્લડ મની' લેવા તૈયાર નથી. તેમને નિમિષાને ફાંસીથી ઓછું કશું ખપતું નથી તેથી નિમિષાને ફાંસી થશે એ નક્કી લાગતું હતું ને બુધવારે તેનો ખેલ ખતમ થઈ જશે એ પણ નક્કી હતું ત્યાં અચાનક જ આવેલી રાહતે નિમિષાનો જીવ બચાવી શકાશે એવી આશા ઊભી કરી છે.

નિમિષાને રાહત કેમ મળી તેનાં કારણ નથી અપાયાં પણ મહદીનો પરિવાર કૂણો પડ્યો હોય અને નિમિષાને 'બ્લડ મની'ના બદલામાં માફી આપી દેવા તૈયાર થયો હોય એ શક્ય છે. એ માટેની કાનૂની પ્રક્રિયા પૂરી કરવામાં વાર લાગે તેથી સત્તાવાર રીતે જાહેરાત ના કરાઈ હોય એવું બને. આ એક અટકળ જ છે પણ આ અટકળ સાચી પડે એવી આશા રાખીએ કેમ કે સવાલ ભારતની એક દીકરીની જિંદગીનો છે.

નિમિષા બચી જશે તો મોટો ચમત્કાર ગણાશે કેમ કે અત્યાર સુધી કેસ જે રીતે ચાલ્યો છે એ જોતાં નિમિષાના બચવાની કોઈ આશા નહોતી. નિમિષાની સ્ટોરી કોઈ થ્રીલર નોવેલ જેવી છે. કેરળની નર્સ નિમિષા પ્રિયા ૨૦૦૮માં ૨૩ વર્ષની ઉંમરે યમન ગઈ પછી યમનની રાજધાની સાનામાં સરકારી હોસ્પિટલમાં નર્સ તરીકે જોડાઈ હતી. નિમિષાનો પરિવાર સાવ ગરીબ છે અને નિમિષાની માતા પ્રેમાએ લોકોનાં ઘરોમાં કામ કરીને દીકરીને ઉછેરી છે તેથી આ નોકરી આખા પરિવાર માટે આશીર્વાદરૂપ હતી.

ત્રણ વર્ષમાં નિમિષા નોકરીમાં સેટ થઈ ગઈ અને આર્થિક રીતે પગભર થઈ પછી ૨૦૧૧માં ભારત આવીને ઈલેક્ટ્રિશિયન ટોની થોમસ સાથે કેરળમાં લગ્ન કર્યાં અને પતિ સાથે યમન પાછી ગઈ. ટોનીએ યમનમાં કામ શરૂ કરતાં બંનેની જિંદગી ખુશહાલ હતી. ૨૦૧૨ના ડિસેમ્બરમાં નિમિષાએ દીકરીને જન્મ આપ્યો ત્યારે જિંદગીમાં બધું મળી ગયું હોય એવું લાગતું હતું.

યમન આતંકવાદી સંગઠનનો અડ્ડો છે તેથી આંતરિક વિગ્રહ ચાલ્યા જ કરે છે. ૨૦૧૨ પછી આંતરિક વિગ્રહ ઉગ્ર બનતાં અરાજકતા વધતાં ટોની બેકાર થઈ ગયો. ખાલી નિમિષાના પગારમાં ત્રણ વ્યક્તિનું પૂરું કરવું શક્ય નહોતું તેથી ટોની દીકરીને લઈને ભારત પાછો આવી ગયો. ટોની ભારતમાં રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન કરતો. બીજી તરફ યમનમાં સ્થિતિ બગડતી જતી હતી તેથી નિમિષાએ નોકરીના બદલે પોતાનું ક્લિનિક ખોલવાનું નક્કી કર્યું.

યમનના કાયદા પ્રમાણે સ્થાનિક નાગરિકની ભાગીદારી જરૂરી હતી તેથી નિમિષાએ તલાલને પકડ્યો. નિમિષા નોકરી કરતી એ હોસ્પિટલ પાસે તલાલની કપડાંની દુકાન હતી. નિમિષાના ક્લિનિકમાં તલાલની પત્નીએ સંતાનને જન્મ આપેલો તેથી પરિચય હતો તેથી નિમિષાએ મિત્રો અને પરિવાર પાસેથી ઉછીના લઈને ૫૦ લાખ ભેગા કરીને ૨૦૧૪માં તલાલ સાથે ભાગીદારીમાં ક્લિનિક શરૂ કર્યું.

બંને પરિવાર વચ્ચે ગાઢ સંબંધો હતા. ૨૦૧૫ના જાન્યુઆરીમાં દીકરીના બાપ્ટિઝમ માટે ભારત આવી ત્યારે તલાલ પણ તેની સાથે ભારત આવેલો. ૧૪ બેડનું અલ અમન મેડિકલ ક્લિનિક શરૂ કર્યા પછી નિમિષાએ દીકરી-પતિને લઈ જવા પેપરવર્ક શરૂ કરેલું પણ ૨૦૧૫ના માર્ચમાં આંતરિક યુદ્ધ વકરતાં વિચાર માંડી વાળવો પડેલો. ભારત સરકારે ૪૬૦૦ ભારતીય નાગરિકોને બહાર કાઢેલા પણ નિમિષા યમનમાં રહી ગયેલી.

નિમિષાનું ક્લિનિક ચાલવા માંડ્યું તેથી જંગી આવક થતી હતી. નિમિષાના પરિવારનો આક્ષેપ છે કે, તલાલની દાનત આ આવક હડપ કરવાની હતી તેથી તલાલે નિમિષાના કોચીના ઘરમાંથી તેના લગ્નનો ફોટો ચોરીને તેના પર પોતાનો ફોટો લગાવીને નિમિષાએ પોતાની સાથે લગ્ન કર્યાં હોવાનો દાવો કર્યો. તલાલ ક્લિનિકની બધી આવક લઈ જવા માંડતાં નિમિષાએ ફરિયાદ કરી. તલાલે બંદૂક દેખાડીને ધમકી આપી અને પાસપોર્ટ પણ પડાવી લીધેલો કે જેથી નિમિષા ભાગી ના જાય. તલાલે ફરિયાદ કરતાં નિમિષાને પોલીસે છ દિવસ માટે જેલમાં ધકેલી દીધી હતી.

તલાલ નિમિષા પર બીજા અત્યાચારો પણ ગુજારતો તેથી નિમિષાએ તલાલને ઉંઘની દવા આપીને પાસપોર્ટ લઈને ભાગી જવાનું નક્કી કરેલું પણ ઓવરડોઝના કારણે તલાલ ગુજરી જતાં લોચો થઈ ગયેલો. ડરેલી નિમિષા તલાલની લાશને પાણીની ટાંકીમાં નાખીને ફરાર થઈ ગયેલી. નિમિષા સાઉદી અરેબિયામાં ઘૂસવા જતાં સરહદે ઝડપાઈ ગયેલી ને યમનને સોંપાઈ પછી યમનની કોર્ટે નિમિષાને ફાંસીની સજા ફટકારી હતી.

નિમિષાનું હવે શું થશે એ ખબર નથી પણ નિમિષાના કેસે મુસ્લિમ દેશોમાં કામ કરતા ભારતીયોના શોષણનો મુદ્દા તરફ ફરી ધ્યાન આકર્ષિત કર્યું છે. કેરળ સહિતનાં રાજ્યોમાંથી હજારો ભારતીયો આરબ દેશોમાં નોકરી કરે છે. તેમાંથી મોટા ભાગનાનું આર્થિક, માનસિક, શારિરીક એમ તમામ પ્રકારે શોષણ થાય છે. આરબ દેશોની કફાલા પ્રથામાં નોકરીદાતા નોકરનો પાસપોર્ટ તથા બીજા દસ્તાવેજો પોતાની પાસે રાખે છે તેથી શોષણ કરવાનો પરવાનો મળે છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન કફાલાને ગુલામીની ગણાવીને નાબૂદ કરવા કહે છે પણ આરબ રાષ્ટ્રોને તેમાં રસ નથી. તેના કારણે નિમિષા જેવી હજારો દીકરીઓ શોષણનો ભોગ બનીને જીવે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ પ્રારંભ, ગુરુવાર, તા. ૧૭-૭-૨૦૨૫, કાલાષ્ટમી, પંચક સમાપ્તિ

- ભારતીય દિનાંક ૨૬, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૮ સુધી,(તા. ૧૮), પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૮ સુધી (તા. ૧૮), પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૬-૧૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૬ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૯-૫૬, રાત્રે ક. ૨૨-૫૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - સપ્તમી. શીતળા સપ્તમી (ઓરિસ્સા), કાલાષ્ટમી, કરિદીન, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૦૭, પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૮, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પૂષા દેવતાનું પૂજન, બુધ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવાં વસ્રો, આભૂષણ, પર્વ પૂજા નિમિત્તે, નિત્ય થતાં દુકાન-વેપાર, દસ્તાવેજ, નોકરી અંગેના કામકાજ, ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.

- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ ભાતૃસુખ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કામકાજમાં અપયશનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૧૮).
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# હાથો કી લકિર પે ન જા 'ગાલિબ', કિસ્મત ઉનકી ભી હોતી હૈ જીન કે હાથ નહીં હોતે!

**એક** જાણીતી કહેવત છે કે, 'દેનેવાલા જબ ભી દેતા પૂરા છપ્પર ફાડ કે દેતા...!'

- આ કલામ-વાક્યને સાર્થક કરતો ઈસ્લામી શાસન સમયનો એક પ્રસંગ આજના નયા દૌરમાં પણ જ્ઞાનમાં વૃદ્ધિ કરનાર બની રહેવા પામે છેઃ

- ખિલાફત-સત્તાસ્થાને નેક દિલ સિરાજુદૌલા બિરાજમાન હતા.

- બાદશાહ નગર ચર્યા માટે રોજ જે માર્ગ પરથી આવજા કરતા હતા, ત્યાં રસ્તામાં બે ફકીરો (ભિક્ષુકો) કિનારે બેસતા અને આ પ્રમાણેની સદા-પુકાર લગાવતાઃ

- એક ભિક્ષુક કહેતો 'જે આપશે તે મૌલા આપશે'

- જ્યારે બીજો ભિક્ષુક પુકાર લગાવતો કે, 'જે આપશે સિરાજુદૌલા આપશે...!

શહેનશાહ સિરાજુદૌલાએ પોતાના ખાસ સેવકોને હુકમ આપ્યો કે, બે મોટા તરબૂચ (કલિંગર) મંગાવો.

- જેમાં એક તરબૂચમાં કાપીને અંદર સોનાની અશરફી (સિક્કા)ઓ ભરી દો અને એ તરબૂચને એવી રીતે બંધ કરી દો કે કોઈને એની જાણ સુધ્ધાં થાય નહીં અને બીજા તરબૂચને જેમ છે તેમજ પ્રમાણે-આખેઆખું રહેવા દો.

- સેવકોએ બાદશાહ સિરાજુદૌલાના હુકમનું પાલન કર્યું.

* બીજા દિવસે શહેનશાહ પોતાના કાફલા સાથે તે રસ્તેથી પસાર થયો તો બંને ભિક્ષુકો રાબેતા મુજબ સદા લગાવી રહ્યા હતા. જે ફકીર એમ સદા લગાવી રહ્યો હતો, 'જે આપશે સિરાજુદૌલા આપશે.' બાદશાહે તેને અશરફીઓ ભરેલું તરબૂચ આપ્યું અને બીજું સાબુત તરબૂચ 'જે આપશે મૌલા આપશે'ની સદા લગાવનાર ફકીરને આપ્યું.

બાદશાહનો કાફલો ત્યાંથી રવાના થઈ ગયો.

બંને ફકીરો એકબીજા સાથે વાતો વળગ્યા. જેને સોનાની અશરફીઓ ભરેલ તરબૂચ આપ્યું હતું તે પોતાના સાથી ભિક્ષુકને કહેવા લાગ્યો, 'આટલો મોટો નામચીન બાદશાહ અને ખેરાત (દાને)માં ફક્ત એક તરબૂચ બસ?'

બીજા ફકીરે કહ્યું, 'ભાઈ! જે મળ્યું તેમાં અલ્લાહનો શુકર કર! ભાઈ એમ કર; એ તરબૂચ તમને ના જોઈતું હોય તો મને આપી દો. તમારો ઘણો ઉપકાર થશે. તેણે પણ કહ્યું કે મારું દિલ આમ પણ ખાટું પડી ગયું છે, આવડો મોટો બાદશાહ અને ખેતરમાં એક અશરફીનું તરબૂચ એમ કર ભાઈ! આ તરબૂચ તું લઈ લે.

બીજો ફકીર બંને તરબૂચ લઈને પોતાના રહેઠાણે ગયો. છરી લઈને તરબૂચ કાપવા બેઠો. એક તરબૂચ કાપતા તેમાંથી સોનાની અશરફીઓ નીકળી. ફકીરે બંને હાથ ઉઠાવી અલ્લાહતઆલાનો શુક્રિયા (આભાર પ્રદર્શિત) અદા કર્યો. કહેવા લાગ્યો- મેં મૌલા તઆલાથી માગ્યું, મૌલા તઆલાએ મને ગની (ચિંતામુક્તિ) કરી દીધો. હે અલ્લાહ! મારી પાસે શબ્દો નથી, ક્યા અલ્ફાઝ (શબ્દો)થી ત્યારે શુક્રિયા અદા કરું. હે અલ્લાહ! મારા તૂટેલા શબ્દો દ્વારા તારો શુક્રિયા અદા કરું છું. તું કબૂલ ફરમાવ.

કહેવાની જરૂર નથી કે હવે તેને ભીખ માગવાની જરૂરત ન રહી. કેમ કે તે માલદાર (શ્રીમંત) થઈ ગયો હતો.

બીજા દિવસે સિરાજુદૌલા પોતાના કાફલા સાથે પસાર થયો તો તેણે જોયું કે ફકીર તે જગ્યાએ હાજર હતો. તેણે સદા લગાવી, 'જે આપશે સિરાજુદૌલા આપશે.' બીજો ફકીર ત્યાં નહોતો. બાદશાહે તે ફકીરને કહ્યું, 'મેં તને સોનાની અશરફીઓ ભરેલું તરબૂચ આપ્યું હતું. હવે ભિક્ષા કેમ માગે છે?'

ફકીરે કહ્યું, બાદશાહ સલામત! તે તરબૂચ તો મેં મારા સાથી ફકીરને આપી દીધું.

બાદશાહ સલામતે કહ્યું, એ ફકીર અલ્લાહ તઆલાથી માગતો હતો, રબતઆલાએ તેને માલદાર (શ્રીમંત) બનાવી દીધો.

**દરિયાના મોતીઃ**

માગો તો ફક્ત રબતઆલાથી જ. તે કોઈ પણ સ્વરૂપે આવી હાજતમંદની ઈચ્છા પુરી કરે છે. બહાનું ભલે કોઈ પણ હોય, આપનારો અલ્લાહ છે.

**સનાતન સત્યઃ**

* અલ્લાહ પર ભરોસો અર્થાત્ વિશ્વાસ કરે છે અને અલ્લાહ પર તવક્કુલ (શ્રદ્ધાપૂર્વક ભરોસો) રાખે છે તે કામિયાબ થાય છે.

**પથ્થર કી લકિરઃ**

આપણી ઈચ્છાઓથી વધારે ખૂબસૂરત અલ્લાહતઆલાની યોજના હોય છે.

- હઝરત અલી સાહેબ કહે છે કે

* ઈન્સાનના દિલમાં લોકોની જરૂરત અને લોકોથી બેપરવાહીના એમ બંને અવસ્થામાં બંધ બેસે એવા ગુણ હોવા જોઈએ.

* જરૂરતનો દેખાવ નરમાશ અને મિઠાશભર્યું હોવું જોઈએ અને તે ત્યાં સુધી કે લોકો એ સમજે કે તમને તેઓની જરૂર છે.

* તમારી લોકો પ્રત્યેની બેપરવાહીનું દર્શન પોતાની ઈચ્છિત ઈજ્જત-આબરૂની હિફાઝત (રક્ષણ) અને સ્વમાન સાચવણીની જાળવણી કાજે હોવું આવશ્યક છે.

* જે વ્યક્તિ પોતાના જીવનની જરૂરતો પર સંતોષ કેળવે અર્થાત્ કાપ મૂકે તો તેના માટે થોડી જેટલી દુનિયા પણ પૂરતી રહેશે અને જે પોતાની જરૂરતો પર સંતોષ નહીં કરે તો દુનિયાની કોઈ પણ વસ્તુ તેને માટે પૂરતી નહીં બને.

- એક શખસે ઈમામ જાફરે સાદિક (રદિ. અન્હોની) મજલીસ (ધાર્મિક વ્યાખ્યાન)માં ઉપસ્થિત થઈ પોતાની લાલચની શિકાય કરી, અરજ વ્યક્ત કરી કે, 'યા મૌલા! મારી સ્થિતિ એ છે કે હું રોજી શોધું છું તો આજીવિકા (રોજગાર) તો મળી જાય છે પણ સંતોષ થતો નથી અને મન એનાથી પણ વધુ માગણી કરતું રહે છે. આપ હઝરત મને માર્ગદર્શન આપો કે જેથી મારામાં સંતોષની લાગણી જન્મે.'

ઈમામે કહ્યું કે, જે જરૂરત મુજબ રોજી મળવાથી તારો નિર્વાહ થઈ શકતો હોય તો તેનાથી ઓછી રોજીમાં પણ તારો ગુજારો થઈ શકે છે અને જો જરૂરત પ્રમાણે રોજી મળવાથી તારો નિર્વાહ થતો નથી તો દુનિયાની સંપૂર્ણ રોજી હાંસલ કર્યા પછી પણ તારો ગુજારો નહીં થાય.

'જો કોઈ શખસ એમ ઈચ્છતો હોય કે તે અલ્લાહથી જે પણ ચીજ-વસ્તુની માગણી કરે, અલ્લાહ તેને પૂરી કરી દે, તો પોતાને લોકોથી નિરાશ કરી દે. બંદો અલ્લાહ સિવાય કોઈથી પણ પોતાની ઉમ્મીદ (આશા-અપેક્ષા) ન જોડે. જો ખુદાએ બંદાના દિલની સચ્ચાઈ જાણી લીધી તો તે અલ્લાહથી જે માગશે અલ્લાહ તે તેને પ્રદાન કરશે.' આપે ફરમામાવ્યું કે, 'લોકોથી પોતાની જરૂરતોની માગણી કરવી સ્વમાનનું ખંડન થવાનું કારણ અને શરમ સાથે તબાહ (બરબાદ) થઈ જવાનું કારણ છે અને તેના થતા લાલચ દરવખતની ગરીબી છે.'

બોધઃ લોકોના માલથી ઉમ્મીદ (આશા-અપેક્ષા) રાખવી જોઈએ નહીં અને આ બાબત જાન અને માલની સખાવતથી પણ વધારે બહેતર (શ્રેષ્ઠ) વાત લેખાશે. ઉપરાંત તંગદસ્તી (જરૂરત કરતા પણ ઓછું મળવું) પાકિઝા (પવિત્રતા)ની સાથે અલ્લાહ પર એતબાર (વિશ્વાસ, ભરોસો) બંદાની શ્રેષ્ઠ નિશાની છે.

સત્યઃ ઈસ્લામના અંતિમ પયગંબર હઝરત મહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ્ (સ.અ.વ.) ફરમાવે છે કે, 'તમે એવા આલિમે દિન (ધર્મ અંગેનું ઉચ્ચ જ્ઞાન ધરાવતા હોય તેને 'આલિમે દિન કહે છે)થી નજીક રહો જેથી તમને તે બાબત પાંચ ચીજોથી દૂર રાખશે અને પાંચ ચીજોને તમારાથી નજીક લાવશે. આ પાંચ ચીજોની સૂચિ અનુક્રમે આ મુજબ છેઃ

૧- શંકા-કુશંકાઓને દૂર કરી બંદાને યકિન (શ્રદ્ધા, વિશ્વાસ, ભરોસો) સુધી લઈ જાય.૦

૨- ઘમંડ, અભિમાનથી દૂર કરીને નમ્રતા, નિખાલસતા અને સભ્યતાની નજીક લાવશે.

૩- રિયાકારી એટલે કે આડંબર, દંભ, અભિમાનથી દૂર રાખી ખુલુસ એટલે કે શુભનિષ્ઠા તરફ બોલાવશે.

૪- બુગ્ઝ એટલે કે લોકોથી વેર, શત્રુતા અને દ્વેષ રાખવાથી દૂર રાખશે, રોકશે તથા અલ્લાહતઆલા (ઈશ્વર)ની ખયરખ્વાહી (ભલાઈ) તરફ પ્રેરશે અને

૫- દુનિયાની એકતરફી મહોબ્બતથી રોકશે અને સમર્પણ, સદાચાર, સત્યતા પરહેઝગારી (સંયમ) તરફ લઈ જશે.

**સાપ્તાહિક સંદેશઃ**

બાદશાહનો અર્થ રાજા, શાસનકર્તા, સત્તાધીશ થાય છે અને તે આદિલ અર્થાત્ ન્યાયી હોય કે ઝાલિમ-અત્યાચારી! તેના દિલમાં પણ જગતકર્તા અલ્લાહે રોશની પેદા કરી છે. - અલ-હદીસ ■

# ફૌજા સિંહને ટક્કર મારનાર કૅનેડિયન એનઆરઆઈ પકડાયો

જલંધરઃ સોમવારે પંજાબમાં બનેલા એક હિટ એન્ડ રન બનાવમાં વિશ્વના સૌથી વૃદ્ધ મેરથન રનર ફૌજા સિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતાં, ત્યાર બાદ જલંધરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. 'ટર્બન્ડ ટોર્નેડો' તરીકે જાણીતા ફૌજા સિંહ ૧૧૪ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને મૃત્યુ પામ્યા, લોકો તેમને શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. ત્યારે જલંધર પોલીસે કાર વડે ફૌજા સિંહને ટક્કર મારનાર શખસની ધરપકડ કરી છે.

એક અહેવાલમાં આપવામાં આવેલી માહિતી મુજબ આરોપીની ઓળખ ૩૦ વર્ષીય એનઆરઆઈ અમૃતપાલ સિંહ તરીકે થઈ છે, જે કરતારપુરના મૂળ દાસુપુર ગામનો છે અને હાલ પરિવાર સાથે કેનેડામાં રહે છે. તે એક અઠવાડિયા પહેલા વતન આવ્યો હતો. ગઈ કાલે ધરપકડ બાદ પોલીસ આરોપીને આજે કોર્ટમાં રજૂ કરશે. પોલીસે આરોપીની ટોયાટા ફોર્ચ્યુનર કાર પણ જપ્ત કરી છે. પૂછપરછ દરમિયાન અમૃતપાલે પોતાનો ગુનો કબૂલી લીધો છે.■

# ગ્રીન એનર્જીઃ એનટીપીસીની રોકાણ મર્યાદા વધારીને ₹ ૨૦,૦૦૦ કરોડ

નવી દિલ્હીઃ દેશમાં અક્ષત ઊર્જાની ક્ષમતા વધારવા સરકારે સરકાર સંચાલિત એનએલસીને તેની પેટા કંપની એનએલસી ઈન્ડિયા (એનએલસીઆઈ)માં રૂ. ૭,૦૦૦ કરોડનું રોકાણ કરવાની અને નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (એનટીપીસી)ને રોકાણની મર્યાદા રૂ. ૨૦,૦૦૦ કરવાની બુધવારે મંજૂરી આપી હતી. આ નિર્ણય એનએલસીઆઈને વર્ષ ૨૦૩૦ સુધીમાં તેની અક્ષત ઊર્જાની ક્ષમતામાં ૧૦.૧૧ ગીગાવૉટનો અને વર્ષ ૨૦૪૭ સુધીમાં આ ક્ષમતા વધારીને ૩૨ ગીગાવૉટ સુધી લઈ જવામાં સહાય કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની કેબિનેટ કમિટી ઑન ઈકોનોમિક અફેર્સ (સીસીઈએ)એ રોકાણની વર્તમાન માર્ગદર્શિકામાંથી એનએલસીઆઈને સ્પેશ્યલ એક્ઝમ્પશન આપવાની મંજૂરી આપી હતી. ભારતનું લક્ષ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં અક્ષત ઊર્જાની ક્ષમતા વધારીને ૫૦૦ ગીગાવૉટ સુધી લઈ જવાનું અને વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો એમિશનનું છે. (એજન્સી)■

# ઈઝરાયલનો સિરિયાના લશ્કરી વડા મથક પર હુમલો

દમાસ્કસ : ઈઝરાયલના લશ્કરે દમાસ્કસના સીરિયાના લશ્કર અને સંરક્ષણ મંત્રાલયના વડા મથક પર હુમલો કર્યો હતો, એવી માહિતી સરકારી ટેલિવિઝને આપી હતી. ઈઝરાયલે ડ્રુઝ કોમને લક્ષ્ય બનાવવા સામે અગાઉ જ ચેતવણી આપી હતી. અમેરિકાના વિદેશપ્રધાન માર્કો રુબિયોએ કહ્યું હતું કે અમે ઈઝરાયલના બુધવારના હવાઈ હુમલા અંગે ચિંતિત છીએ. સીરિયાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે આ હુમલામાં એક જણનું મરણ થયું હતું અને ઓછામાં ઓછા ૧૮ જણ ઘાયલ થયા હતા. સીરિયાની સરકારે મંગળવારે ડ્રુઝની બહુમતીવાળા સ્વૈડા શહેરમાં સંરક્ષણ દળોને તહેનાત કર્યા હતા. આ વિસ્તારમાં અગાઉ અંકુશ ધરાવતા ડ્રુઝ અને સીરિયાના લશ્કર વચ્ચે અથડામણ થઈ હતી. સાક્ષીઓના કહેવા મુજબ સીરિયા સરકારી દળો અને બેદૌઓઈએ ડ્રુઝ લડવૈયાઓ પર હુમલો કર્યો હતો. માર્કો રુબિયોના નિવેદન બાદ આવેલા અહેવાલો જણાવે છે કે દક્ષિણના શહેર સ્વૈડામાં લડાઈ બંધ કરાવવા નવી સમજૂતી સીરિયાની સરકાર અને ડ્રુઝના લડાયક જૂથ સાથે થઈ છે.

સરકારી ટીવીએ ગૃહખાતાના અધિકારીને ટાંકીને કહ્યું હતું કે શહેરમાં સિક્યોરિટી ચેકપોઈન્ટ ઊભા કરાયા છે અને શહેરને સીરિયા સાથે જોડવામાં આવ્યું છે. ■



**આફતઃ** પ્રયાગરાજમાં ચોમાસા દરમિયાન બુધવારે બે કાંઠે વહી રહેલી ગંગા નદીને કારણે ફસાયેલા લોકો. (એજન્સી)

# ખોટી રીતે જેલમાં રાખ્યા બાદ નિર્દોષ છૂટેલાને વળતર આપવા સરકાર કાયદો ઘડેઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે લાંબા સમયથી જેલમા બંધ કેદીઓને લઈને એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રીમો કોર્ટે કહ્યું છે કે જો કોઈ કેદીને લાંબા સમય સુધી ખોટી રીતે જેલમાં રાખવામાં આવે છે, તો તેઓને વળતર આપવા માટે એક કાયદો બનાવવાની જરૂર છે. આ મુદ્દા પર નિર્ણય લેવાની સત્તા સંસદની છે એમ પણ કોર્ટે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી લાંબા સમયથી ખોટી રીતે કેદ કરવામાં આવેલા મૃત્યુદંડની સજા પામેલા દોષીને નિર્દોષ મુક્ત કરતા આપી હતી. જસ્ટીસ વિક્રમનાથ, જસ્ટીસ સંજય કરોલ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે અમેરિકા કરતા એકદમ અલગ ભારતમાં ખોટી રીતે કેદ કરવામાં આવેલા લોકોને વળતર અંગે કોઈ કાયદો જ નથી. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતના ૨૬ સાંસદે

મળ્યા હતા. મળતી વિગતો મુજબ ગુજરાતના ૨૬ સાંસદોએ તેમને મળતા ફંડમાંથી માત્ર ૪.૨ ટકા જ બજેટ વાપર્યું છે. સાંસદો તેમને મળતા એમપીલેડ (મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કિમ) ફંડમાંથી ૯૫.૮ ટકા ફંડ વાપરી શક્યા નથી, ૧૪ મતક્ષેત્રોમાં સંસદસભ્યોએ ભલામણ કરેલાં કામોમાંથી એકપણ કામ પૂર્ણ થયું નથી. એક તરફ મતદારો તેમના ચૂંટાયેલા સ્થાનિક સાંસદ

સભ્ય પાસે વિકાસની અપેક્ષા અને આશા રાખી જુદાં જુદાં કામો કરવા અરજ કરતા હોય છે, ત્યારે હકીકત જોઈએ તો સાંસદો તેમને મળેલા ફંડના ૯૫.૮ ટકા ફંડ વાપરી શક્યા નથી. કુલ ફંડનું માત્ર ૪.૨ ટકા ફંડ જ વપરાયું છે.

ભરૂચ લોકસભા વિસ્તારમાં સૌથી વધુ એટલે કે ૧.૭૩ કરોડ રૂપિયા ખર્ચાયા છે, બીજા ક્રમે પાટણ સંસદીય ક્ષેત્રમાં ૧.૫૬ કરોડ ખર્ચાયા છે, જ્યારે ત્રીજા નંબરે સાબરકાંઠા સંસદીય મતક્ષેત્ર છે, જેમાં ૧.૦૮ કરોડનો ખર્ચ થયો છે. જો કે સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ૧૮મી લોકસભાને એક વર્ષ પૂરું થયું, પણ અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, બનાસકાંઠા, છોટાઉદેપુર, ગાંધીનગર, અને નવસારી સંસદીય મતક્ષેત્રમાં એમપીલેડમાંથી હજુ સુધી કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી.

# તહેવારો પહેલાં ખાદ્યતેલના ભાવમાં ભડકો: સિંગતેલના ડબાનો ભાવ ₹ ૨,૫૦૦ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ છે, પરંતુ આ ખુશીના માહોલમાં ગૃહિણીઓ અને સામાન્ય લોકો માટે મોંઘવારીનો નવો માર પડ્યો છે. બજારમાં ખાદ્યતેલના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, જેની સીધી અસર લોકોના ખિસ્સા પર પડી રહી છે. ખાસ કરીને સિંગતેલના ભાવમાં ૭૦થી ૧૦૦ રૂપિયાની તેજી નોંધાઈ છે, જ્યારે કપાસિયા તેલ અને પામોલીનના ભાવમાં પણ વધારો થયો છે. ગણેશ ઉત્સવ, જન્માષ્ટમી, શ્રાદ્ધપક્ષ અને નવરાત્રી અને દિવાળી જેવા તહેવારો નજીક આવતાં આ ભાવવધારો ગૃહિણીઓનું બજેટ ખોરવી રહ્યું છે. વેપારીઓના જણાવ્યા પ્રમાણે, સિંગતેલના ભાવમાં વધારો કોઈ આંતરરાષ્ટ્રીય કે સ્થાનિક મોટા કારણ વગર થયો નથી, પરંતુ મગફળી અને કપાસની ઓછી આવક આ વધારા માટે જવાબદાર છે. વરસાદી સિઝનને કારણે તેલીબિયાંના પાકોને નુકસાન થયું છે, જેના પરિણામે બજારમાં કાચા માલની આવક ઘટી છે. માગની સરખામણીએ પુરવઠો ઓછો હોવાથી ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. હાલમાં સિંગતેલનો ડબ્બો ૨,૪૭૫થી ૨,૫૦૦ રૂપિયાની આસપાસ છે, જે ગયા અઠવાડિયાની સરખામણીએ ૭૦ રૂપિયાથી વધુ ઊંચો છે. કપાસિયા તેલનો ડબ્બો ૨,૩૦૦થી ૨,૩૫૦ રૂપિયા અને પામઓઈલનો ડબ્બો ૨,૦૦૦થી ૨,૦૨૦ રૂપિયાની રેન્જમાં છે. છેલ્લા ૧૫ દિવસમાં સિંગતેલમાં ૭૦ રૂપિયા, કપાસિયા તેલમાં ૮૦થી ૧૦૦ રૂપિયા અને પામઓઈલમાં ૫૦થી ૬૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. વેપારીઓનું માનવું છે કે, આગામી દિવસોમાં આયાતી તેલોના ભાવમાં પણ વધારો થઈ શકે છે, જેની અસર દેશી તેલોના ભાવ પર પણ પડશે. સરકાર દ્વારા આયાતી તેલો પર ડ્યૂટી વધારવાની વિચારણા ચાલી રહી છે, જેના કારણે પામઓઈલ અને અન્ય આયાતી તેલોના ભાવમાં ઉછાળો આવી શકે છે. વેપારીઓના મતે, જો મગફળી અને કપાસની આવકમાં સુધારો નહીં થાય તો તહેવારોની સિઝનમાં ખાદ્યતેલના ભાવ હજુ વધુ વધવાની શક્યતા છે, આગામી તહેવારોમાં ગૃહિણીઓએ મોંઘવારીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. ■

# અરવલ્લીમાં પશુપાલકોનું આંદોલન યથાવત્: દૂધનાં કેન ઊંધાં વાળ્યાં, સાબર ડેરી વહીવટીતંત્રની નનામી કાઢી

અમદાવાદ: અરવલ્લી જિલ્લામાં પશુપાલકો દ્વારા દૂધ આંદોલન ત્રીજા દિવસે પણ યથાવત્ રહ્યું હતું. પોતાની માગણીઓ સંતોષાતી ન હોવાથી રોષે ભરાયેલા પશુપાલકોએ દૂધ ઢોળીને વિરોધ પ્રદર્શિત કર્યું હતું અને સાબર ડેરી વહીવટી તંત્રની નનામી કાઢી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ આંદોલનના ભાગરૂપે જિલ્લાની તમામ દૂધ મંડળીઓમાં દૂધ ભરાવવાનું બંધ કરી દેવામાં આવ્યું છે, જેના કારણે ડેરીના દૂધ સંગ્રહ અને વિતરણ પર ગંભીર અસર પડી રહી છે. સાબર ડેરીમાં દૂધના ભાવફેરના મુદ્દે અરવલ્લી જિલ્લામાં પશુપાલકોનું આંદોલન ત્રીજા દિવસે પણ ઉગ્ર બન્યું હતું. હિંમતનગર ડેરી ખાતે થયેલા વિરોધપ્રદર્શન દરમિયાન પશુપાલકો પર થયેલી પોલીસ ફરિયાદ અને પોલીસ સાથેના ઘર્ષણના વિરોધમાં પશુપાલકોએ પોતાની લડતને વધુ તેજ બનાવી છે.આ આંદોલનના ભાગરૂપે અરવલ્લી જિલ્લાની તમામ દૂધ મંડળીઓમાં પશુપાલકોએ દૂધ ભરાવવાનું બંધ રાખ્યું છે. ■

# ગુજરાતની નવરચિત ૯ મહાનગરપાલિકાઓ માટે સીમાંકન જાહેર, ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકની રચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નવરચિત ૯ મહાનગરપાલિકાઓ માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા સીમાંકનના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા. મનપાના આસપાસના વિસ્તારને ભેળવી સીમાંકન જાહેર કરાયું હતું. રાજ્યના નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, વાપી, મહેસાણા, આણંદ, ગાંધીધામ, મોરબી અને નડિયાદ સહિતનાં નવ શહેરોને હવે નગરપાલિકા તરીકે નહીં પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે નવી ઓળખ આપવામાં આવી છે. આ તમામ મહાપાલિકાઓમાં દરેક માટે ૧૩ વોર્ડ અને ૫૨ કોર્પોરેટરની બેઠકો નક્કી કરવામાં આવી છે. શહેરી વિકાસ વિભાગના જણાવ્યા અનુસાર, નવી રચાયેલી મનપાઓમાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે અને ૨૭ ટકા બેઠકો અન્ય પછાત જાતિ (ઓબીસી) ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી મહાનગરપાલિકા બનતા આ શહેરોની આજુબાજુનાં ગામડાઓ અને વધતા વિસ્તારને હવે શહેર હદમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે. પરિણામે, વિકાસ યોજનાઓ વધુ ગતિથી અમલમાં આવી શકશે અને શહેરી વસાહતો માટે વધુ સારી જનસેવાઓ ઉપલબ્ધ બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ નવી મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે આગામી એક વર્ષની અંદર ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. નવી રચાયેલી ૯ મનપા સહિત કુલ ૧૫ મનપાની ચૂંટણી યોજાશે. ચૂંટણી અગાઉ સીમાંકનના આદેશો જારી થતા રાજકીય રીતે પણ ગરમાવો જોવા મળી શકે છે. આગામી સમયમાં રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રક્રિયા શરૂ કરાશે. આગામી દિવસોમાં વોર્ડની હદ અને કયા વોર્ડમાં કેટલી બેઠક અનામત રહેશે. તેનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. ■

# ઍર ઈન્ડિયાની અમદાવાદ-લંડન ગેટવિકની ફ્લાઈટ પહેલી ઑગસ્ટથી બંધ, અમદાવાદ-લંડન હીથ્રો વચ્ચે ફ્લાઈટ શરૂ

અમદાવાદ: શહેરમાં ૧૨ જૂને અમદાવાદ-લંડન ગેટવિક તરફ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ ૧૭૧ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં કુલ ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા અને ફક્ત એક જ મુસાફર બચી ગયો હતો. જો કે હવે એર ઈન્ડિયાએ આ કરુણાંતિકા બાદ મોટો ફેરફાર કર્યો છે. એર ઈન્ડિયાએ અમદાવાદ-લંડન ગેટવિકની ફ્લાઈટ્સને બંધ કરવાનો નિર્ણય લઈને હવે ૧ ઓગસ્ટથી અમદાવાદ-લંડન હીથ્રો વચ્ચે ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. આ ફ્લાઈટ અઠવાડિયામાં ત્રણવાર ઉડાન ભરશે. તદુપરાંત આ ફેરફારથી અસરગ્રસ્ત મુસાફરોનો સીધો સંપર્ક કરી તેમની પસંદગી મુજબ વૈકલ્પિક ફ્લાઇટ્સ પર ફરીથી બુકિંગ કરાવવાનો અથવા તો સંપૂર્ણ રિફંડ મેળવવાનો વિકલ્પ આપવામાં આવશે.

એર ઈન્ડિયાએ મંગળવારે પોતાની વેબસાઈટ પર પ્રેસનોટમાં જાહેરાત કરી હતી કે, ૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એર ઈન્ડિયા અમદાવાદ અને લંડન હીથ્રો વચ્ચે અઠવાડિયામાં ત્રણ વખત ફ્લાઈટ્સ ચલાવશે. અગાઉ આ ફ્લાઈટ સેવા અમદાવાદથી લંડન ગેટવિક વચ્ચે અઠવાડિયાના ૫ દિવસ આપવામાં આવતી હતી, જેમાં આ ફેરફાર કરાયા છે.

આ ફેરફારો ફ્લાઈટનું ફરીથી સંચાલન કરવા માટે આંશિક રીતે કરાયા છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે જુલાઈની સરખામણીમાં ૧ ઓગસ્ટથી કેટલીક ફ્રિક્વન્સીઝ ફરીથી શરૂ થશે અને ૧ ઓક્ટોબર, ૨૦૨૫થી તમામ ફ્લાઈટ્સનું સંપૂર્ણપણે આયોજન કરવામાં આવશે. ■

# ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને ખાડાઓ માટે જવાબદાર કોન્ટ્રેક્ટરો સામે સરકારની કડક કાર્યવાહી

અમદાવાદ: રાજ્યની મહાનગરપાલિકાઓમાં વરસાદને કારણે રસ્તાઓ પર પડેલા ખાડાઓને કારણે પ્રજાજનોને પડતી હાલાકીને ગંભીરતાપૂર્વક ધ્યાને લેતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્ય સરકાર દ્વારા જવાબદાર રોડ કોન્ટ્રાક્ટરો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આ આદેશથી રોડ કોન્ટ્રાક્ટરો દ્વારા નિર્મિત અથવા જાળવણી હેઠળના રોડ-રસ્તાઓમાં ખાડા પડ્યા હશે તેવા, કોન્ટ્રાક્ટરોને તાત્કાલિક અસરથી અને નિર્ધારિત સમયમર્યાદામાં સમારકામ પૂર્ણ કરવા માટે નોટિસ ફટકારવામાં આવી રહી છે. આ ઉપરાંત કેટલાક કોન્ટ્રાક્ટરોને દંડ પણ કરવામાં આવ્યા છે. જેમ કે સુરતમાં ડિફેક્ટ લાયાબિલિટી પીરિયડ (ડીએલપી) હેઠળના કેટલાક મહત્વપૂર્ણ રસ્તાઓ બિસ્માર બનતા સુરત મહાનગરપાલિકા દ્વારા સુનીલ દોમડીયા, કે. કે. બી. પ્રોજેક્ટ્સ પ્રા.લી., એસ. ઝેડ. પટેલ, એ. કે. પટેલ, અંબિકા કન્સ્ટ્રક્શન, ભવાની કન્સ્ટ્રક્શન, જે. એમ. શાહ, એમ. એ. પટેલ તેમજ શ્રીજી કન્સ્ટ્રક્શનને મળીને કુલ ૦૯ રોડ કોન્ટ્રાક્ટરોને દંડ ફટકારવામાં આવ્યો હતો. ■

# ગોપાલ ઈટાલિયા અને રાજેન્દ્ર ચાવડાએ ધારાસભ્ય તરીકે શપથ લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર બેઠકની ગત મહિને યોજાયેલી પેટા ચૂંટણીમાં વિજેતા બનેલા ગોપાલભાઇ ઇટાલિયા અને રાજેન્દ્રભાઇ ચાવડાને વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરીએ ધારાસભ્ય તરીકે શપથ લેવડાવ્યા હતા. આ સાથે જ વિધાનસભામાં તમામ ૧૮૨ સભ્યોની સંખ્યા પૂરી થઇ જવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિસાવદર બેઠક પરથી આપના પ્રતીક પરથી ચૂંટણી લડી વિજેતા બનેલા ભૂપતભાઇ ભાયાણીએ રાજીનામું આપી દેતા આ બેઠક ખાલી પડી હતી. કાનૂની દાવપેંચના કારણે આ બેઠક દોઢ વર્ષથી પણ વધુ સમય માટે ખાલી રહી હતી. કડી વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યનું અકાળે નિધન થતા ગત મહિને વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી યોજાઇ હતી. જેમાં વિસાવદર બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલભાઇ ઇટાલિયા અને કડી વિધાનસભા બેઠક પરથી ભાજપના રાજેન્દ્રભાઇ ચાવડા વિજેતા બન્યા હતા.

૧૬ જુલાઈ બુધવારે ગોપાલભાઇ ઇટાલિયા અને રાજેન્દ્રભાઇ ચાવડાએ ધારાસભ્ય તરીકે શપથ લીધા હતા. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરીએ સવારે ૧૧ કલાકે ગોપાલભાઇ ઇટાલિયાને અને બપોરે ૧૨.૩૯ કલાકે રાજેન્દ્રભાઇ ચાવડાને ધારાસભ્ય તરીકે શપથ લેવડાવ્યા હતા.

વિધાનસભામાં હવે ૧૮૨ સભ્યો પૂરા થઇ ગયા છે. જેમાં ભાજપના ૧૬૨ ધારાસભ્યો, કૉંગ્રેસના ૧૨ ધારાસભ્યો, આમ આદમી પાર્ટીના પાંચ ધારાસભ્યો જ્યારે ત્રણ ધારાસભ્ય અન્ય પાર્ટી કે અપક્ષના છે. ■

# નર્મદા કેનાલ પર સ્થિત ૨,૧૧૦ પુલોનું સઘન વિઝ્યુઅલ નિરીક્ષણ અભિયાન હાથ ધરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલોના મરામત-સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. નાગરિકોની સલામતીને પ્રાધાન્ય આપતા, રાજ્ય સરકાર દ્વારા અગમચેતીના ભાગરૂપે રાજ્યના વિશાળ નર્મદા કેનાલ નેટવર્ક પર સ્થિત વિવિધ પુલોની પણ ટેક્નિકલ તપાસ હાથ ધરવામાં આવી છે અને તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવી છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અહેવાલ મુજબ, ગુજરાતમાં ૧૭.૯૨ લાખ હેક્ટર સિંચાઈ વિસ્તારને આવરી લેતું આશરે ૬૯,૦૦૦ કિ.મી. લાંબું નર્મદા કેનાલ નેટવર્ક ઉપલબ્ધ છે. આ કેનાલ નેટવર્ક પરથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો અને ગામડાંના માર્ગોને જોડતા આશરે ૨,૧૧૦ જેટલા પુલ કાર્યરત છે. આ પુલોની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવા, સંભવિત ક્ષતિઓને અટકાવવા તેમજ પુલના આયુષ્યને લંબાવવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા આ તમામ પુલોનું વ્યાપક વિઝ્યુઅલ નિરીક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ નિરીક્ષણ અભિયાનના તારણના આધારે, ટ્રાફિક માટે જોખમી જણાઈ આવેલા કુલ ૦૫ પુલોને સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યા છે. પુલની વાહક અને ભાર ક્ષમતાના આધારે અન્ય ૦૪ પુલોને ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૬ પુલોને મરામતની જરૂરિયાત હોવાથી તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા માટે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે, નર્મદા કેનાલ પર સ્થિત બાકીના ૨,૦૬૫ નાના-મોટા પુલની સુરક્ષા સુનિશ્ચિત કરવા સંબંધિત ક્ષેત્રીય કચેરીઓને સૂચના આપવામાં આવી છે.

સંપૂર્ણપણે બંધ કરાયેલા ૦૫ પુલોમાં ૧. મોરબી જિલ્લામાં માળિયા બ્રાંચ કેનાલ પર અજીતગઢ અને ઘંટીલા ગામને જોડતા રોડ પર સ્થિત પુલ. ૨. મોરબી જિલ્લામાં નેશનલ હાઈવે ૧૫૧એ અને મચ્છુ નદી વચ્ચે માળિયા બ્રાંચ કેનાલ પર સ્થિત પુલ. ૩. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર તાલુકાના ઢાંકી-છારદ ગામ પાસે સ્થિત પુલ. ૪. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર-વણા ગામ પાસે સ્થિત પુલ. ૫. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર વઢવાણ તાલુકાના બાલા-બાલા ફાર્મ પાસેનો પુલનો સમાવેશ થાય છે.

ભારે વાહનો માટે પ્રતિબંધિત કરાયેલા ૦૪ પુલ જેવા કે, ૧. અમદાવાદ જિલ્લામાં વલ્લભીપુર બ્રાંચ કેનાલ પર ફેદરા-બગોદરા અને ભાવનગરને જોડતા રાજ્ય ધોરીમાર્ગ પર સ્થિત પુલ. ૨. અમદાવાદના નરોડા અને ગાંધીનગરના દહેગામને જોડતા રાજ્ય ધોરીમાર્ગ પરની કેનાલ પર સ્થિત પુલ. ૩. અમદાવાદ જિલ્લામાં રાયપુર અને મેદરાને જોડતા માર્ગ પરની કેનાલ પર સ્થિત પુલ. ૪. પાટણ જિલ્લાના સંતાલુર તાલુકામાં કચ્છ બ્રાંચ કેનાલ પર સીધાળા અને સુઈગામને જોડતા રોડ પર સ્થિત પુલનો સમાવેશ થાય છે. ■

# ગુજરાતના વિવિધ આદિજાતિ સમુદાયમાંથી ૨,૦૦૦ વ્યક્તિઓનું જિનોમ સિક્વન્સિંગ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતે ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ્સ ક્ષેત્ર બાદ હવે બાયોટેકનોલોજી ક્ષેત્રમાં પણ વિકાસની હરણફાળ ભરી છે. ત્યારે ગુજરાતમાં આદિજાતિ વિસ્તારના નાગરિકોના આરોગ્યને વધુ તંદુરસ્ત બનાવવાં માટે ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે. આ પ્રકારનો પ્રોજેક્ટ લોન્ચ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે તેમ સંવાદમાં સહભાગી થતા આદિજાતિ પ્રધાન ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ પ્રધાન ડો. કુબેરભાઈ ડીંડોર તથા રાજ્ય આદિજાતિ વિકાસ પ્રધાન કુંવરજી હળપતિની અધ્યક્ષતામાં ટ્રાઇબલ જિનોમ પ્રોજેક્ટ અંગે સંવાદ યોજાયો હતો. આ પ્રસંગે કુબેરભાઈ ડિંડોરે કહ્યું હતું કે, વિજ્ઞાન અને પરંપરા વચ્ચેના પુલ તરીકે ટ્રાયબલ સમુદાયના સમૃદ્ધ અને આરોગ્યમય ભવિષ્ય તરફ આ પ્રોજેક્ટ એક નવો માઇલસ્ટોન સાબિત થશે. આ પ્રોજેક્ટ આદિજાતિ નાગરિકોના આરોગ્ય કલ્યાણ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. ગુજરાતમાં બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર-જીબીઆરસી દ્વારા આ પ્રોજેક્ટનું અમલીકરણ થશે, આ પ્રોજેક્ટના ભાગરૂપે ગુજરાતનાં ૧૭ જિલ્લાઓમાંથી વિવિધ આદિજાતિ સમુદાયમાંથી ૨,૦૦૦ વ્યક્તિઓનું જિનોમ સિક્વન્સિંગ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટના માધ્યમથી નૈસર્ગિક રોગપ્રતિકારકશક્તિ, કેન્સર અને અન્ય વારસાગત રોગો જેવા કે સિકલ સેલ એનિમિયા, થેલેસેમિયા, વગેરેના જનીનિક ચિહ્નોની ઓળખ શક્ય બનશે. આ ઉપરાંત, તેમના હેલ્થપ્રોફાઇલને આધારભૂત આરોગ્ય સેવાઓ સાથે જોડાશે. આ પ્રોજેક્ટ આદિજાતિ સમુદાયના જિનોમિક ડેટાના અભાવની વિસંગતતાને દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવશે.

આ સંવાદમાં તજજ્ઞોએ આદિજાતિ સમુદાયના આરોગ્ય માટે જિનોમિક માહિતીના મહત્વ પર ચર્ચા કરી હતી. ટ્રાયબલ જીનોમ પ્રોજેક્ટ એ માત્ર વૈજ્ઞાનિક પ્રયાસ નથી, પરંતુ આદિજાતિ સમુદાયના આરોગ્યમાં સ્થાયી સુધારા કેન્દ્રિત અભિયાન છે. જેમાં ટ્રાઇબલ સમુદાયના નમૂનાના ભૌતિક સંગ્રહથી લઈને ડેટા એનાલિસિસ સુધીના તમામ તબક્કાઓમાં અત્યાધુનિક સંસાધનો ઉપયોગમાં લેવાશે. ■

# ગુજરાત વિધાનસભાનું આગામી ચોમાસુ સત્ર ઓગસ્ટના અંતમાં મળવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની તારીખો નક્કી કરવા માટે આગામી ૨૨ જુલાઈના રોજ ગૌણ વિધાન સમિતિની બેઠક યોજાનાર છે. આ બેઠકના નિર્ણય બાદ કેબિનેટમાં મંજૂરી મળશે અને રાજ્યપાલને જાણ કર્યા બાદ વિધાનસભા સત્ર માટે સત્તાવાર આહ્વાન આપવામાં આવશે. ત્યારે આગામી ચોમાસુ સત્ર ઓગસ્ટ ૨૦૨૫ના છેલ્લાં સપ્તાહમાં મળવાની સંભાવનાઓ છે.

અધિકારીક સૂત્રોના જણાવ્યા મુજબ, વિધાનસભાનું સત્ર ૨૫મી ઓગસ્ટથી ૨૮મી ઓગસ્ટ વચ્ચેના ત્રણ દિવસ માટે યોજાવાનું શક્ય છે. કારણ કે ૨૭મી ઓગસ્ટે ગણેશ ચતુર્થીની રજા હોવાથી સત્ર ૨૫મી, ૨૬મી અને ૨૮મી ઓગસ્ટના રોજ ચાલે તેવી શક્યતા છે. આ સત્રના પ્રથમ દિવસે પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના અવસાનથી લઈને વિધાનસભાગૃહમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે. શ્રદ્ધાંજલિ બાદ પહેલી બેઠકનું કામકાજ મુલતવી રાખવામાં આવશે, જે વિધાનસભાની પરંપરાગત પ્રક્રિયા છે.

સામાન્ય રીતે ચોમાસુ સત્રમાં ખેડૂતો, મોંઘવારી, બેરોજગારી, પાણીના પ્રશ્નો, રોડ-રસ્તાની હાલત, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સરકારની કામગીરી પર વિમર્શ થાય છે. જોકે ખાસ આ સત્રમાં રાજ્ય સરકાર દ્વારા ૧૨મી જૂને જાહેર કરાયેલા જીએસટી દર સુધારાના વટહુકમને વૈધાનિક સ્વરૂપ આપતું બિલ રજૂ કરવાની પણ તૈયારી છે.

તો બીજી તરફ, ગુજરાતમાં તાજેતરમાં બનેલી બે મોટી ઘટનાઓ અમદાવાદ પ્લેન ક્રેશ અને ગંભીરા બ્રિજ દુર્ઘટનાના મુદ્દાઓ પર સરકારને ઘેરવાનો પૂરે પૂરો પ્રયાસ વિપક્ષ કરશે. આ સિવાય મોંઘવારી, ભ્રષ્ટાચાર, મનરેગા - જીઆઇડીસી જેવા કૌભાંડો અને આત્મહત્યાના જેવા ગંભીર મુદ્દા પર સવાલ ઉઠાવવાની તૈયારીઓ પર હાલ વિપક્ષએ કરી લીધી છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી તરફથી સરકાર સામે આક્રમક વલણ અપનાવાય તેવી શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યારે વિધાનસભા સત્ર ન ચાલે ત્યારે રાજ્યોમાં સરકારો વટહુકમ દ્વારા કાયદામાં સુધારા કરે છે. આ વખતે પણ જીએસટીમાં થયેલા સુધારાને લઈને સરકારે પહેલાથી વટહુકમ બહાર પાડ્યો છે, જેને હવે વિધાનસભામાં લાવીને કાયદાકીય સ્વરૂપ આપવાનું રહેશે. આ બિલ વિધાનસભામાં પસાર કરીને રાજ્ય સરકારને કરઘરમાં કરેલા બદલાવ માટે કાયદાકીય મંજુરી મળે તેવી કાર્યવાહી કરાશે.

વિધાનસભાના આ ત્રણ દિવસના ટૂંકા સત્રમાં સરકારના વિવિધ વિધેયક રજૂ થવાની શક્યતા છે. જે દરમિયાન વિધાનસભાગૃહમાં ૧૮૨ ધારાસભ્યો હાજર રહેશે. જેમાંથી ભાજપના ૧૬૧, કૉંગ્રેસના ૧૨, આમ આદમી પાર્ટીના ૪, એસપીના ૧ અને અપક્ષના ૨ ધારાસભ્યો છે. આમ, બહુમતી પાર્ટી હોવાને કારણે સરકાર સામેનો વાજબી વિરોધ પણ અસરકારક થઈ શકે નહીં. તેમ છતાં વિપક્ષ વિવિધ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. હવે આગામી સત્રના અંતિમ આયોજન અંગે સત્તાવાર જાહેરાત ૨૨ જુલાઈ પછી કરવામાં આવશે, તેવી માહિતી જાણવા મળી હતી. ■

# ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળની બેઠકમાં આગામી પાંચ વર્ષનો રોડ સેફ્ટી એક્શન પ્લાન રજૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર ખાતે વાહન વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતા હેઠળ ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળની વાર્ષિક બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન હર્ષ સંઘવી સમક્ષ ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળ દ્વારા વિઝન-૨૦૩૦ હેઠળ રાજ્યનો આગામી પાંચ વર્ષનો રોડ સેફ્ટી એક્શન પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. આ એક્શન પ્લાનના આધારે આગામી પાંચ વર્ષમાં પોલીસ, આરટીઓ, માર્ગ નિર્માણ વિભાગો, આરોગ્ય અને શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયાસોથી ગુજરાતમાં માર્ગ અકસ્માત મૃત્યુની સંખ્યા ૫૦ ટકા ઘટાડવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો હતો.

બેઠકમાં પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળ તેમજ સ્ટેક-હોલ્ડર વિભાગોની સંયુક્ત કામગીરીના પરિણામે રાજ્યમાં અકસ્માત પ્રભાવિત ૮૨ બ્લેક સ્પોટ ખાતે છેલ્લા એક વર્ષમાં એક પણ અકસ્માત થયો નથી. સાથે જ, રાજ્યમાં થતા માર્ગ અકસ્માતોના પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયો છે.

રાજ્યમાં થતા અકસ્માતોને ઘટાડવા એ માત્ર કોઈ એક વ્યક્તિ કે એક વિભાગની નહિ, પરંતુ સૌની સહિયારી જવાબદારી છે. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી ઉપરાંત નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઇન્ડિયા, માર્ગ અને મકાન વિભાગ તથા શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં વારંવાર અકસ્માત થતા હોય તેવા હાઈવે પરના બ્લેક સ્પોટને શોધીને તેને ઘટાડવાની દિશામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે. આવા અકસ્માતોને અટકાવવા માટે ટેકનોલોજીનો સુયોગ્ય ઉપયોગ કરવા તેમણે સૂચન કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં જાનહાની થઇ હોય તેવા મોટાભાગના અકસ્માતોમાં વાહન ચાલકે હેલ્મેટ ન પહેરવાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. માર્ગ અકસ્માતમાં જાનહાની ઘટાડવા માટે આગામી સમયમાં નાગરિકોને હેલ્મેટના મહત્ત્વને સમજાવવાના આશય સાથે રાજ્યવ્યાપી પ્રયત્નો હાથ ધરવામાં આવશે, જેથી અમૂલ્ય માનવ જીવન બચાવી શકાય. આ ઉપરાંત રાજ્યભરના મુખ્ય હાઈવે પર થતા અકસ્માતમાં ઘટાડો લાવવા માટે પ્રધાને રોડ પર દેશ-વિદેશના મેટ્રો સિટીમાં અપનાવવામાં આવેલી રંબલ સ્ટ્રીપ લગાવવાનું સૂચન કર્યું હતું. ■

# અમદાવાદના સરખેજમાં પતિએ પત્નીના પ્રેમીની હત્યા કરી, હત્યારા પતિની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના સરખેજ વિસ્તારમાં એક પતિએ પોતાની પત્નીના પ્રેમીની છરી મારી હત્યા કરી નાખી હતી. આ બનાવથી સમગ્ર ગત મોડી રાત્રે બનેલી આ ઘટના બાદ પોલીસ દોડતી થઈ ગઈ હતી અને હત્યારા પતિને ઝડપી પાડ્યો હતો. પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

હત્યાની ઘટના મામલે સરખેજ પોલીસ પાસેથી મળેલી વિગત પ્રમાણે દિલશાદ મેમણ નામની યુવતી સરફરાઝ રંગરેજ નામની વ્યક્તિ સાથે છેલ્લા સાત મહિનાથી લિવ-ઇનમાં પતિ-પત્નીની જેમ રહેતા હતા. દિલશાદ મેમણે તેના પૂર્વ પતિ ઝાકિર સાથે છૂટાછેડા લીધા ન હતા. દરમિયાન ૧૬મી જુલાઈ મંગળવારના રોજ રાતના સમયે ઝાકિર સરફરાઝના ઘરે ગયો હતો. સરફરાઝ રંગરેજને તેની પત્ની દિલશાદના અગાઉના પતિ ઝાકિર મેમણ સાથે ઝઘડો થતા ઝાકિર મેમણે સરફરાઝને છરીનો ઘા મારી દેતા ઇજા થતા સરફરાઝનું મોત થયું હતું.

આ ઘટના બાદ સરફરાઝની બહેન શમસાદે દિલશાદને પૂછતા તેણે જણાવ્યું હતું કે, ૧૬ જુલાઈએ રાત્રે સાડા બાર વાગે ઘરનો દરવાજો કોઈએ ખખડાવતા મેં દરવાજો ખોલ્યો હતો. બહાર મારો અગાઉનો પતિ ઝાકિર રફીકભાઇ મેમણ હાથમાં છરી લઈને ઊભો હતો તે મને બીભત્સ ગાળો બોલી ઝઘડો કરવા લાગ્યો હતો. ■

# અમદાવાદ એરપોર્ટ આસપાસનાં ૪૪ બાંધકામ તોડી પાડવામાં આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ગત મહિને ૧૨ જૂને એર ઈન્ડિયાની અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં પ્લેનમાં મુસાફરી કરતા પ્રવાસીઓ સહિત ૨૬૦થી વધારે લોકોનાં મૃત્યુ થયાં હતાં. આ દુર્ઘટના બાદ તંત્ર દ્વારા એક બાદ એક પગલાં ભરવામાં આવી રહ્યાં છે. જે પૈકી વિમાનને જોખમ હોય તેવા બાંધકામ દૂર કરવામાં આવી રહ્યા છે. વિમાન દુર્ઘટના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સિટી એરપોર્ટ ઓથોરિટીએ એરપોર્ટની આસપાસના વિસ્તારનો સર્વે હાથ ધર્યો હતો.

સર્વે દરમિયાન ૪૪ જોખમી બાંધકામની ઓળખ કરવામાં આવી હતી. આ બાંધકામથી વિમાનોને જોખમ હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૬ મકાનના રૂમ, પેરાપટ વોલ, પાણીની ટાંકી અને છાપરા મળી ૪૪ બાંધકામ દૂર કર્યા હતા.

હવાઈ સુરક્ષામાં, એરપોર્ટ ફનલ ઝોન એક મહત્વપૂર્ણ ઘટક છે. સૂત્રોના જણાવ્યા એરપોર્ટની આસપાસના બાંધકામોની ઊંચાઈ વિમાનના ટેકઓફ અને લેન્ડિંગ માટેના ફનલ વિસ્તારના આધારે નક્કી કરવામાં આવે છે. એરપોર્ટના ફનલ વિસ્તારની નજીકના મોટાભાગના બાંધકામો કાયદેસર છે, અને તેમના પ્લાનને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવીને મંજૂરી આપવામાં આવી છે. ■

# રોકાણ પર આકર્ષક વળતરની લાલચે નિવૃત્ત સરકારી અધિકારી સાથે ૨.૮૫ કરોડની ઠગાઇ

થાણેઃ શેર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૬૬ વર્ષના નિવૃત્ત સરકારી અધિકારી સાથે ૨.૮૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

ડોંબિવલીના વિષ્ણુનગર વિસ્તારમાં રહેતા ફરિયાદીએ બે મહિનામાં રૂપિયા ગુમાવ્યા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ પોલીસને જણાવ્યું હતું કે અમુક લોકોએ તેનો સંપર્ક સાધ્યો હતો અને પોતાની ઓળખ ઇન્વેસ્ટમેન્ટ કંપની અને સિક્યુરિટી ટ્રેડિંગ કંપનીના પ્રતિનિધિ તરીકે આપી હતી.

તેમણે ફરિયાદીને શેર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતર અપાવવાનું આશ્વાસન આપ્યું હતું અને તેમના કહેવાથી ફરિયાદીએ વિવિધ બૅંક અકાઉન્ટ્સમાં ૨.૮૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા.

જોકે રોકાણ કરવા છતાં કોઇ વળતર ન મળતાં ફરિયાદીએ આરોપીઓનો સંપર્ક સાધ્યો હતો. જોકે શરૂઆતમાં તેમણે ઉડાઉ જવાબ આપ્યા હતા અને બાદમાં તેમનો કોઇ સંપર્ક થયો નહોતો. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ વિષ્ણુનગર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

# દારૂની દુકાનના નવા લાઇસન્સનો લાભ મહાયુતિની નજીકના લોકોને જ મળશેઃ દાનવે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ મંગળવારે દાવો કર્યો હતો કે લિકર શોપ માટે નવા ૩૨૮ લાઇસન્સ આપવાની રાજ્ય સરકારની યોજનાનો લાભ શાસક મહાયુતિ નજીકના લોકોને જ મળશે.

‘સરકાર આવક વધારવાના નામે સરકારે આ નિર્ણય લીધો છે. જોકે, આયોજન જોતા એવું લાગે છે કે મહાયુતિ જોડાણના વિધાનસભ્યોની નિકટના લોકોને લાઇસન્સ આપવામાં આવશે’ એમ દાનવેએ ચોમાસુ સત્ર દરમિયાન વિધાનસભા સંકુલમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું.

આ સંદર્ભમાં શિવસેના (યુબીટી)ના નેતાએ એમ પણ કહ્યું હતું કે આ નિર્ણયથી દારૂના વપરાશમાં વધારો થશે જે સમાજ માટે હાનિકારક સાબિત થશે. વધુ દારૂની દુકાનોને પગલે વપરાશ વધશે અને તે ઘણા પરિવાર બેહાલ થશે. આનાથી રાજ્યની પ્રતિષ્ઠાને નુકસાન થશે. તેમણે એ પણ યાદ કરાવ્યું હતું કે જ્યારે સરકારે ૧૯૭૨માં આવો જ નિર્ણય લેવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે સમાજવાદી નેતા મૃણાલ ગોરે તેનો વિરોધ કર્યો હતો.

એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે ગયા અઠવાડિયે દાવો કર્યો હતો કે ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સરકાર લાડકી બહિણ સહિત અન્ય યોજનાઓના આર્થિક બોજને પહોંચી વળવા માટે દારૂની દુકાનના નવા લાઇસન્સ આપવાની યોજના બનાવી રહી છે. લાડકી બહિણ યોજના હેઠળ પાત્ર મહિલાઓને માસિક ૧,૫૦૦ રૂપિયાની સહાય મળે છે.

# મહારાષ્ટ્રના રાજકારણમાં બ્રાહ્મણોનું મહત્ત્વ નથીઃ ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ પોતાના ઘણા ભાષણોમાં કહ્યું હતું કે તેઓ જાતિ, ધર્મ, સંપ્રદાયને મહત્વ આપતા નથી. એ પણ કહેવાય છે કે ગડકરીને ધર્મ વિશે વાત કરનારાઓની પરવા નથી. તેમ છતાં તેમણે નાગપુરમાં એક કાર્યક્રમમાં ફરી એકવાર પોતાની જાતિ વિશે ખુલ્લેઆમ નિવેદન આપ્યું હતું. આ વખતે તેમણે બ્રાહ્મણ જાતિના દુઃખ વિશે માહિતી આપી છે. હાલમાં, તેમના ભાષણને લઈને દેશમાં વિવાદ ચાલી રહ્યો છે.

આ કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે શિક્ષણ આપણી તાકાત છે.

# વરલીના ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટમાં અનિયમિતતાઃ આદિત્ય ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ બુધવારે વરલીના એક અગ્રણી ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટમાં અનિયમિતતાઓનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને મહારાષ્ટ્ર સરકાર સમક્ષ સુધારાત્મક પગલાં લેવાની માગણી કરી હતી. સુભેદાર રામજી આંબેડકર નગરનો પ્રસ્તાવિત પુનર્વિકાસ સમયસર શરૂ થઈ શક્યો નથી કેમ કે ગયા ૧૫ વર્ષમાં ઘણા ડેવલપરો આ પ્રોજેક્ટમાંથી પોતાનો હાથ પાછો ખેંચી ચૂક્યા છે. જમીન ફાળવણી, ગુમ થયેલા દસ્તાવેજો અને રાજ્યની તિજોરીને સંભવિત આર્થિક નુકસાન જેવા વિવિધ આરોપોને પગલે આ પ્રોજેક્ટ વિવાદમાં ફસાઈ ગયો હતો. તાજેતરમાં આ પ્રોજેક્ટનું બાંધકામ શરૂ થતાં, આદિત્ય ઠાકરેએ વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને એવો દાવો કર્યો હતો કે છેલ્લા છ મહિનાથી પ્રોજેક્ટના અસરગ્રસ્ત રહેવાસીઓને ભાડું ન ચૂકવવા સહિત અનેક વિસંગતીઓ બહાર આવી છે.

ઝૂંપડપટ્ટીવાસીઓને બતાવવામાં આવેલ મૂળ લેઆઉટ પ્લાન યોગ્ય સૂચના અથવા મંજૂરી વિના બદલવામાં આવ્યો હતો. પુનર્વસન ઇમારતો પૂર્ણ કર્યા વિના વેચાણપાત્ર ફ્લેટ અને બંગલાઓનું બાંધકામ પણ શરૂ થઈ ગયું છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

ભૂતપૂર્વ પ્રધાન અને આ વિસ્તારના વિધાનસભ્યે એવો પણ દાવો કર્યો હતો કે પ્રોજેક્ટમાં લગભગ ૭૦ ટકા જમીન હજુ સુધી સરકારને સોંપવામાં આવી નથી અને પ્રોજેક્ટમાં સરકારી માલિકીની જમીનની સ્થિતિ સ્પષ્ટ કરવાની માગણી કરી હતી.

ઠાકરેએ અસરગ્રસ્ત રહેવાસીઓને બાકી ભાડાની તાત્કાલિક ચુકવણી કરવાની માગણી કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, બાંધકામમાં મૂળ મંજૂર યોજનાનું પાલન થવું જોઈએ, જેમાં આગળ વ્યાપારી દુકાનો અને પાછળ વેચાણપાત્ર ફ્લેટ હોવા જોઈએ. તેમણે સ્પીકર અને રાજ્ય સરકારને યોગ્ય કાર્યવાહી શરૂ કરવા અપીલ કરી હતી.

# સીએને બ્લૅકમેઈલ કરી વસૂલેલા ત્રણ કરોડ રૂપિયા આરોપીએ બૅટિંગ અને કૉલ ગર્લ્સ પાછળ ઉડાડ્યા

મુંબઈઃ ગે સંબંધમાં સાંતાક્રુઝના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ને બ્લૅકમેઈલ કરી વસૂલેલા ત્રણ કરોડ રૂપિયા મુખ્ય આરોપીએ ઑનલાઈન બૅટિંગ, કૉલ ગર્લ્સ અને વૈભવી જીવનશૈલી પાછળ ખર્ચ્યા હોવાનું તપાસમાં જણાયું હતું.

સાંતાક્રુઝ પૂર્વના વાકોલા પરિસરમાં રહેતા સીએ રાજ લીલા મોરેએ ૧૨ જુલાઈએ તેના નિવાસસ્થાને ઝેર પીને કથિત આત્મહત્યા કરી હતી. પોલીસને ત્રણ સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાંથી એકમાં રાહુલ પરવાની અને તેની ગર્લફ્રેન્ડ સબા કુરેશીને આત્મહત્યા માટે જવાબદાર ગણાવ્યાં હતાં. ગે સંબંધના વીડિયોની મદદથી બ્લૅકમેઈલ કરીને પરવાનીએ મોરે પાસેથી ત્રણ કરોડથી વધુ રૂપિયા વસૂલ્યા હતા. પરવાનીએ પૂછપરછમાં દાવો કર્યો હતો કે આ રકમ તેણે ઑનલાઈન બૅટિંગ અને કૉલ ગર્લ્સ પાછળ ખર્ચી હતી. મોરે પાસેથી મળેલા રૂપિયામાંથી તે પૉશ હોટેલ્સમાં પણ રહ્યો હતો. જોકે જે વીડિયોને આધારે મોરેને બ્લૅકમેઈલ કરવામાં આવતો હતો એવો કોઈ વીડિયો આરોપીના મોબાઈલ ફોનમાંથી મળ્યો નહોતો. પોલીસે પરવાની અને કુરેશીના ફોનને ડિલિટ કરેલા ડેટા પાછા મેળવવા માટે ફોરેન્સિક લૅબોરેટરીમાં મોકલી આપ્યા હતા. (પીટીઆઈ)

# એનએસઈને મળી બ્લાસ્ટની ધમકી

મુંબઈઃ બૉમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) બાદ હવે નૅશનલ સ્ટોક એક્સચેન્જને પણ એવી જ ધમકીવાળો ઈ-મેઈલ મળ્યો હોવાનું સામે આવ્યું હતું. એનએસઈમાં આરડીએક્સ અને આઈઈડી પ્લાન્ટ કરાયા હોવાથી બ્લાસ્ટ કરવાનો દાવો મેઈલમાં કરાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ એનએસઈના અધિકૃત ઈ-મેઈલ ઍડ્રેસ પર રવિવારે મેઈલ આવ્યો હતો. એનએસઈ બિલ્ડિંગમાં ધડાકાની ધમકી મેઈલમાં અપાઈ હતી. આ પ્રકરણે એનએસઈના સિનિયર મૅનેજરે નોંધાવેલી ફરિયાદને આધારે બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી) પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસમાં જણાયું હતું કે બીએસઈ અને એનએસઈને એક જ આઉટલૂક ઈ-મેઈલ ઍડ્રેસ પરથી મેઈલ મોકલવામાં આવ્યા હતા. સઘન તપાસ છતાં એનએસઈ બિલ્ડિંગમાંથી વિસ્ફોટક કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. માત્ર ડર ફેલાવવા એક જ વ્યક્તિએ આ બન્ને મેઈલ મોકલાવ્યા હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

# મધ્ય રેલવેએ એસી લોકલ સંબંધી ૧૧,૦૦૦ ફરિયાદો બાદ કડક કાર્યવાહી કરી

મુંબઈઃ મધ્ય રેલ્વેને એસી લોકલ સંબંધિત ઘણી ફરિયાદો મળી રહી હતી. તેના ઉકેલ માટે મધ્ય રેલવેએ સમર્પિત ૨૪/૭ વૉટ્સઍપ હેલ્પલાઇન અને ખાસ અમલીકરણ ટુકડીની રચના કરી હતી. આ ટુકડીએ એક મહિના કરતાં પણ ઓછા સમયમાં તેની એર-કન્ડિશન્ડ ઉપનગરીય ટ્રેનો સંબંધિત ૧૧,૦૦૦ થી વધુ ફરિયાદોનું નિરાકરણ કર્યું છે અને વગર ટિકિટે મુસાફરી કરનાર પર મોટી કાર્યવાહી કરી છે. ૨૫ મે, ૨૦૨૪ ના રોજ, સેન્ટ્રલ રેલવેએ પ્રીમિયમ લોકલ ટ્રેન સેવાઓ સંબંધિત સમસ્યાઓનું નિરીક્ષણ કરવા અને તેનો જવાબ આપવા માટે એક વિશિષ્ટ એસી ક્લાસ ટાસ્ક ફોર્સ શરૂ કરી હતી સાથે એક સમર્પિત વૉટ્સઍપ ફરિયાદ નંબર - ૭૨૦૮૮૧૯૯૮૭ પણ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં મુસાફરો ટિકિટ વિનાના મુસાફરો, અનુપસ્થિત સામાન, વધુ પડતી ઠંડી અને ટિકિટ-ચેકિંગના અભાવની જાણ કરી શકે છે.સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૫ મે, ૨૦૨૪ થી ૩૦ જૂન, ૨૦૨૫ની વચ્ચે અમને એસી લોકલ સંબંધિત ૧૧,૧૩૪ ફરિયાદો મળી હતી જેનો નિકાલ ફક્ત બે દિવસમાં કરવામાં આવ્યો હતો. જૂન ૨૦૨૪ માં દરરોજ સરેરાશ ૭૯ ફરિયાદ મળતી હતી,એમાં ઘટાડો થઇ જૂન ૨૦૨૫ માં ૨૯ થઈ ગઈ છે. દરરોજ મહત્તમ ફરિયાદો પણ ૨૨૮ થી ઘટીને ૧૦૩ થઈ ગઈ છે. ફરિયાદોના આધારે ટાસ્ક ફોર્સે ૨૫ મે, ૨૦૨૪ થી ૯ જુલાઈ ૨૦૨૫ દરમ્યાન એસી લોકલમાં વગર ટિકિટે પ્રવાસ કરતા ૧.૨૨ લાખ મુસાફરો પકડ્યા હતા અને તેમની પાસેથી ૪.૦૧ કરોડ દંડ વસુલવામાં આવ્યો હતો.

# ઝૂંપડપટ્ટીમાં રહેલા કમર્શિયલ યુનિટો પાસેથી ૨૬૮ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટૅક્સ વસૂલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં આવેલા કમર્શિયલ યુનિટોનુ મૂલ્યાંકન કરીને તેને પ્રોપર્ટી ટેક્સના દાયરામાં લાવવામાં આવ્યા બાદ તેમાંથી દંડ સહિત લગભગ ૬૧૩ કરોડ રૂપિયાની વધારાની આવક મુંબઈ મહાનગરપાલિકાને થવાની સંભાવના છે. સપ્ટેમ્બર, ૨૦૨૪માં તેને અમલમાં લાવ્યાં બાદ પાલિકાએ કુલ ટૅક્સની રકમના લગભગ ૨૬૮ કરોડ રૂપિયા એટલે કે કુલ ટેક્સની ૪૩ ટકા રકમ ઝૂંપડપટ્ટીમાં આવેલા કમર્શિયલ યુનિટ પાસેથી વસૂલ કરી છે. મુંબઈમાં લગભગ ૨૫ લાખ ઝૂંપડપટ્ટીઓ છે, તેમાંથી લગભગ ૨૦ ટકા (૫,૦૦૦) ઉદ્યોગો, દુકાનો, ગોડાઉન અને હોટલ વગેરે કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ ઝૂંપડપટ્ટીમાં આવેલા છે. પાલિકા આ સંસ્થાઓને માળાખીય સુવિધા પૂરી પાડે છે, તેથી તેમની પ્રોપર્ટીનું મૂલ્યાંકન કરીને તેમની પાસેથી પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવો જરૂરી છે. વધારાની આવક મારફત પાલિકાએ ઝૂંપડપટ્ટીમાં જ માળખાગત સુવિધા ઉપલબ્ધ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. પાલિકાએ આ વિસ્તારોની અંદર કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટના વિગતવાર સર્વેક્ષણ પછી ઝૂંપડપટ્ટીમાં રહેલા એસ્ટાબ્લિશમેન્ટ પાસેથી ક્ષેત્રફળના આધારે પ્રોપર્ટી ટેક્સ વસૂલવાનું શરૂ કર્યું છે. તમામ ૨૪ વોર્ડમાં હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણ દરમ્યાન પાલિકાએ કમર્શિયલ ઝૂંપડપટ્ટીમાં રહેલા બાંધકામનું મૂલ્યાંકન કર્યું હતું અને તેમાંથી લગભગ ૪૭૩ કરોડ રૂપિયા પ્રોપર્ટી ટેક્સના વસૂલ કરવાની અપેક્ષા રાખી છે. ટેક્સ નહીં ભરનારા ચોક્કસ એસ્ટાબ્લિશમેન્ટ પાસેથી ૧૪૦ કરોડ રૂપિયાનો દંડ લાગુ કરવામાં આવ્યો હતો.

પાલિકાના જણાવ્યા મુજબ પશ્ચિમ ઉપનગરમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ૧૧,૪૭૫ કમર્શિયલ પ્રોપર્ટી મૂલ્યાંકન કર્યું હતું અને તેમની પાસેથી ૪૨૮.૫૫ કરોડ રૂપિયા વસૂલવાના બાકી હતી, જેમાં ૧૩૦.૧૦ કરોડ રૂપિયાનો તો દંડના જ હતા.

તેમાંથી અત્યાર સુધીમાં ૨૫૩.૮૪ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. તળ મુંબઈમાં ૧,૮૦૨ પ્રોપર્ટીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમની પાસેથી ૩૫.૩૮ કરોડ રૂપિયાનો ટેક્સ અને ૮.૫૮ કરોડ રૂપિયાનો દંડ વસૂલ કરવાનો હતો, તેમાંથી ૧૨.૬૯ કરોડ રૂપિયા જ વસૂલ કરવામાં આવ્યા છે.

નવમા પાનાનું ચાલુ

## રિડેવલપમેન્ટને

એમાં રહેતા લોકોના ઘરના સ્થાનમાં કામચલાઉ ફેરફાર થાય છે.

મનીષા ચૌધરી (ભાજપ)એ ધ્યાન દોર્યું હતું કે મુંબઈની અનેક હાઉસિંગ સોસાયટીઓએ રિડેવલપમેન્ટનો વિકલ્પ પસંદ કર્યો છે અને હંગામી ધોરણે અન્યત્ર રહેતા તેમના રહેવાસીઓને પોલીસ વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કરવામાં સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે જે પાસપોર્ટ મેળવવા માટે જરૂરી પૂર્વશરત છે.

તેમણે ફરિયાદ કરી હતી કે ‘પાસપોર્ટ વેરિફિકેશન માટે પોલીસ બેન્ક પાસબુક, આધાર, પાન કાર્ડ, વોટર કાર્ડ, સોસાયટી રિડેવલપમેન્ટના દસ્તાવેજોને ધ્યાનમાં લેતી નથી.’

જવાબમાં પ્રધાન કદમે જણવ્યું હતું કે જો એસઓપીનું પાલન નહીં કરવામાં આવે અને નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તો તે તેની તપાસ કરવામાં આવશે અને પછી ખાતરી આપી હતી કે ભાડાની રસીદોને પાસપોર્ટ નવીકરણ માટે રહેણાંક સરનામાંનો પુરાવો માનવામાં આવે છે.

પાસપોર્ટ અરજદાર હાલમાં જ્યાં રહે છે અને ફોર્મમાં ઉલ્લેખ કરે છે તે સરનામાં પર પોલીસ વેરિફિકેશન હાથ ધરવામાં આવે છે તેવા નાગરિકોને જાણ કરવા સરકાર જાગૃતિ અભિયાન શરૂ કરશે એમ તેમણે ઉમેર્યું હતું. (પીટીઆઈ)

## તો મુંબઈના

બુધવારે એક્શન કમિટીએ મતદાન યોજ્યું હતું. તેની મત ગણતરી બુધવારે ૧૬ જુલાઈના સવારના ૧૧ વાગ્યાથી ચાલુ થઈ હતી અને તમામ વોર્ડમાં મતોની ગણતરી મોડી રાત સુધી ચાલી હોવાનું એક્શન કમિટીએ જણાવ્યું હતું.

એક્શન કમિટીના જણાવ્યા મુજબ સાંજ સુધીમાં દક્ષિણ મુંબઈના નવ વોર્ડના સફાઈ ખાતાના કુલ ૮,૮૫૦ કાયમી સફાઈ કર્મચારી અને કૉન્ટ્રેક્ટ પર કર્મચારીઓએ મતદાન કર્યું હતું, તેમાંથી ૯૭ ટકા કર્મચારીઓએ હડતાળ કરવાની તરફેણમાં મતદાન કર્યું હતું. તો ૯૩ કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો અને ૧૨ મત ગેરલાયક ઠર્યા હતા. શહેરના નવ વોર્ડના સફાઈ કર્મચારીએ હડતાળની તરફેણમાં મતદાન કર્યું હોઈ બાકીના ૧૫ વોર્ડમાં પણ કર્મચારીઓ તેની તરફેણ કરશે એવું એક્શન કમિટીનું માનવું છે.

પાલિકાના સફાઈ કામગાર મ્યુનિસિપલ કામગાર એક્શન કમિટીના નેતૃત્વમાં ૧૭ જુલાઈ, ૨૦૨૫ ગુરુવારના સવારના ૧૦ વાગે આઝાદ મેદાનમાં ભેગા થશે અને બાદમાં મુખ્ય પ્રધાનને મળવા જશે. મુખ્ય પ્રધાન સાથેની મુલાકાત બાદ બેમુદત હડતાળ બાબતે અંતિમ નિર્ણય લેવામાં આવશે એવું એક્શન કમિટીએ જણાવ્યું હતું.

## કાળજું કપાવનારી ઘટના

હતી. મુસાફરી દરમિયાન, ગર્ભવતી મહિલાને પ્રસૂતિ પીડા ઉપડી અને તેણે એક બાળકને જન્મ આપ્યો, પરંતુ દંપતીએ બાળકને કપડામાં લપેટીને બસમાંથી બહાર ફેંકી દીધું. સ્લીપર બસના ડ્રાઇવરે બારીમાંથી કંઈક ફેંકાતા જોયું. જ્યારે તેણે આ વિશે પૂછપરછ કરી, ત્યારે શેખે કહ્યું કે બસની મુસાફરીને કારણે તેની પત્નીને ઊલટી થઈ રહી હતી તેથી ઊલટી ફેંકી. તેમણે કહ્યું, આ દરમિયાન, જ્યારે રસ્તા પર એક જાગૃત નાગરિકે બસની બારીમાંથી કંઈક ફેંકેલું જોયું, ત્યારે તે જોઈને ચોંકી ગયો કે તે એક બાળક હતું. તેણે તાત્કાલિક પોલીસની ૧૧૨ હેલ્પલાઇન પર ફોન કરીને જાણ કરી.

ત્યારબાદ પેટ્રોલિંગ કરતી સ્થાનિક પોલીસની એક ટીમે લક્ઝરી બસનો પીછો કર્યો હતો. અધિકારીએ જણાવ્યું કે વાહનની તપાસ અને પ્રાથમિક તપાસ કર્યા પછી તેમણે મહિલા અને શેખને કસ્ટડીમાં લીધા હતા. દંપતીએ કહ્યું કે તેઓ બાળકનું લાલન પાલન કરવા સક્ષમ ન હોવાને કારણે નવજાત શિશુને ફેંકી દીધું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે બાળકને રસ્તા પર ફેંકવાથી તે મૃત્યુ પામ્યું.

પોલીસના જણાવ્યા અનુસાર, ઢેરે અને શેખ બંને પરભણીના હતા અને છેલ્લા દોઢ વર્ષથી પુણેમાં રહેતા હતા. અધિકારીએ જણાવ્યું કે તેઓ પતિ-પત્ની હોવાનો દાવો કરે છે, પરંતુ તેઓ દાવો પુરવાર કરવા માટે કોઈ દસ્તાવેજો રજૂ કરી શક્યા નથી. તેમને કસ્ટડીમાં લીધા પછી, પોલીસ મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગઈ. પરભણીના પાથરી પોલીસ સ્ટેશનમાં દંપતી વિરુદ્ધ બીએનએસ (જન્મ છુપાવી શબનો ગુપ્ત રીતે નિકાલ) અધિનિયમની કલમ ૯૪ (૩), (૫) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આરોપીને નોટિસ જારી કરવામાં આવી છે અને આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

## વિધાનસભામાં

મળી રહ્યા છે. તેઓ સરકારને ’ગુડ રાજ’ ગણાવી રહ્યા છે. રાજ્ય વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું હતું કે, એમએલએ કેન્ટિનમાં સંજય ગાયકવાડ દ્વારા કરવામાં આવેલા હુમલાથી સ્પષ્ટ થાય છે કે સરકાર પણ આવા તત્વોને સમર્થન આપી રહી છે. સંજય ગાયકવાડે કેન્ટિનમાંથી ડિનર મંગાવ્યું હતું. તેમના રૂમમાં પહોંચાડવામાં આવેલા ભોજનમાં દાળ અને ભાત વાસી હોવાનું લાગતા તેઓ ગુસ્સે ભરાયા હતાં. તેમને કેન્ટીનમાં જઈને ત્યાં હાજર કર્મચારીઓ સમક્ષ ફરિયાદ કરી હતી અને તેને ધમકાવ્યો હતો. ત્યાર બાદ સંજય ગાયકવાડે કેન્ટીનના કર્મચારીને થપ્પડ મારી હતી. આ ઘટનાનો વીડિયો વાઈરલ થયો હતો. ઘટના સમયના વીડિયોમાં સંજય ગાયકવાડ લુંગી અને બનિયાન પહેરેલા જોવા મળે છે. આ ઉપરાંત શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે મહારાષ્ટ્ર સરકારના પ્રધાન સંજય શિરસાટનો એક વિડીયો શેર કર્યો હતો, જેમાં જોવા મળે છે કે શિરસાટ એક રૂમમાં રોકડા પૈસા ભરેલા બેગમાં પાસે બેઠા છે અને ફોન પર વાત કરી રહ્યા છે. મામલે દેવેન્દ્ર સરકારને જવાબ આપો મુશ્કેલ પડી રહ્યો છે. આ વિડીયોમાં શિરસાટનો બનિયાન પહેરેલા જોવા મળે છે. આ બંને ઘટનાઓમાં કાર્યવાહીની માગ સાથે બુધવારે વિપક્ષના નેતાઓ લુંગી અને બનિયાન પહેરીને વિધાનસભા પરિસરમાં સાંકેતિક વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# હિન્દુ મરણ

હરીશ મોતીલાલ ક્ષત્રિયના અવસાન પામ્યા છે. સ્વ. જયંતી મોતીલાલ ઘેલા સ્વ. સચ્ચું હરીશ ક્ષત્રિય પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૭-૭-૨૫ના ૫થી ૬.૩૦. સ્થળઃ લોધા પ્રાઈમેરો લોબી લેવલ, એન.એમ. જોશી માર્ગ, લોવર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૧. હેતલ-બીનલ પારેખ, પારુલ-વિશાલ શેઠ, પાયલ ક્ષત્રિય-એન્ડીયા કેરી, દાર્શ-આશ્ના પારેખ, પ્રિશા પારેખ જ્યોજિયો-એનરીકો કેરી ક્ષત્રિય.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબાઈ દેવજી વિશનજી જોબનપુત્રા, ગામ હરુડી-હાજાપરવાળાના પુત્ર ભગવાનદાસ (ઉં.વ. ૭૪) તે નિરંજના બેનના પતિ. દર્શનના પિતાશ્રી. પલ્લવીબેનના સસરા. રમેશ, પ્રકાશ, સ્વ. પ્રફુલ, દિનેશ તથા કુસુમ શશીકાંત રૂપારેલ તથા ચારુલતા કિશોર સંજપાલના ભાઈ. ગં.સ્વ. ભાનુમતી ભગવાનજી સોમૈયાના જમાઈ. તા. ૧૫-૭-૨૫, મંગળવારના રામશરણ પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૫ને ગુરુવારના કચ્છી લોહાણા મહાજનવાડી (પવાણી હોલ), આર.આર.ટી. રોડ, મુલુંડ (વે), સાંજના ૫.૩૦થી ૭.૦૦ કલાકે રાખેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**નથુતુલસી ઔદિચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજ**

મૂળ જામ દુધઈ નિવાસી, હાલ વિલેપાર્લા, શ્રી ઉમેદરાય અમૃતલાલ મહેતા (ઉં.વ. ૭૫) તા. ૧૪-૭-૨૫ને સોમવારે અવસાન પામેલ છે. તેઓ સ્વ. રેણુકાબેનના પતિ. શૈલેશભાઈ, સ્વ. રાકેશભાઈ તથા જયેશભાઈના પિતાશ્રી. સ્વ. ગંગારામભાઈ, સ્વ. ધીરજલાલ, સ્વ. ગીરધરભાઈ, સ્વ. નટવરલાલ તથા કનૈયાલાલના ભાઈ. છોટાઉદેપુર નિવાસી સ્વ. શ્રી. અંબિકાપ્રસાદ દલપતરામ જોષીના જમાઈ. સાદડી તા. ૧૭-૭-૨૫ને ગુરુવારે ૪થી ૬. ચતવાણી બાગ, ૭, ગોખલે રોડ, વિલેપાર્લા સ્ટેશન પાસે, વિલેપાર્લા (પૂર્વ).

**દશા સોરઠિયા વણિક**

બગસરા નિવાસી હાલ ન્યુ જર્સી અમેરિકા, મનોરમા શ્રીમાંકર, (ઉં.વ. ૯૨) તે સ્વ. ભગવાનદાસ ગોરધનદાસ શ્રીમાંકરના ધર્મપત્ની. બુધવાર, તા. ૯-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જીજ્ઞા સંજય ગગલાણીના માતુશ્રી. શ્રીયુના નાની. સ્વ. વિજયાબેન જેઠાલાલ વખારિયાના દીકરી. ત્રિભોવનદાસભાઈ, સ્વ. યમુનાબેન, દુર્ગાબેન, લીલાબેન તથા ઈન્દુબેનના ભાભી. રાજેન્દ્રભાઈ, સ્વ. મંજુલાબેન, સ્વ. ગીતાબેન, સ્વ. સરોજબેન તથા પાર્થીબેનના મોટા બહેન. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નરેડા હાલે સાંતાક્રુઝ સ્વ. નારાનદાસ ગોપાલદાસ કેસરીયાના ધર્મપત્ની ગં. સ્વ. નર્મદાબેન (ઉં. વ. ૧૦૧) ૧૫-૭-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. દીનેશભાઈ, પંકજભાઈ, આશાબેન ઠક્કરના માતુશ્રી. ગં. સ્વ. પ્રતીમાબેન, દેવ્યાનીબેન, દક્ષાબેન, ધનેશભાઈ ઠક્કરના સાસુ. સંજય- ચિંતન- ધવલ- રાજ, સ્વ. હેતલના દાદીમા. હીના- અમ્મી- યશ્વી, નેહલના દાદીસાસુ. લખમશી સુંદરજી પલણની દીકરી. પ્રાર્થનાસભા ટા. ૫-૩૦ થી ૭. ઠે. જલારામ હોલ, હાટકેશ સોસાયટી, વિલે પારલા (વે.). લૌકીક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ મોટીવેરાવળ હાલ કાંદિવલી, સ્વ. મુક્તાબેન તથા ધીરજલાલ (ધીરુભાઈ) જાધવજી ખાખરીયાના પુત્ર ભરતભાઈ ખાખરીયા (ઉં.વ. ૬૬) ૧૪/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. જય તથા યશના પિતા. નિકિતાના સસરા. કુસુમ, માલા, મીના, મીરા તથા નિલેશના ભાઈ. સાસરાપક્ષે સ્વ. સાવિત્રીબેન બાબુભાઇ ઠક્કરના જમાઈ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૭/૭/૨૫ના ૪ થી ૬. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**બાલાસિનોર દશાનીમા વણિક**

બાલાસિનોર, પ્રમોદભાઈ મોદી (ઉં.વ. ૭૦) તા. ૧૪/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે માતુશ્રી મધુકાન્તા રસિકલાલ મોદીના પુત્ર. મંજરીબેનના પતિ. દિપેનભાઈ, માનસીબેનના પિતા. મેઘાબેન, હિતેશકુમારના સસરા. અજય, ઉદય, નૂતનના ભાઈ. કુંદનબેન નટવરલાલ ચંદુલાલ કડકિયાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ગુણવંતલાલ સુખલાલ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. સુશીલાબેન પરમાર (ઉં.વ. ૮૫) ૧૪/૭/૨૫ના રામશરણ પામેલ છે. તે અશોક, નરેશ, હર્ષદ, મયુરના માતુશ્રી. હસુભાઈ ભરતભાઈ પરમારના કાકી. સ્વ. હરગોવિંદભાઈ, ગૌતમભાઈ, પ્રતાપભાઈ, નિરંજનભાઈ પાટડીયા તથા સ્વ. શારદાબેન ચંદુલાલ પરમાર તથા કુંદનબેન જયંતીલાલ ગોહેલના બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાથડીયા ઉનેવાળ બ્રાહ્મણ**

મોઠા નિવાસી હાલ ભાયંદર, ગં. સ્વ. મંજુલાબેન શાંતિલાલ ઉપાધ્યાય (ઉં.વ. ૭૫) ૧૪/૭/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે નિકુંજ, અલ્પા મિલન ભટ્ટ, જીજ્ઞા અજયભાઇ સંઘવી, વૈશાલી સંતોષ પંધેના માતુશ્રી. જાનકીના સાસુ. પિયરપક્ષે સ્વ. જેકુંવરબેન વીરજીભાઈ ભીમજીભાઈ ઓઝા ઊંટિયા રાજુલાના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૧૭/૭/૨૫ના ૪ થી ૬. શ્રી મહેશ્વરી ભુવન, મહેશ્વરી રોડ, ૧૫૦ ફિટ રોડ, આઈ ડી બી આઈ બેંકની સામે, ભાયંદર (વે.).

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી હાલ વિરાર, સ્વ. ધીરજબેન ચંદુલાલ કાચલીયાના પુત્ર વિકાસભાઈ (ઉં.વ. ૬૦) ૮/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જયેશભાઇ વ્રજલાલ પરીખના જમાઈ. તૃપ્તિ (ટીના)ના પતિ. સ્વ. પ્રદીપભાઈ, સ્વ. કવિતાબેન, અનિતાબેન, જ્યોતિબેન, જીતુભાઇના ભાઈ. રાકેશભાઈ, કામિની શાહના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

શ્રીમાન નિરંજન માધવજી મર્થક (ઉં.વ. ૭૮) ૧૫/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે તરુલતાબેનના પતિ. ઘનશ્યામભાઈ, ધનલક્ષ્મી, ચેતન તથા ઉમેશના પિતા. ગીતા, ડોરીશ તથા રાજેશકુમાર સિંઘવડના સસરા. ગં. સ્વ. રમાબેન પડિયા, સ્વ. કાંતાબેન આશરાના ભાઈ. વલ્લભદાસ જગજીવનદાસ કાટબામણાના બનેવી. તેમની લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિરંજન મર્થક ૭, આદમ ગંગા વાલા ચાલ, ચીંચોલી બંદર રોડ, ઇન્ફાન્ટ જીજસ સ્કૂલની પાછળ ચીંચોલી મલાડ વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ શેઠ વડાળા હાલ નાલાસોપારા, સ્વ. રમેશભાઈ ભગવાનજી ખાખરીયા (ઉં.વ. ૬૭) તે જીવનભાઈ, સ્વ. કાન્તિભાઈ, વિનોદભાઈ, પ્રફુલ્લભાઈ ગીતાબેન, સ્વ. હંસાબેનના ભાઈ. નાથાલાલ કુરજી ખીલોસીયા (પોરબંદર)ના જમાઈ. સુમિત, પુનમ અને પરીતાના પિતા. કાજલ, વિક્રાંત તથા નિકુંજના સસરા તા. ૧૩/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૭/૭/૨૫ના ૪ થી ૬. ગુરુકૃપા હોલ, રેલ્વે સ્ટેશન સામે, નાલાસોપારા ઈસ્ટ. લૌકીક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

સાયલા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. યશલક્ષ્મી મનુભાઈ પારેખના પુત્ર અતુલભાઈ પારેખ (ઉં.વ. ૬૯) તા. ૧૪-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. નિતાબેનના પતિ. જનિતના પિતા. બટુકભાઇ અને વસુમતીબેનના જમાઈ. જેનીના સસરા. સ્વ. નિતીનભાઈ અને હર્ષદના ભાઈના નાનાભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯ જુલાઇ ૨૦૨૫, શનિવારના ૪.૩૦ થી ૬.૩૦. ઇન્ટર લિંક બેન્ક્વેટ હોલ, વિધાવીહાર વેસ્ટ.

# પારસી મરણ

સામ અરદેશીર સકલાતવાલા તે આરમઈતીના ધની. તે મરહૂમો દોલી અરદેશીર સકલાતવાલાના દીકરા. તે કરીન ને અનોશના પપ્પા. તે ફિરોઝ ને ઝુબીનના સસરા. તે પરવીનના ભાઈ. તે જેહાન ને ફેહાનના મમાવાજી. (ઉં.વ. ૭૯) રે.ઠેઃ લેડી દોરાબ તાતા બિલ્ડિંગ, ભોંયતળિયે, તાતા બ્લોક્સ, એસ.વી. રોડ, બાંદ્રા (વે), મુંબઈ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૦૭-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા તાતા અગ્યારીમાં.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વલ્લભીપુર નિવાસી (હાલ મલાડ) સ્વ. કાળિદાસ બેચરદાસ ગાંધીના સુપુત્ર પ્રવીણભાઈ (ઉં.વ. ૭૮) તા. ૬-૭-૨૫, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કળાબેનના પતિ. મેહુલ, પ્રીતિ મેહુલકુમાર, રિદ્ધિ વિનીતકુમારના પિતાશ્રી. દર્શનાના સસરા. નવીન, સ્વ. મહેન્દ્ર, નિલેશ, કમલેશ, શરદ, સ્વ. દક્ષાબેન પ્રતાપરાય વારૈયાના મોટાભાઈ. નીલા, સ્વ. નિકિતા, રાજુલ, જયશ્રી, કિરણના જેઠ. તે જસપરાવાળા (હાલ મુલુંડ) શ્રી સ્વ. મનસુખલાલ કેશવજી શાહના જમાઈ. ભાવયાત્રા શનિવાર, તા. ૧૯-૭-૨૫ના સ્થળઃ બીએપીએસ સ્વામીનારાયણ હોલ, દત્ત મંદિર રોડ, મલાડ (ઈસ્ટ), સવારે ૯.૩૦થી ૧૨.૦૦.

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામ ખંભાળિયા નિવાસી હાલ ભીંવડી, સ્વ. જયંતીલાલ સવચંદ સંઘવીના ધર્મપત્ની ધીરજબેન (ઉં.વ. ૭૯) તા. ૧૪-૭-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે અ.સૌ. ભારતી, કિરીટ તથા નિલેષના માતુશ્રી. શ્રી. શરદકુમાર કાંતિલાલ દોશી, અ.સૌ. સ્વાતિ, સ્વ. ભાવનાના સાસુ. ચિ. જીનલ, ચિ. વિભૂતિના દાદી. ચિ. ઉર્વી, દિશા, વિધિના નાની. પિયર પક્ષે- સ્વ. પ્રભાબેન વૃજલાલ પાનાચંદ મેહતા (જેતપુર)ના દીકરી. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ બોરીવલી પારસ જગદીશભાઈ વલમદાસ પંચમિયા (ઉં.વ. ૪૨) તા. ૧૪/૭/૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે દિપ્તીના પતિ. સ્વજોષના પિતા. વિશાખા નેહલભાઈના દિયર. મોરબી (ટીકર) નિવાસી દિલીપભાઈ નવલચંદ મહેતાના જમાઈ. આનીયા, વિયાનના કાકા. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા નીમા જૈન**

કપડવંજ નિવાસી હાલ કાંદિવલી, જયાબેન દોશી (ઉં.વ. ૭૮) ૧૫/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. બાબુલાલ હેમચંદ દોશીના પુત્રવધૂ. સ્વ. મનુભાઈના ધર્મપત્ની. દેવાંગ, રાગીણીના માતુશ્રી. અર્ચના, સૌરભના સાસુ. પલક, યેશા, હર્ષના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી, મહેન્દ્રભાઈ રતીલાલ શાહના ધર્મપત્ની ધર્મીષ્ઠાબેન (ઉં.વ. ૮૬) તા. ૧૫-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રિતી - દીપક, સ્નેહા - સંજય, મેહુલના માતુશ્રી. રમેશ - ભાવનાના ભાભી. સ્નેહ - ઝીલ, શિમોની - કિશન, ઉર્વ્વી - ધ્રુવ, સનીકાના નાની. કેશવલાલ વચેચંદ કાપડિયાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચણાકા નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. માતુશ્રી માલતીબેન મનહરલાલ રસિકલાલ રૂપાણીના સુપુત્ર અલ્પેશભાઈ (ઉં.વ. ૫૧) તે મીરાબેનના પતિ. નેહલબેન બીજલભાઈ શાહ, સંજયભાઈના ભાઈ. સ્વ. જયાબેન નટવરલાલ, શશિકાન્તભાઈ રસિકલાલ, સ્વ. પુષ્પાબેન ભરતભાઈ, મધુબેન સતિષભાઈ, જ્યોતિબેન જેસીંગભાઇના ભત્રીજા. સ્વ. પુષ્પાબેન ધીરજલાલ મેહતા, સ્વ. મીનાક્ષીબેન યોગેશભાઈ, રસીલાબેન પ્રકાશભાઈ, નીરુબેન શરદભાઈ, અશ્વિનભાઈ રતિલાલ, અશ્મિતાબેન નરેન્દ્રકુમારના ભાણીયા. તા. ૧૫/૭/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી જૈન**

સુદામડા નિવાસી હાલ ભાયંદર હસમુખલાલ વાડીલાલ શાહ (મશ્કરીયા)ના ધર્મપત્ની રેખાબેન (ઉં.વ. ૭૯) તા. ૧૪-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રિતેશ, ફાલ્ગુની મનીષકુમાર મડિયાના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# દર અઠવાડિયે મારી તસવીર સાથે કોઈ ગોસિપ ન છપાય એવું ભાગ્યે જ બનતું!

(ભાગઃ ૩)

**નામઃ મેરેલિન મનરો**

સમયઃ ૫ ઓગસ્ટ, ૧૯૬૨ (સવારે ૩.૫૦)

સ્થળઃ ૧૨૩૦૫ ફિફ્થ હેલેના ડ્રાઈવ, બ્રેન્ટવૂડ, લોસ એન્જેલસ

ઉંમરઃ ૩૬ વર્ષ

પાતળી, નીચી અને નાજુક બાંધો ધરાવતી એક બ્લોન્ડ છોકરી, હોલિવૂડની દુનિયામાં હું પગ મૂકી શકીશ અને આવી, નહીં ધારેલી સફળતા મને મળશે એવું મારી આસપાસના લોકોએ વિચાર્યું હોય કે નહીં, મેં જરૂર વિચાર્યું હતું. સાવ નાનકડી ઉંમરથી જ મને એટલું સમજાઈ ગયું હતું કે, હું ખૂબ સુંદર છું. મારી અધમીચેલી આંખો, મારકણું સ્મિત અને ગજબનાક વળાંકો ઉપર કોઈપણ માણસ ફીદા થઈ જાય છે એ અનુભવ મને ટીનએજથી થવા લાગ્યો હતો. સ્ટિવને મળી ત્યારે મને લાગતું હતું કે, લગ્ન કરીને ઠરીઠામ થવું, સંતાનોને જન્મ આપવો ને એક ગૃહિણી બનીને સુખથી રહેવું એ જ મારા જીવનનું ધ્યેય છે, પરંતુ એ વિચાર બહુ લાંબો સમય ચાલ્યો નહીં... મારા મોડલિંગના પહેલા એસાઈમેન્ટથી જ મને આકાશને આંબતી મારી મહત્ત્વકાંક્ષાઓએ ઘેરી લીધી.

૧૯૪૭માં 'ડેન્જરસ યર્સ' નામની પહેલી ફિલ્મ મળી, ત્યારે બહુ લાંબો રોલ નહોતો, પરંતુ એ ફિલ્મમાં લોકોએ મારી નોંધ લીધી. એ પછી ૧૯૪૮થી જે ટેકઓફ લીધો એમાં 'લેડીઝ ઓફ ધ કોરસ' (૧૯૪૮), 'લવ હેપ્પી' (૧૯૪૯), ટિકિટ ટુ ટોમહોક (૧૯૫૦), 'ધ આસફાલ્ટ જંગલ' (૧૯૫૦), 'ઓલ અબાઉટ ઈવ' (૧૯૫૦), 'ધ ફાયર બોલ' (૧૯૫૦), 'રાઈટ ક્રોસ' (૧૯૫૧), 'હોન ટાઉન સ્ટોરી' (૧૯૫૧), 'એઝ યંગ એઝ યુ ફીલ' (૧૯૫૧), 'લવ નેસ્ટ' (૧૯૫૧), 'લેટ્સ મેક ઈટ લિગલ' (૧૯૫૧)... આવી ફિલ્મોએ મને જબરજસ્ત પ્રસિદ્ધિ અપાવી. ૧૯૫૨માં અને '૫૩માં પણ મારી ફિલ્મોએ જબરજસ્ત બિઝનેસ કર્યો, જેમાં 'મંકી બિઝનેસ' અને 'હાઉ ટુ મેરી એ મિલિયોનેર' જેવી ફિલ્મો ચર્ચાસ્પદ રહી. હું હોલિવુડની એક એવી સ્ટાર બની ગઈ જેની એક ઝલક મેળવવા માટે ફોટોગ્રાફર્સ કલાકો પ્રતીક્ષા કરતા. ૧૯૫૩ સુધી મારી પાસે એક દિવસનો પણ સમય નહોતો. હું રાત-દિવસ શુટિંગ કરતી. 'હાઉ ટુ મેરી એ મિલિયોનેર' પછી મારા એજન્ટ ડેવિડ માર્ચ મને વારંવાર બ્રેક લેવાનું કહ્યા કરતા હતા. જોકે, હું કારકિર્દીના શિખર પર હતી અને બ્રેક લેવાનું મને પોષાય તેમ નહોતું!

આ એવો સમય હતો જ્યારે દિવસ દરમિયાન હું સેટ ઉપર, સાથી કલાકારો સાથે, મેક-અપ પર્સન અને મારી આસપાસ ફરતાં પબ્લિસિટી એજન્ટ અને ફોટોગ્રાફર્સથી ઘેરાયેલી રહેતી. અમેરિકાના અખબારમાં અઠવાડિયે એક વાર મારી તસવીર સાથે કોઈ ગોસિપ ન છપાય એવું ભાગ્યે જ બનતું, પરંતુ હું જ્યારે ઘરે પહોંચતી ત્યારે હું સાવ એકલી અને ડિપ્રેસ્ડ થઈ જતી. દિવસ આખો પ્રસિધ્ધિ અને ગ્લેમર વચ્ચે વિતાવ્યા પછી આ સાંજની એકલતા મારાથી સહેવાતી નહીં. એ વખતે મને મારા બાળપણના દિવસો, વિતેલા પડછાયા અને એ પીડાદાયક સંસ્મરણો બહુ તકલીફ આપતા. મેં એનાથી છુટવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ કોઈક કારણસર હું આ વિચારોમાંથી મુક્ત થઈ શકતી નહીં. આ એવો સમય હતો જ્યારે લોકોને લાગતું કે, હું પ્રસિદ્ધિના શિખરે છું, પરંતુ મારી એકલતા મારે માટે અભિશાપ બની જતી. મને અનિદ્રા-એન્સોમ્નિયાનો રોગ થઈ ગયો. હું એટલી બધી એકલી હતી કે, ક્યારેક ઘરમાં રહેવાને બદલે હોટેલમાં રહેવા ચાલી જતી. હોટેલની લોબીમાં કલાકો એકલી બેસી રહેતી. આ એવા દિવસો હતા જ્યારે મારી મા ગ્લેડિઅસ નર્સિંગ હોમમાં રહેતી હતી. હું ક્યારેક એને મળવા જતી, અફકોર્સ ચશ્મા પહેરીને, સ્કાર્ફ બાંધીને, મારી ઓળખ છુપાવીને-પરંતુ, ઓળખ તો મારે માત્ર લોકોની સામે જ છુપાવવાની હતી કારણ કે, ગ્લેડિઅસ તો હવે કોઈને ઓળખતી જ નહોતી! ૧૯૫૩માં એણે એક વાર નર્સિંગ હોમમાં આપઘાતનો અને એક વાર ભાગી છુટવાનો પ્રયાસ કર્યો હતો. એ પછી એને સુપરવિઝનમાં રાખી, પણ એની હાલતમાં કોઈ સુધાર નહોતો આવ્યો એટલે ક્યારેક મને એવો ભય લાગતો કે, હું પણ મારી માની જેમ પાગલ થઈ જઈશ... એ વિચારો મારા પર એટલા હાવિ થઈ જતા કે, ડરની મારી હું ગાડી લઈને લોસ એન્જેલસના રસ્તાઓ પર ફરતી



રહેતી. ટ્રાફિક અને આવતા-જતા લોકોની અવરજવરથી મને સુરક્ષાનો અહેસાસ થતો. હું એકલી રહી શકતી નહીં! એ ગાળામાં મારા એજન્ટે મને ડોક્ટર રાલ્ફ ગ્રીનસન સાથે ઓળખાણ કરાવી. ડોક્ટર રાલ્ફ ગ્રીનસન હોલિવૂડના પ્રખ્યાત સાયકિયાટ્રીસ્ટ હતા. મોટાભાગના હોલિવૂડ સ્ટાર્સ એમના પેશન્ટ્સ હતા. ડોક્ટર ગ્રીનસને મને પહેલીવાર ઉંઘની ગોળીઓ લખી આપી, જેનાથી મને અપાર રાહત મળી.

એ જ દિવસોમાં ડો. રાલ્ફ ગ્રીનસને મને કોઈક વ્યક્તિને ડેટ કરવાનું સૂચન કર્યું. હું એટલી વ્યસ્ત હતી કે, મારા જીવનમાં એ વખતે કોઈ પુરુષ નહોતો... કારકિર્દી સિવાયનો કોઈ વિચાર મને આવે એમ જ નહોતો... મારા પબ્લિસિટી મેનેજર ડેવિડ માર્ચે મને એક બ્લાઈન્ડ ડેટ ગોઠવી આપવાનું સૂચન કર્યું. બ્લાઈન્ડ ડેટ એટલે ડેટ પર મળનાર બંને વ્યક્તિઓને ખબર ન હોય કે, એ કોને મળવા જઈ રહ્યા છે. આમાં થોડું એક્સાઈટમેન્ટ, થોડું થ્રિલ, અને થોડું સરપ્રાઈઝ રહે. અમેરિકામાં એ સમયે આ 'બ્લાઈન્ડ ડેટ' એક નવું આકર્ષણ હતું. મારા પબ્લિસિટી મેનેજરે મારે માટે એક ફાઈવસ્ટાર હોટેલનો ખાસ રૂમ બુક કર્યો. હું તૈયાર થઈને એ રૂમમાં પહોંચી... મારા 'ડેટ'ની પ્રતીક્ષા કરી રહી હતી ત્યારે જાણીતા બેઝ બોલ પ્લેયર જો ડિમીએગો આવી પહોંચ્યા. એ પણ મને જોઈને અત્યંત આશ્ચર્યચકિત થયા. એમણે કોઈ દિવસ નહોતું ધાર્યું કે, એમની મુલાકાત લાખો દિલોની ધડકન એવી મેરેલિન મોનરો સાથે થશે... પહેલી જ મુલાકાતમાં મને જો અત્યંત શાલિન અને શાંત વ્યક્તિ લાગ્યા. એમનામાં એક ઠરેલ વ્યક્તિ અને સમજદાર મિત્ર દેખાયા મને. જ્યારે જોને મારી સરળતા અને બાળસુલભ નિર્દોષ વ્યક્તિત્વ ગમી ગયું. એમના કહેવા પ્રમાણે એ મારા તરફ પહેલી જ મુલાકાતમાં આકર્ષિત થઈ ગયા હતા... પરંતુ, અમે લગ્નનો વિચાર કરી શકીએ એવી સ્થિતિમાં નહોતા.

૧૯૫૨થી ૧૯૫૩ના ક્રિસમસ સુધી અમે એકમેકને ડેટ કરતા રહ્યા. દરમિયાનમાં જો એ મને બે વાર પ્રપોઝ કર્યું, જેને માટે હું તૈયાર નહોતી. ૧૯૫૩ના ન્યૂ યર ઈવની પાર્ટીમાં હું જોની સાથે પબ્લિકલી અપિયર થઈ. અમે અમારી રિલેશનશિપ સ્વીકારી અને ૧૪મી જાન્યુઆરી, ૧૯૫૪ના દિવસે અમે લગ્ન કર્યાં... જોકે, આ લગ્નનું આયુષ્ય બહુ નહોતું. મારી એક ફિલ્મ 'સેવન યર્સ ઈચ' નું શુટિંગ ચાલી રહ્યું હતું. ફિફ્ટી સેકન્ડ સ્ટ્રીટ લેક્સિન્ટન એવન્યૂ પર સેંકડો લોકો શુટિંગ જોઈ રહ્યા હતા. એ સીનના શુટિંગ દરમિયાન ન્યૂયોર્કની સબવે ટ્રેનના એક્ઝોસ્ટ ફેનની ઉપર હું પહોંચી ગઈ. નીચેથી ટ્રેન પસાર થઈ. મારું સફેદ રંગનું હળવું ફૂલ ફ્રોક એ ટ્રેન પસાર થવાને કારણે ઉડ્યું... મારા ડિરેક્ટરને એ આખી સિક્વન્સ એટલી બધી ગમી ગઈ કે, એમણે ટ્રેન આવે ત્યાં સુધી રાહ જોઈને એ સીનને અમારી ફિલ્મ 'સેવન યર્સ ઈચ'નો હિસ્સો બનાવ્યો. ફિલ્મી પડદે તો એ સીન અમર થઈ ગયો. અનેક લોકોએ એ સીન જોવા માટે 'સેવન યર્સ ઈચ' ફિલ્મ એકથી વધુ વાર જોઈ... ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ થઈ ગઈ (એના પરથી ગુજરાતી નાટક બનેલું-'સરી જતી સુંદરી').

જો ડિમીએગો આ સીનને કારણે ખૂબ નારાજ થયો. આમ પણ એ ઈચ્છતો હતો કે, હું લગ્ન પછી અભિનય છોડી દઉં, પરંતુ હું તૈયાર નહોતી. મારી મહત્ત્વાકાંક્ષાઓ ઘણી વધારે હતી. એમાં 'સેવન યર્સ ઈચ'ના એ સીનના શુટિંગ પછી જો ડિમીએગો મને હોટેલ લઈ ગયો. ત્યાં અમારી વચ્ચે ખૂબ દલીલો થઈ અને એણે ગુસ્સામાં હાથ ઉપાડ્યો. મેરેલિન મનરો-હોલિવૂડની સ્ટાર પર એણે હાથ ઉપાડ્યો! મેં એ જ ક્ષણે નક્કી કરી લીધું કે, હું એની સાથે નહીં રહું. ૯ મહિનાના લગ્નજીવન પછી અમે છૂટાછેડા લીધા. હિંસા અને માનસિક અત્યાચારના મારા દાવાનો જોએ કોર્ટમાં કોઈ વિરોધ ન કર્યો, બલ્કે જ્યારે જજે એને પૂછ્યું કે, એ શું ઈચ્છે છે ત્યારે એણે જવાબ આપ્યો, કે મેરેલિન જે ઈચ્છે છે એ જ મારી ઈચ્છા છે. ૨૭ ઓક્ટોબર, ૧૯૫૪ના દિવસે અમારા છૂટાછેડા મંજૂર થઈ ગયા. શ્રીમતી ડિમીએગોમાંથી હું ફરી એકવાર મેરેલિન મનરો બની ગઈ. ફરી સિંગલ, ફરી એકલી અને ફરી ડિપ્રેસ્ડ.

ઉંઘની ગોળીઓ ફરી મારો સહારો બની... ત્યારે કોઈ નહોતું જાણતું કે, આ જ ઉંઘની ગોળીઓ મારા મૃત્યુનું કારણ પણ બનશે. (ક્રમશઃ) ■

---

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# અબે, આન્ટી કિસકો કહતે હો...?!




ઉપરનું છાપરું થોડા થોડા દિવસે સફેદ થઈ જાય ત્યારે અરીસામાં મોઢું જોવાનું કોઈને ગમતું નથી. એ જ રીતે ઉંમર વધતાં ધીમે ધીમે ઉપરના છાપરાના ઘટાદાર વાળ કે જે એક જમાનામાં સ્ત્રીઓ લટ રૂપે ઉછાળતી રહેતી અને પુરુષો ફૂંક મારીને પોતાના વાળ ઉડાડીને વટ પાડતાં રહેતા તો કેટલાક વારે વારે વાળમાં હાથ નાખીને પોતે યુવાન છે એવું સર્ટિફિકેટ જાતે જ લઈ લેતા,પણ ...... પણ આ જ વાળ, કે જેમાં તમે વારંવાર હાથ નાખીને આગળ - પાછળ, ઉપર - નીચે કરીને લાડ લડાવ્યાં હોય, એ ખરે સમયે દગો દઈ જાય ત્યારે 'વક્ત ને કિયા, ક્યા હસીં સિતમ..' કે પછી 'જાનેવાલે કભી નહીં આતે...' જેવાં ગીતો બાંકડે બેસીને ગાઈને પોતાનાં દર્દને વહેતું કરી લેવું પડે છે.

આ જગતવ્યાપી દુઃખદ સંજોગો માટે આવા છાપરા વિહોણાં ભાઈ - બહેનોનો સર્વે કરતાં કેટલીક વાતો ધ્યાનમાં આવી. એ અહીં લખવાથી કદાચ જે જે મારાં તમારાં જેવાં સમદુઃખિયાઓ છે એમને હાશકારો થાય.

એક ભાઈને મેં પ્રશ્ન પૂછેલો : 'ભાઈ, આવું ક્યારથી થઈ ગયું?'

ભાઈએ પોતાના સફાચટ, ચળકતા, ચમેલીના તેલ પાયેલા માથા ઉપર પ્રેમાળ હાથ ફેરવતાં ઠૂઠવો જ મૂક્યો :

'બહેન, શું કરું એ કંઈ જ સમજાતું નથી. એવાં કેવાં મેં પાપ કરેલાં કે આવું ભોગવવાનું આવ્યું! જ્યારે માથા ઉપર ઘેરાયેલાં વાદળોની માફક ઘટાદાર કાળા ભમ્મર વાળ હતા ત્યારે હું વેંત વેંત ઊંચો ચાલતો હતો. રાજેશ ખન્નાની જેમ ફૂંક મારીને વાળ ઉછાળતો (કોમેડિયન મહેમૂદ પણ આમ જ પોતાના વાળગુચ્છ ઉડાડતો ! ). એ વખતે બાએ બતાવેલી કેટલીય સુંદર છોકરીઓને ના પાડતો જ ગયો. પછી તો બા પણ ઉપર સિધાવી ને આ તરફ અમારા ઉપરના છાપરાના ઝુલ્ફો ધીમે ધીમે ક્યારે સફાચટ થઈ ગયા, એ ખબર જ ન પડી. હવે હું હા પાડું છું, પણ છોકરીઓ મને જોઈને મોં મચકોડીને ચાલતી પકડે છે અને જતી જતી પાછી પોતાની મોટી લટને આંગળીઓમાં રમાડતી રમાડતી ને મને જલાવતી પણ જાય છે. બહેન, શેરના ભાવ આસમાને હોય ત્યારે વેંચી જ કાઢવાના. ખોટા ભાવ ખાવામાં ક્યારે શેરના ભાવ ગગડી જાય (મારી જેમ), એ કંઈ કહેવાય નહીં....સમજ્યાં?'

પછી એ ભાઈ, પૂરી આર્દ્રતાથી મારાં માથે થયેલાં ધોળાં- કાળાં મિશ્રણને જોઈને હજી પૂછવા જ જતા હતા, ત્યાં 'અમે તો ભાઈ, પરણેલાં છીએ.' એમ જણાવીને ત્યાંથી આગળ જ નીકળી ગયાં.

બીજા એક સર્વેમાં મેં એક ભાઈને પૂછ્યું, 'ભાઈ, આ વાળ રિસાઈ ગયા, એનો રંજ તમને થાય છે ખરો?'

પેલા ભાઈએ ફિલોસોફર જેવો ગહન પોઝ આપતાં, નર્મદની જેમ લમણે આંગળી મૂકીને, બે ચાર મિનિટ બાદ કહ્યું, 'યુ નો, મને એમ લાગે છે કે યુવાનીમાં લગ્ન થાય, ત્યારે આપણે ઉડ્ડયન કરીએ. કારણ કે બંને પક્ષે (પતિ અને પત્ની) છાપરા ઉપરનો ફાલ ભર વસંતની જેમ લીલોછમ અને ઘટાદાર હોય. પણ પછી બાળકો આવે, જવાબદારી વધે, મા - બાપ ઘરડાં થાય, માંદગી વધે, ચિંતા વધે, નોકરીનું ટેન્શન, સામાજિક, આર્થિક ટેન્શન. અને એમાં તન - મન બંને ઘસાઈ જાય. પાનખર શરૂ થઈ જાય ત્યારે ફરી આપણને એમ થાય કે સરસ જીવી લેવું જોઈએ. પડોશમાં રહેવા આવેલી ચાંદ જેવી પડોશણને જોવા રોજ બારી ખોલું છું, પણ આ સફાચટ છાપરું જોઈને કે શું મને જોઈને, એણે બારી ફટાક દઈને બંધ કરી દીધી.'

મેં કહ્યું, 'એ કદાચ તમારું અનુમાન માત્ર હશે. બારી બંધ કરવાનું કારણ કોઈક બીજું પણ હોઈ શકે ને, ભાઈ!'

'ના બહેન, એ ચંદ્રમુખીએ પોતાના હબીના માથાના વાળ ઘસતાં કહ્યું હતું કે 'હબી, રોજ મારી પાસે વાળમાં માલિશ કરાવજે. નહીંતર સામેની બારીએ તો એક પૂનમનો ચાંદ છે જ અને આ તરફ તું બીજો!' ના બાબા ના...! હબી, હું તો હવે એ તરફની બારી ખોલતી જ નથી.'

'તે તમે કેવી રીતે એમની વાત સાંભળી હતી , ભાઈ?'

'કારણ કે હું રોજ જ એ બારીએ કાન માંડીને ઊભો રહું છું કે મને એનાં દીદાર થાય. બટ, આઇ એમ લુઝર... ...'

મને એ લુઝર ભાઈની થોડી દયા આવી ગઈ. મેં કહ્યું, 'ભાઈ, તમે પણ એ પૂનમના ચાંદનું અભિમાન ઉતારી શકો છો. જો તમે ધારો તો...'

'પણ હું તો હજી પણ એક તરફો પ્રેમ કરું છું. એનું શું?'

'તો રહેવા દો ભાઈ, તમારું માથું ફૂટે તો મને કહેશો નહીં. છતાં લગે રહો. બેસ્ટ લક!'

બારીએ વારંવાર ડોકિયાં કરવાં, બંધ બારીએ ટકોરા મારવા, જતાં - આવતાં ઇશારા કરવામાં એકવાર એમણે મેથીપાક ખાધો. અને છેવટે અમને મળવા આવેલા એ ભાઈને અમે કહેલું, 'પહેલાં તો આ વાહિયાત વીગ પહેરવાનું બંધ કરો. ઉંમર ઉંમરનું કામ કરે છે જ. બસ, આયના સામે ઊભા રહીને બોલજો કે હું સુંદર છું... હું સુંદર છું... અને હા, બારી ખોલીને ફાંફાં મારવાનું તો બંધ જ કરજો. નહીંતર ફરી ક્યારેક તમારી પડોસણ કે એનો કહ્યાગરો પતિ વીફરશે તો... ...'


કાન પકડીને પછી એ ભાઈએ ગુલાંટ નહીં મારવાનું સ્વીકાર્યું, પણ જતાં જતાં મને કહે, 'મારે પેલો બદલો લેવો હોય તો શું કરી શકાય?'

મેં કહ્યું, 'વધારે કશું જ કરવાનું નથી. તમારી આસપાસના છોકરાઓને કહી રાખો કે પેલાં બહેનને જતાં આવતાં 'આન્ટી' જ કહીને બોલાવે. તમે પણ એ જ્યારે સામે મળે, ત્યારે 'આન્ટી, તમારા આ વાળને શું થયું? પહેલાં તો કેટલા ઘટાદાર હતા! અને હવે કેમ સાવ આવું થઈ ગયું?' તમારી પત્નીને પણ આમ પૂછવાનું કહી દો. બે - ચાર વાર આન્ટી કહેશો અને એમના વાળ ઉપરના ગર્વને ખંડિત કરશો ને, તો એ ગુસ્સે થઈને કહેશે કે 'અબે, મુઝે આન્ટી મત કહો! બસ,એ સાથે જ તમારાં વેરનાં વળામણાં પૂરાં !' ■

---

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# કાંટા લગા... કંટાળો !



મે મહિનાનું પહેલું અઠવાડિયું. શહેરભરમાં ગરમી પુરજોશથી વર્તાય રહી હતી. રસ્તાઓ પર ગરમ લૂનું વર્ચસ્વ ને ઘરમાં પંખા, એરકન્ડિશનર લગાતાર ચાલુ. એવામાં તેર વર્ષની અનાયા ડ્રોઈંગ રૂમની જમીન પર પસરાઈને છતને તાકી રહેલી. જાણે છતમાંથી હમણાં કંઈક મજેદાર ટપકી પડશે એની રાહ જોતી હોય એમ.

'હું ભયંકર બોર થઈ રહી છું...' એણે સવારથી લઈને અત્યાર સુધીમાં લગભગ સાતમી વખત એકનું એક વાક્ય દોહરાવતા કહ્યું. મમ્મી માંડ નવરી પડેલી એટલે એ મોબાઈલ મચડવામાં મશગૂલ હતી. એણે અનાયા સામે જોયાં વગર ફરમાવ્યું :

'તો જા તારો રૂમ સાફ કરી લે....'

અનાયાએ કંટાળાના ભાવ સાથે રીતસર મોઢું મચકોડ્યું.'

'એવું કામ કોણ કરે. એમાં તો વળી વધુ કંટાળો ચડશે.'

વેકેશન પડ્યું એના ગણ્યાં-ગાંઠ્યા દિવસોમાં એ આ બધું અજમાવી ચૂકેલી. સોશ્યલ મીડિયા રીલ્સથી માથું ને ઓનલાઈન ગેમ્સ થકી અંગૂઠા દુઃખવા લાગેલા. નાના ભાઈ સાથે લૂડો રમવામાં ચીતરી ચડતી. મમ્મીને મદદ કરવાના કામ તો એને મહા બોરિંગ લાગતાં. કોઈ પણ નવી વાત, વસ્તુ કે વિચારમાં એનો જીવ દસ મિનિટથી વધારે ચોંટતો નહીં. 'આ વખતે વેકેશનની રજાઓ એને પહેલા જેવી કેમ નથી લાગતી?' એ પ્રાણ પ્રશ્ન એને રોજ મૂંઝવતો.

અનાયાની બધી ફ્રેન્ડ્સ ક્યાંકને ક્યાંક વ્યસ્ત ને મસ્ત હતી. મીરા બેંગ્લોરમાં કોઈ રોબર્ટેક્સ કેમ્પમાં હતી તો અનુજા મનાલીમાં મોજ કરતી હતી. સિમરન યુરોપ ટુર પર હતી તો સ્વરા હેન્ડમેડ પર્સ બનાવી એને 'ઈન્સ્ટાગ્રામ' પર વેંચી રહેલી. ટૂંકમાં બધાં આનંદમાં ગરકાવ હતાં. ત્યારે અનાયા કંટાળા અને બોરડમની દુનિયાની ક્વીન બની બેસેલી.

આજે પણ આખો દિવસ એમને એમ ચાલ્યો ગયો. બપોર પછી એણે પોતાની જૂની સ્કેચબુક ખોલી, પણ કંઈ દોરી ના શકી. મમ્મીના ડેસ્ક પરની નોવેલ એને હાસ્યાસ્પદ, પપ્પાનું ઓફિસ મેગેઝિન આઉટડેટેડ અને દાદા વાંચતા એ પુસ્તક વેદીયું લાગ્યું. ચિત્ત ક્યાંક ચોંટાડવા એણે કોરિયન રોમકોમ સિરીઝ જોવાની ચાલુ કરી, પણ એમાંથી તુરંત ધ્યાન ભટકી ગયું. ફોન જોયો, કોઈના મેસેજ નહોતાં.

સાંજે પાંચ વાગતા એણે હાર માની લીધી. જઈને ઊભી બાલ્કનીમાં, પણ ગરમ હવાએ એવો જોરદાર તમાચો માર્યો કે બીજી મિનિટે અનાયા એ.સી. નીચે પડી.

નાનપણમાં અનાયાને આ જ રજાઓ એટલી હદે વ્હાલી લાગતી કે ના પૂછો વાત. નાનીના ઘેર જવાનું, પાણીથી રમવાનું, રાત્રે આઇસક્રીમ ને બપોરે આઈસ ગોલા ખાવાના, પાર્કમાં જવાનું, મામાના છોકરાઓ સાથે મજાક-મસ્તી કરવાની. આહાહા..વો ભી ક્યા દિન થે! અને હવે? સ્કૂલમાં ભણવાથી તો છુટ્ટી મળી ગયેલી. પણ આખો દિવસ માત્ર સોફા ઉપર ફેલાયને સૂવાનું. ટીવી, મોબાઈલ ઘૂરતા રહેવાના અને કંટાળો- કંટાળો કૂટ્યા રાખવાનું.

'આવું કેમ થાય છે,મમ્મી?' અનાયાએ ફરી એકવાર પૂછેલા પ્રશ્નનો અંતે સીમાએ જવાબ આપ્યોઃ

'બેટા, અચાનક જ કાંઈ કરવું ના ગમે, કંટાળો આવ્યા રાખે એ ટીનએજની નિશાની છે. તું તેર-ચૌદ વર્ષની થઈ. આ ઉંમરે આવી રીતે મનનું બેચેન થવું એ સામાન્ય ગણાય. કારણ કે ના તું હવે બાળક રહી છો. ના પૂરેપૂરી એડલ્ટ. મનમાં અત્યારે છલોછલ ઊર્જાને શરીરમાં ઠાંસોઠાંસ એનર્જી ભરેલી છે, પણ એનો ઉપયોગ કરવાની દિશા નથી મળતી. એના કારણે કંટાળો ઊભો થાય એ સ્વાભાવિક છે. તારું મન વ્યસ્ત રહેવા માગે છે, પણ કઈ વાતમાં વ્યસ્ત રહેવું એ એને સમજાતું નથી...'

સીમાએ દીકરીને ખરેખર સરસ સમજણ આપી, પણ અનાયાને આટલું સાંભળવાનોય પાછો કંટાળો ચડ્યો હોય એમ ત્યાંથી ભાગી છૂટી.

બીજા દિવસે વળી એજ પ્રશ્નઃ

'કંઈ સમજાતું નથી, મમ્મી. મને એકદમ ખાલી-ખાલી લાગે છે.' સીમાએ હસતાં મોંએ ડોકું ધુણાવ્યુંઃ.

'દરેક ઉંમરનો એક ચોક્કસ સમય હોય છે. અત્યારે સમય છે નવું જાણવાનો-શીખવાનો-સમજવાનો. જરા બહાર નીકળ, કોઈની સાથે વાત કર. જા....' કહી સીમાએ દીકરીને બહાર તરફ રસ્તો બતાવ્યો.

અનાયાને માની વાત અજીબ લાગી, પણ એણે વિચાર્યું, 'ચાલો ટ્રાય તો કરીએ. કંટાળો આવશે તો મેલીશું પડતું..બીજું શું ?

પહેલી શરૂઆત એણે દોસ્તીનો હાથ લંબાવવાથી કરી. રસ્તાની સામે તરફ એક ખુલ્લા પડેલા પ્લોટમાં રોજ અમુક છોકરાઓને લાકડાની પટ્ટીઓમાંથી કંઈક અવનવું બનાવતા એ જોતી. આજે એ ત્યાં રૂબરૂ પહોંચી તો ખ્યાલ આવ્યો કે, પાસેની સોસાયટીમાં રહેતા અમુક છોકરાઓ લાકડાના વેરહાઉસનો કચરો લાવી ક્રિએટીવ વસ્તુઓ બનાવતાં. અનાયાએ એમાં ભાગીદાર થવાની તૈયારી બતાવી. ચવાતાં મને પેલા છોકરાઓએ હા પાડી. એક છોકરી આવવાથી રંગમાં ભંગ પડશે એવું એ ટીનએજ ટાબરિયાવને લાગ્યું, પણ અનાયા જુદી માટીની નીકળી. એણે તો એ જગ્યાની સાફ-સફાઈ કરી, ત્યાં ચોકથી મોટા ખાના દોર્યાં. પેલા લોકોએ બનાવેલી વસ્તુઓને વ્યવસ્થિત ગોઠવી. આસપાસની સોસાયટીઓમાં માર્કેટિંગ કરી આવી કે, 'અહીં જાતે બનાવેલી હેન્ડમેડ વુડન આઈટમ સસ્તા ભાવે મળશે...' નવું શીખવાની સાથોસાથ એણે જૂની વસ્તુઓમાંથી કિંમત ઉપજાવી. અધૂરામાં પૂરું જોવા આવનાર લોકોના નાના છોકરાઓને માટીનાં રમકડાં બનાવતાં શીખવવાની પણ શરૂઆત કરી.

આખા વેકેશનમાં પહેલી વાર એને મજા આવી. હવે એ ખાલી પ્લોટ એનો અડ્ડો બની ગયો. ધીમે ધીમે ઉનાળાની એ કંટાળાજનક રજાઓ ઉત્સવમાં બદલવા લાગી. મેદાનમાં હવે માત્ર ધૂળ અને સૂકા ઘાસના ટુકડા નહોતા. એ એક પ્રયોગશાળા બની ચૂક્યું હતું. આસપાસમાંથી વીસ-પચ્ચીસ છોકરા-છોકરીઓ ત્યાં ભેગા થતાં. એકબીજાને અવનવું શીખવતાં રહેતાં. અને સાંજે ઘેર જતાં પહેલાં રમતો રમતાં, ગપ્પાં મારતાં અને છૂટ્ટા પડતાં. બસ, બાકીના દિવસો આમ જ વિતતા ગયાં.

વેકેશન ખુલવાના છેલ્લા દિવસે અનાયાએ મેદાનમાં બેસી 'સ્નેપચેટ' પર એક પોસ્ટ મૂકતાં લખ્યુંઃ

'કદાચ આજ તો કંટાળાનો સાચો મતલબ છે. જ્યારે જૂનું ખૂટી જાય ને ત્યારે કંઈક નવું શરૂ કરવાનો સમય આવે. કંટાળો એક એવી ખાલી જગ્યા છે, જ્યાં તમે ધારો એ બનાવી શકો છો. સો ફ્રેન્ડ્સ, ઈફ યુ ગેટ બોર..ડુ સમથીંગ ન્યુ.'

આ તરફ સાંજ ઢળવા લાગેલી. ચારેબાજું અંધકાર પહેલાનો સોનેરી ઉજાસ ફેલાય ગયેલો. બધાં છોકરાઓ ફરી દિવાળીના વેકેશનમાં અહીં જ મળવાનો વાયદો કરી ઘેર પાછા ફરવા લાગ્યા.

અનાયાએ છેલ્લી નજર મેદાન તરફ નાખીઃ કાલથી સ્કૂલ શરૂ, ક્લાસ શરૂ...આ મેદાનમાં પહેલીવાર પગ મૂક્યો એ અનાયા ને આજની અનાયામાં જમીન-આસમાનનો ફર્ક હતો. એ જાણતી હતી કે, રજાઓ ભલે બોરડમથી શરૂ થઈ હોય, પણ જિંદગીની સોનેરી યાદો પણ એ કંટાળાને જ આભારી છે. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# મોન્સૂન બ્રાઈટ

મોન્સૂન બ્રાઇટ એટલે, મોન્સૂન એટલે કે વરસાદમાં બ્રાઇટ કપડાં પહેરવા., મોટાભાગની મહિલાઓ વરસાદમાં ડાર્ક કપડાં પહેરે છે. એટલે કે, અર્થ ટોનમાં જેમકે, બ્રાઉનના લાઈટ ડાર્ક શેડ, કે પછી બ્લેક, બ્લુ, ગ્રે વગેરે. આ કલરના કપડાં વરસાદમાં ચાલી જ જાય છે કારણકે ભીના થઇએ તો ડાર્ક કલરને હિસાબે ખરાબ નથી લાગતું. આ બધા કલર પહેરવાથી થોડો ડલ લુક પણ આવે જ છે, પરંતુ આના બદલે જો ફ્રેશ કલર્સ પહેરીયે તો લુક આખો અલગ આવે છે.

જેમકે,, ફ્રેશ કલરના પેન્ટ કે ટી શર્ટ, કે પછી ડ્રેસ જ કેમ ન હોય. આ કલરથી ઓવર ઓલ બ્રાઇટ લુક તો આવે જ છે સાથે મન પણ પ્રફુલ્લિત રહે છે.



## બ્રાઈટ ડ્રેસ

બ્રાઇટ ડ્રેસ એટલે કોઈ હટકે કલરનો ડ્રેસ જેમકે, યેલ્લો કે પછી રોયલ બ્લુ ડ્રેસ. આવા ડ્રેસ આઈ કેચર હોય છે. ક્રાઉડમાં તમે એકદમ જ તરી આવો છો. બ્રાઇટ કલરના ડ્રેસ તમને એક આકર્ષિત લુક તો આપે જ છે સાથે સાથે ઓવર ઓલ માહોલ પણ ફ્રેશ લાગે છે. બ્રાઇટ ડ્રેસનું ફિટિંગ તમે તમારી બોડી સ્ટાઇલ પરથી ડિસાઈડ કરી શકો. જેમકે, સુડોળ શરીર ધરાવતી યુવતી હોઝિયરીના ડ્રેસ પહેરી શકે. અને જેમનું શરીર ભરેલું છે તેઓ લુઝ ફીટના બ્રાઇટ ડ્રેસ પહેરી શકે. બ્રાઇટ કલર પહેરવાથી એક યન્ગ લુક આવે છે. ડ્રેસની લેન્થ તમે તમારી હાઈટ મુજબ પહેરી શકો. ડ્રેસની પેટર્ન એટલે કે, સ્ટ્રેટ ડ્રેસ પહેરવા છે કે ફલેરી ડ્રેસ એ તમે તમારી પર્સનલ ચોઇસના હિસાબે પહેરી શકો.

## બ્રાઈટ ટોપ

જયારે થોડું હટકે લાગવું હોય ત્યારે બ્રાઇટ ટોપ પહેરી શકાય. બ્રાઇટ ટોપ તમે કોઈ પણ બોટમ સાથે મિક્સ એન્ડ મેચ કરી શકો. ટોપની પેટર્ન અને ફેબ્રિક તમે તમારા બોડી ટાઈપ મુજબ સિલેક્ટ કરી શકો. જેમકે જો સુડોળ શરીર હોય તો તમે બ્રાઇટ કલરના ક્રોપ ટોપ ડેનિમ સાથે કે લુઝ પેન્ટ સાથે પહેરી શકો. જો તમારું શરીર ભરેલું હોય તો તમે બ્રાઇટ કલરના ઓવર સાઈઝ શર્ટ એન્કલ લેન્થ લેગિંગ સાથે પહેરી શકો. બ્રાઇટ કલરના ટોપ પ્લેન હોય તો વધારે સારા લાગે અને તેમાં પણ જો સોલિડ કલર હોય તો વધારે સારા લાગશે. મોન્સૂન આઉટિંગ માટે કોઈપણ કલરનું થ્રી ફોર્થ પહેર્યું હોય તો તેની સાથે પણ કોન્ટ્રાસ્ટ કલરમાં બ્રાઇટ કલરનું ટોપ પહેરવાથી આખો લુક બદલાઈ જશે.



## પેન્ટ

વરસાદમાં પેન્ટ એ સૌથી વધારે કમ્ફર્ટેબલ આઉટફિટ છે. તમે તમારી હાઈટ અને પર્સનાલિટી મુજબ પેન્ટની લેન્થ ડિસાઈડ કરી શકો. પેન્ટમાં ઘણા લેન્થ વેરિએશન આવે છે જેમકે, ફૂલ લેન્થ, એન્કલ લેન્થ, થ્રી ફોર્થ, કે પછી ક્ની લેન્થ. જો તમે બ્રાઇટ કલરનું બોટમ પહેરતા હોવ તો, ટીશર્ટ તમે લાઈટ કલરનું કે પછી પ્રિન્ટેડ પહેરી શકો. બ્રાઇટ કલર પેન્ટમાં ઘણા ઓપશન્સ આવે છે જેમકે, કલર વાઇસ એટલે કે, બ્લુ, ઓરેન્જ, ગ્રીન કે પછી યેલ્લો કે રેડ.

આ પેન્ટ પહેર્યા પછી ખૂબ જ બ્રાઇટ લુક આપે છે.




## એક્સેસરીઝ

બ્રાઇટ એક્સેસરીઝ તમારા લુકને ઓવરઓલ હાઈલાઈટ કરશે. જેમકે જો તમે આખો બ્લેક કલરનો ડ્રેસ પહેર્યો હોય તો, તેની સાથે બ્રાઇટ યેલ્લો કલરની એક્સેસરીઝ એક હટકે લુક આપશે. એકસેસરીઝમાં ચપ્પલ્સ, બેગ, ગ્લાસીસ, બ્રેસલેટ વગેરેનો સમાવેશ થાય છે. એક્સેસરીઝ એ એક એડ ઓનનું કામ કરે છે. તમારા ઓવર ઓલ લુકને વધારવાનું કામ એક્સેસરીઝ કરે છે. મોન્સૂનમાં તો ખાસ કરીને કોન્ટ્રાસ્ટ કલરની એક્સરીઝ પહેરવી જોઈએ તેથી આખું વાતાવરણ જ ખુશનુમા લાગે. અને જો તમારી પાસે કોઈ બ્રાઇટ કલરના ડ્રેસ, પેન્ટ કે પછી ટોપ્સ ન હોય તો એક બ્રાઇટ કલરની છત્રી તો હોવી જ જોઈએ. ■

વિશેષ

પ્રતિમા અરોરા
feedback.ladki@
bombaysamachar.com


# ટેટૂ ને પિયર્સિંગ છે ટ્રેન્ડમાં

આજકાલ ટેટૂ અને પિયર્સિંગ ખૂબ જ કોમન છે. ટીનએજર, એડલ્ટ અને ૫૦ વર્ષની ઉપરની મહિલાઓ પણ ટેટૂ અને પિયર્સિંગ કરાવે છે. આનાથી એક ટ્રેન્ડી લુક આવે છે. હવે તો કાર્યસ્થળ પર પણ ટેટૂ અને પિયર્સિંગ ચાલે છે.

આજકાલ સોશિયલ મીડિયા પર અલગ અલગ જાતના ટેટૂ અને ખાસ કરીને પિયર્સિંગ લોકોને આકર્ષિત કરી રહ્યાં છે. આ બધાને જોઈ માત્ર એક જ વિચાર આવે કે, આટલાં બધાં ટેટૂ અને પિયર્સિંગ સાથે આ લોકો એક સામાન્ય જીવન કઈ રીતે જીવી શકતા હશે. જો તમારે પણ ટેટૂ અને પિયર્સિંગ કરાવવું હોય તો થોડી વાતોનું ધ્યાન રાખવું પડ શે. જેમકે,

- જો તમે ટેટૂ કે પિયર્સિંગ કરાવવાનું વિચારી રહ્યા હોવ તો એવી જગ્યા ગોતવી કે જેની કિંમત રિઝનેબલ હોય અને જેનું ખૂબ જ નામ હોય. સ્ટૂડિયો ચોખ્ખો હોવો જોઈએ. ટેટૂ બનાવવાવાળો એવો હોવો જોઈએ કે તમને શું જોઈએ છે તે સમજી શકે અને તે અનુસાર આપને સલાહ આપી શકે. તમારા બીજા મિત્રો જેમણે ટેટૂ કે પિયર્સિંગ કર્યુ છે તેઓ પાસેથી આ ક્રિયાનો અભિપ્રાય જાણી લેવો.





- ટેટૂ કરાવતા પહેલાં તમારે કઈ ડિઝાઈન ક્યાં કરાવવી છે તે પહેલાં સમજાવી દેવું. જો તમને ખ્યાલ ન આવતો હોય તો આર્ટિસ્ટ પાસે સમજી લેવું. જો તમે કોઈ ડિઝાઈન સિલેક્ટ કરી રાખી હોય તો તમે તેનો ફોટો પણ બતાવી શકો.

- આ એક પીડાદાયક પ્રક્રિયા હોય છે અને આને બનાવવામાં ઘણો સમય પણ લાગે છે. જો તમે હોઠ કે જીભ પર ટેટૂ કે પિયર્સિંગ કરાવવા માંગો છો તો સરખું ખાઈને જવું કારણકે આ કરાવ્યા પછી તમને મોઢામાં દુખશે. ટેટૂ બનાવતા પહેલાં કોઈ પણ જાતનો નશો ન કરવો જેનાથી તમને નુકશાન પહોંચી શકે.

-ટેટૂ અથવા પિયર્સિંગ એક લાંબી પ્રક્રિયા હોય છે. કઈ ડિઝાઈન પૂરી થવામાં કેટલો સમય લાગશે તે ટેટૂની ડિઝાઈન પર આધાર રાખે છે. ટેટૂ કરાવતા વખતે તમે કઈ રીતે તમારું ધ્યાન બીજી બાજુ રાખી શકો તે વિચારી લેવું જેથી આર્ટિસ્ટ પણ હેરાન ન થાય.

- આ દરમિયાન દર્દ અને કમજોરી લાગે છે. પિયર્સિંગ તો તમને સ્વાસ્થ્ય પર ભારી પણ પડી શકે. ઘણીવાર દર્દ સહન ન થતાં બેહોશ પણ થઈ જવાય છે. તેથી જ ટેટૂ બનાવતા વખતે કોઈને સાથે રાખવું જેથી તમારી તબિયત બગડે તો તમારી સંભાળ માટે કોઈ હોવું જોઈએ.

- પિયર્સિંગ પછી બ્લડ શુગર લેવલ ઘટી જાય છે અને શુગર લેવલ સ્થિર કરવું ખૂબ જ જરૂરી છે. તેથી જ આ પ્રક્રિયા પછી હાઈડ્રેટ રહેવું ખૂબ જ જરૂરી છે. ટેટૂ આર્ટિસ્ટ ટેટૂ બનાવવાના એક અઠવાડિયાં પહેલા જ વધારે પાણી પીવાની સલાહ આપે છે તેથી ત્વચામાં નમી જળવાઈ રહે જેથી ટેટૂની ડિઝાઈન અને સ્યાહી ત્વચાની અંદર સુધી જઈ શકે.

- પિયર્સિંગ કરાવ્યા પછી તે ભાગને અડવું નહીં. તે ભાગને કોઈ એંટીસેપ્ટિક દવા કે હુંફાળા પાણીથી અથવા તો મીઠાવાળા પાણીથી ધોવું જોઈએ. ટેટૂ આર્ટિસ્ટ જે પણ સલાહ આપે તેના પર પૂરું અમલ કરવું જોઈએ. તરત નહાવું નહી. જે ભાગ પર પિયર્સિંગ કરાવ્યું હોય તે ભાગનું ખાસ ધ્યાન રાખવું.

- ટેટૂ કરાવ્યા બાદ થોડા સમય માટે તેને પટ્ટીથી બાંધી રાખવું. તેની પર પાણી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું. ટેટૂ કરાવ્યા બાદ તે ભાગ પર ખંજવાળ આવે છે. જે દવા આપી હોય તે લગાડવી જેથી ખંજવાળ ન આવે. કદાચ ચામડી નીકળી પણ શકે છે તો મુંઝાવું નહીં, તેની પર નવી ચામડી આવી જ જશે. ■

ફોકસ પ્લસ

નીલોફર
feedback.ladki@
bombaysamachar.com

# સ્ટ્રેચમાર્કને પણ સ્વીકારો...



કવિતાએ જયારે પોતાનું વજન ઓછું કરવા માટે જિમમાં પરસેવો રેડ્યો અને ૮૦ કિલો વજન ઓછું કરીને ૫૦ કિલો કર્યું ત્યારે તેના શરીરમાં ઘણું પરિવર્તન થઈ ચુક્યું હતું. તેમાં સૌથી મોટું પરિવર્તન હતું તેના પેટ પરના સ્ટ્રેચમાર્ક. જેના પર તેણે ઓછું ધ્યાન આપ્યું જ્યારે જિમમાં આવનારા બીજા લોકોએ આની પર સૌથી વધારે ધ્યાન આપ્યું હતું. સ્ટ્રેચમાર્કને આપણે હંમેશાં નકારાત્મક રૂપથી જોઈએ છે. આને સુંદરતાથી જોડવામાં આવે છે તે પણ એક આપણો વહેમ જ છે. સ્ટ્રેચમાર્ક આપણા શરીરનો એક પ્રાકૃતિક ભાગ છે જે પુરુષ અને મહિલા એમ બન્નેના શરીર પર દેખાય છે. જ્યારે કોઈ વ્યક્તિની ત્વચા વજન વધવાથી કે પછી હાઈટ વધવાથી ખેંચાય જાય ત્યારે સ્ટ્રેચમાર્ક થાય છે.

પ્રેગ્નેન્સી દરમિયાન અથવા વજન વધી જવાથી જ્યારે ત્વચા ખેંચાઈ જાય છે અને કોલેજનના વિભાજન થવાથી જે નિશાન રહી જાય છે તેને સ્ટ્રેચમાર્ક કહેવામાં આવે છે. જે શરૂઆતમાં લાલ અને બેંગની રંગમાં હોય છે પરંતુ ધીરે ધીરે આના રંગમાં બદલાવ આવે છે. આ એક સામાન્ય બદલાવ હોવા છતાં સ્ટ્રેચમાર્કથી બધાને ભય લાગે છે. મહિલાઓ પ્રેગ્નેન્સી બાદ આ સ્ટ્રેચમાર્કથી છુટકારો મેળવવા માટે જાત જાતના ક્રીમ અને લોશન લગાડે છે. આની માટે લોકો વિટામિન એ અને એલોવેરા જેવી વસ્તુઓ ટ્રાય કરે છે. તમે જો કોઈ પણ રીતે સ્ટ્રેચમાર્કની સમસ્યાઓથી પીડાવ છો તો તમારો દ્રષ્ટિકોણ પોઝિટિવ રાખવો અને ચાલો જાણીયે ક્યા ઉપાયો કરી શકાય.

### કસરત

કસરત દ્વારા ત્વચાની સ્થિતિસ્થાપકતામાં સુધાર આવે છે. તમારા વર્કઆઉટમાં એવી કસરતો કરવી જે સ્ટ્રેચમાર્કવાળા ભાગના વિસ્તારની માંસપેશીયો પર કામ કરે છે. નિયમિત કસરત ત્વચાને મજબૂત બનાવે છે અને સ્ટ્રેચમાર્કના નિશાનોને ઓછા કરે છે.

### ક્રીમ અને તેલ

આજકાલ સ્ટ્રેચમાર્કને ઠીક કરવા માટે માર્કેટમાં ઘણા પ્રકારના ક્રીમ અને તેલ મળે છે. જેમાં રેટિનોલ, વિટામિન ઈ, હાઈલોરોનિક એસિડ જેવાં તત્ત્વો હોય છે. આને સ્ટ્રેચમાર્કવાળા ભાગ પર લગાડી ત્યાં સુધી માલિશ કરવું જ્યાં સુધી ક્રીમ કે તેલ ત્વચાની અંદર સુધી ન પહોંચે.

### એલોવેરા

એલોવેરા એક એવો છોડ છે જેનો ઉપયોગ ત્વચા અને વાળ માટે કરવામાં આવે છે. એલોવેરા જેલને સ્ટ્રેચમાર્કવાળી જગ્યાએ લગાડી ઓછામાં ઓછું ૨૦ થી ૩૦ મિનિટ સુધી રાખવું જોઈએ ત્યાર પછી હૂંફાળા પાણીથી ધોવું જોઈએ.

### એક્સફોલિએશન

એકસફોલિએશનનો હેતુ એ છે કે, તે ત્વચાની મૃત કોશિકાને દૂર કરે છે. તેથી જ સ્ટ્રેચમાર્કવાળા હિસ્સા પર એક નરમ સ્ક્રબ અથવા બોડી બ્રશનો ઉપયોગ કરી તે ભાગ પર માલિશ કરવું. આનાથી રક્તસંચાર વધે છે અને એક્સફોલિએશન કરવા પછી તે ભાગ પર મોઈસ્ચરાઈઝર લગાવવું જોઈએ.

### ત્વચાની સંભાળ

પોતાની ત્વચાને લચીલી બનાવવા માટે મોઈસ્ચરાઈઝરનો ઉપયોગ કરવો અને સનસ્ક્રીન લગાડવું. પોતાની ત્વચાની સાર સંભાળ માટે ક્લીંઝરનો ઉપયોગ કરવો.

### હાઈડ્રેટ રહેવું

સુંદર લાગવા માટે વધારેમાં વધારે પાણી પીવું . દિવસમાં ૮ થી ૧૦ ગ્લાસ પાણી પીવું જેથી શરીરમાંથી ટોક્સિન બહાર નીકળે. ■

ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# સ્ત્રી ઉપર પુરુષની માલિકીની ભાવના શેમાંથી જન્મી હશે?



મનુષ્ય પણ એક પશુ જ છે.

- વાનરમાંથી મનુષ્ય બન્યો હોવાનું કહેવાય છે.

- વાનર જાતિઓમાં શક્તિશાળી નરવાનર અન્ય નરવાનરોને તગેડીને ટોળીમાંની માદા વાનરો પર પ્રજોત્પત્તિનો અધિકાર મેળવે છે.

- ટૂંકમાં નરવાનરો બહુપત્નીક હોય છે.

- પશુ અવસ્થામાં પુરુષ પણ બહુપત્નીક હોવો જોઈએ.

- એ પછી કાલાંતરે લડાઈઓ અને મારામારીનો અંત લાવવા ટોળીઓ વિકસવા લાગી.

- એ ટોળી અવસ્થામાં કોઈ પણ સ્ત્રી કોઈ પણ પુરુષને ભોગવવા માટે ઉપલબ્ધ બનવા લાગી.

- પશુ અવસ્થામાં પુરુષ બહુપત્નીક હતો તો ટોળી અવસ્થામાં પુરુષની માફક સ્ત્રી પણ બહુપતિ બનવા લાગી.

- આમ બહુ પત્નીત્વ અને બહુપતિત્વનો રિવાજ અસ્તિત્વમાં આવ્યો.

- આદિમ ટોળીઓ સ્થિર પણ એક પુરુષ અને એક પત્ની તેમજ એક પુરુષ અને એકથી વધુ પત્નીઓનો રિવાજ અસ્તિત્વમાં આવ્યો.

- સ્ત્રી પુરુષના સંબંધોમાં પસંદગીનું તત્ત્વ ઉમેરાયું.

- સમાજ સ્થિર થવા લાગ્યો. તેમ છતાંય સ્ત્રી ઉપર પુરુષનો અધિકાર અથવા માલિકીભાવ કાયમ રહ્યો.

- મહાભારતના શાંતિ પર્વના ૨૦૭મા અધ્યાયમાં ભીષ્મ સ્ત્રી - પુરુષ સંબંધથી લઈને કુટુંબ સંસ્થાનો વિકાસ સમજાવતા આ મુજબ કહે છેઃ

- અર્થાત્

- કૃતયુગમાં સ્ત્રી પુરુષ વચ્ચે ઈચ્છા થાય ત્યારે સમાગમ થતો હતો.

* મા,
* બાપ,
* ભાઈ, બહેન,

...વગેરેનો કોઈ ભેદ નહોતો.

- માનવસમાજની આ પશુ અવસ્થા હતી.

- એ પછી ત્રેતા યુગમાં સ્ત્રી-પુરુષ એકબીજાનો સ્પર્શ કરે તો તે સંજોગોમાં સમાજ તેમને સમાગમ કરવાની છૂટ આપતો હતો.

અહીં પસંદગીનું તત્ત્વ ઉમેરાયું હતું.

* દ્વાપર યુગમાં મૈથૂન અવસ્થા એટલે કે જોડીમાં રહેવાનો રિવાજ શરૂ થયો હતો.

* દ્વાપર યુગમાં મનુષ્ય જોડી બનાવીને રહેતો થયો હતો પણ તેમની જોડીને હજી સ્થિરતા પ્રાપ્ત થઈ નહોતી.

- ભીષ્મના કહેવા પ્રમાણે કલીયુગમાં દ્વંદ્વાવસ્થા એટલે કે વિવાહ સંસ્થા શરૂ થઈ.

- સ્ત્રી પુરુષની જોડી સ્થિર થવા લાગી અને તેમાંથી.

કુટુંબ,
વંશ,
ગોત્ર,
જાતિ અસ્તિત્વમાં આવ્યા.

બોધઃ

- આટલા પ્રાચીન કાળમાં ભીષ્મ પિતામહે કરેલું આ સમાજ શાસ્ત્રીય વિવેચન અપૂર્વ છે.

- ભીષ્મ આપણા આદરને પાત્ર છે.

સનાતન સત્યઃ

- પ્રાચીનતમ આદિમ સમાજમાં (અને આજે પણ) સ્ત્રીને પુરુષની માલિકીની જણસ

માનવામાં આવતી હતી.

* ગાય,
* બળદ,
* મકાન,
* જમીનની જેમ જ
* સ્ત્રીને પણ પુરુષની માલિકીની વસ્તુ માનવામાં આવતી હતી.

કન્યા હિ અર્થો પરકીય એવ એમ મહાકવિ કાલિદાસે કહ્યું છે. ■

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



# ઘરનું શું કરવું.... ભાડાનું લેવું કે પોતાનું?

૨૦૨૫માં ઘર ખરીદવું કે ભાડે રહેવું એ એક એવો સવાલ છે જે ઘણા પુરુષોના મનમાં રમે છે, ખાસ કરીને જે પોતાના નાણાકીય ભવિષ્ય અને જીવનશૈલીની પસંદગીઓને લઈને વિચારી રહ્યા છે. આ નિર્ણય નાણાકીય પરિસ્થિતિ, જીવનના ધ્યેયો અને વ્યક્તિગત અપેક્ષાઓ પર આધારિત છે. આજના સમયમાં, ખાસ કરીને પુરુષો માટે, આ નિર્ણય લેવો વધુ જટિલ બની રહ્યો છે, કારણ કે આર્થિક પરિસ્થિતિ, બજારના વલણ, અને જીવનશૈલીની પસંદગી ઝડપથી બદલાઈ રહી છે.

જોકે, આ વર્ષે એટલે કે ૨૦૨૫માં ઘર ખરીદવું કે ભાડે રાખીને રહેવું એ નિર્ણય ઘણી બાબત પર આધાર રાખે છે, જેમાં સ્થાન, નાણાકીય સ્થિરતા, અને વ્યક્તિગત જીવનશૈલીનો સમાવેશ થાય છે. વૈશ્વિક સ્તરે,ખાસ કરીને, અમેરિકા જેવા દેશમાં, ઘર ખરીદવું એ લાંબા ગાળે વધુ ફાયદાકારક માનવામાં આવે છે, પરંતુ ઘણાં મોટાં શહેરોમાં ભાડે રહેવું ટૂંકા ગાળે વધુ આર્થિક રીતે સસ્તું હોય છે. ઉદાહરણ તરીકે,બેંકરેટના એક અભ્યાસ મુજબ,અમેરિકાના ૫૦ મોટાં મેટ્રો શહેરોમાં ભાડે રહેવું એ મોર્ગેજ ચૂકવવા કરતાં સરેરાશ૩૮%સસ્તું છે. ખાસ કરીને સાન ફ્રાન્સિસ્કો, ન્યૂયોર્ક, અને સિએટલ જેવા ટેક હબમાં. અહીં મોર્ગેજની ચુકવણી ભાડા કરતાં બમણી હોય છે.

આજ રીતે આપણે ત્યાં પણ બેંગલુરુ, હૈદરાબાદ, અને પુણે જેવા શહેરમાં ઘર ખરીદવું ૪-૮ વર્ષમાં નાણાકીય રીતે ફાયદાકારક બની શકે છે,જ્યારે મુંબઈ અને દિલ્હી જેવાં શહેરમાં ભાડે રહેવું વધુ યોગ્ય છે.




પુરુષો માટે, ખાસ કરીને ૩૦ થી ૪૦ વર્ષની વયના છે એમને માટેઘર ખરીદવું એ એક લાંબા ગાળાનું રોકાણ માનવામાં આવે છે. એ સ્થિરતા અને સંપત્તિ નિર્માણની તક આપે છે. ઘર ખરીદવાથી ઇક્વિટી બને છે, જે ભવિષ્યમાં નાણાકીય સુરક્ષા પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે, ઘરની કિંમતમાં વધારો થવાથી અને મોર્ગેજની ચુકવણી દ્વારા, પુરુષો પોતાની સંપત્તિ વધારી શકે છે, જે ખાસ કરીને કૌટુંબિક જીવન શરૂ કરવા ઇચ્છતા લોકો માટે આકર્ષક છે. વળી, ઘર ખરીદવાથી ટેક્સ લાભો પણ મળે છે, જેમ કે મોર્ગેજ વ્યાજ અને પ્રોપર્ટી ટેક્સ પરની કપાત. જોકે, આ ફાયદાઓની સામે ઘણા પડકારો પણ છે. ઘર ખરીદવા માટે મોટી ડાઉન પેમેન્ટ, બંધક ખર્ચ, અને જાળવણી ખર્ચ જેવા નાણાકીય બોજનો સામનો કરવો પડે છે.

બીજી તરફ, ભાડે રહેવું એ અનુકૂળતા અને ઓછા પ્રારંભિક ખર્ચનો વિકલ્પ આપે છે. ખાસ કરીને યુવા પુરુષો, જેમની કારકિર્દી હજુ સ્થિર નથી અથવા જે વારંવાર સ્થળાંતર કરે છે એમના માટે ભાડે રહેવું વધુ અનુકૂળ છે. ભાડે રહેવાથી જાળવણી અને રિપેરની જવાબદારી મકાનમાલિક પર રહે છે, જે નાણાકીય અને માનસિક બોજ ઘટાડે છે. વળી, જો લોનની રકમ કરતાં ભાડાની રકમ ઓછી હોય તો પુરુષ તેની કેપિટલ સ્ટોકસમાં કે એસઆઈપીમાં પણ ઈનવેસ્ટ કરી શકે છે. જે આગળ જતાં પુરુષ માટે મોટી રકમ બની જતી હોય છે! જોકે આ વિકલ્પ ખાસ કરીને એવા પુરુષો માટે આકર્ષક છે જે નોકરીની અનિશ્ચિતતા અથવા જીવનશૈલીમાં ફેરફારની અપેક્ષા રાખે છે. જોકે, ભાડાના ખર્ચમાં વધારો, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં,એક પડકાર છે.૨૦૨૫માં, ભાડાના ખર્ચમાં૧-૩%નો વધારો થવાની અપેક્ષા છે, જે લાંબા ગાળે નાણાકીય બોજ વધારી શકે છે.

પુરુષ માટે આ નિર્ણય લેતી વખતે એમની ઉંમર, આવકની સ્થિરતા, અને ભવિષ્યના ધ્યેયો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉદાહરણ તરીકે, ૩૦ થી ૪૦ વર્ષની વયના પુરુષ, જે કૌટુંબિક જીવન શરૂ કરવા ઇચ્છે છે એ ઘર ખરીદવાને પ્રાધાન્ય આપે છે, કારણ કે તે સ્થિરતા અને સંપત્તિ નિર્માણની તક આપે છે.

બીજી તરફ, ૨૦ થી ૩૦ વર્ષની વયના યુવા પુરુષ, જે કારકિર્દીમાં પ્રગતિ કે સ્થળાંતરની શક્યતા ધરાવે છે એ ભાડે રહેવાને વધુ અનુકૂળ માને છે.૨૦૨૫માં,ખાસ કરીને રિમોટ વર્ક અને ડિજિટલ નોમેડ જીવનશૈલીના વધતા ટ્રેન્ડને કારણે ભાડે રહેવું એ ઘણા પુરુષ માટે આકર્ષક વિકલ્પ બની રહ્યું છે. આ ઉપરાંત, ઘરની માલિકી સાથે આવતી જવાબદારીઓ, જેમ કે જાળવણી અને રિપેર, ઘણા યુવા પુરુષને બોજારૂપ લાગે છે.

અંતે,ઘર ખરીદવું કે ભાડે રહેવું એ નિર્ણય વ્યક્તિગત પરિસ્થિતિઓ પર આધારિત છે. જો તમે લાંબા ગાળે એક જગ્યાએ રહેવાનું આયોજન કરો છો અને નાણાકીય સ્થિરતા ધરાવો છો,તો ઘર ખરીદવું એ સંપત્તિ નિર્માણનો શ્રેષ્ઠ માર્ગ હોઈ શકે છે, પરંતુ જો તમે ઓછા ખર્ચ, અને ઓછી જવાબદારી ઇચ્છો છો તો ભાડે રહેવું ઉત્તમ...



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# બાળક ના થવા માટે જવાબદાર કોણ?

ડિયર હની,

દામ્પત્ય જીવનમાં સંતાનનું આગમન એક અવસર હોય છે. આનંદની ઘટના હોય છે. બાળક થાય એ માટે માણસ શું નથી કરતો. કોઈને બાળક ના થતું હોય તો માનતા રાખવામાં આવે છે. ડોક્ટરથી માંડી દોરાધાગા સુધીના ઉપાયો લોકો કરતા હોય છે. બાળક ના હોય એ દંપતી એક ડુંખ સાથે જીવતું હોય છે. આ આપણા સમાજની એક વરવી વાસ્તવિકતા છે. આપણને બે સંતાન છે એટલે આપણે એ પીડા અનુભવી નથી, પણ હમણા એક સમાચાર વાંચ્યા અને એ વાંચી બહુ દુઃખ થયું.

એક દંપતીને બાળક થતું નહોતું અને પતિ એના માટે પત્નીને દોષિત માનતો હતો. વારેવારે મહેણાં મારે. સાસરિયાઓ સંભળાવ્યા કરે: 'લગ્નને ચાર વર્ષ થઇ ગયા છતાં સંતાન કેમ નથી થતું?' એવા સવાલો પત્નીને બધા કર્યા કરે. પત્ની શિક્ષિકા. એણે આ ત્રાસથી કંટાળી રાજકોટથી કચ્છ બદલી કરાવી લીધી. અને આખરે તબીબી ટેસ્ટ કરાવ્યા તો ખબર પડી કે, સમસ્યા તો પતિમાં હતી. પત્નીએ તો પોલીસમાં ફરિયાદ પણ કરી છે. પતિ અને સાસરિયાઓ સામે...

આવા કિસ્સા વારેવારે સાંભળવા મળે છે. મોટાભાગના કિસ્સામાં પત્નીને કે વહુને જવાબદાર ગણવામાં આવે છે. આપણા પરિવારમાં આવું ક્યારેય કોઈ સાથે બન્યું નથી. હા, પણ અનેક પરિવારમાં સંતાન ના થાય એ મુદ્દે કલહ થાય છે એનો ભોગ ઘરની વહુ જ બનતી હોય છે. પુરુષને કે પતિને કોઈ કહેતું

નથી. પરણેલી સ્ત્રીને સંતાન ના થાય તો એને સમાજ વાંઝણી કહેવા લાગે છે. આવા લેબલ સાથે જીવવું સ્ત્રી માટે અકારું નીવડે છે. ભારતીય સમાજમાં, બાળક ન થવા પર પત્નીને દોષી ઠેરવવાના કિસ્સાઓ અસંખ્ય છે અને તેનાં પરિણામો ખૂબ જ ગંભીર અને વિનાશકારી હોય છે. આ માત્ર વ્યક્તિગત સ્તરે જ નહીં, પરંતુ સામાજિક અને પારિવારિક સ્તરે પણ ઊંડી અસર કરે છે. મહિલાઓને સતત એવું ફીલ કરાવવામાં આવે-કહેવામાં આવે છે કે એ 'વાંઝણી' છે અને પરિવારના વંશને આગળ વધારવામાં નિષ્ફળ રહી છે. આનાથી એમને અતિશય દોષની ભાવના અને અપરાધબોધ થાય છે. સતત સામાજિક દબાણ, ઉપેક્ષા અને અપમાનને કારણે મહિલાઓ ગંભીર હતાશા, ચિંતા અને તણાવનો ભોગ બને છે. કેટલાક કિસ્સાઓમાં, આત્મહત્યાના વિચારો પણ આવી શકે છે.

પોતાને 'અપૂર્ણ' અથવા 'કામની નહીં' ગણીને એમનું આત્મસન્માન અને આત્મવિશ્વાસ મોટા પ્રમાણમાં ઘટી જાય છે. એમને સામાજિક પ્રસંગ, ધાર્મિક વિધિ અને પારિવારિક મેળાવડાથી દૂર રાખવામાં આવે છે, જેનાથી એ વધુ એકલતા અનુભવે છે. સંતાન ના થાય તો પતિ પર પણ બાળક માટેનું દબાણ આવે છે, જેના કારણે તે પત્નીને દોષી ઠેરવવાનું શરૂ કરી શકે છે. આનાથી પતિ-પત્નીના સંબંધમાં કડવાશ આવે છે, ઝઘડા વધે છે અને પ્રેમ ઓછો થાય છે. ભારતમાં, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, ઘણીવાર બાળક ન થવાને કારણે પતિ પોતાની પત્નીને છોડી દે છે અથવા છૂટાછેડા લઈ લે છે. સાસરીવાળા અથવા પતિ દ્વારા બીજા લગ્ન કરવાની ધમકી આપવામાં આવે છે અથવા તો પત્નીની ઈચ્છા વિરુદ્ધ બીજા લગ્ન કરી લેવામાં આવે છે. એક અભ્યાસ મુજબ, સંતાન વગરની ૨૯% મહિલાઓ એમના પતિ દ્વારા છૂટાછેડા પામેલી અથવા ત્યજી દેવાયેલી હતી,જ્યારે બાળકોવાળી મહિલાઓમાં આ આંકડો ૮% હતો. આ દર્શાવે છે કે સંતાન ન હોવું એ વૈવાહિક સંબંધોમાં ભંગાણનું એક મહત્ત્વનું કારણ બની શકે છે. અને સાચી વાત તો એ છે કે, સંતાન ના થવા માટે પતિ અને પત્ની સરખી રીતે જવાબદાર હોય શકે છે. 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન'ના રિપોર્ટ મુજબ, વિશ્વભરમાં આશરે ૧૦-૧૫% યુગલો વંધ્યત્વનો અનુભવ કરે છે. આશરે ૪૦% કિસ્સામાં વંધ્યત્વનું કારણ પુરુષમાં હોય છે. અને એટલા જ પ્રમાણમાં એટલે કે આશરે ૪૦% કિસ્સાઓમાં વંધ્યત્વનું કારણ સ્ત્રીમાં હોય છે. બાકીના ૧૦-૨૦% કિસ્સાઓમાં, વંધ્યત્વનું કારણ બંને ભાગીદારોમાં જોવા મળે છે એટલે દર વખતે સ્ત્રીને જ દોષ દેવામાં આવે એ યોગ્ય નથી. એનાથી પણ આગળ કે સંતાન ના થતું હોય તો હવે વિજ્ઞાન કામ લાગે છે. IVF (ઇન વિટ્રો ફર્ટિલાઇઝેશન) જેવી આધુનિક તબીબી પદ્ધતિઓ દ્વારા ઘણાં યુગલો સંતાન સુખ મેળવી રહ્યા છે.

આ ઉપરાંત બાળક દત્તક લેવું એ પણ એક સન્માનજનક વિકલ્પ છે અને કેટલાક કિસ્સામાં તો સેલિબ્રિટીઝ પણ દત્તક ગ્રહણ કરીને સમાજમાં સકારાત્મક સંદેશ આપી રહ્યા છે. જોકે, આપણા સમાજમાંથી ખોટી માન્યતા દૂર થવી બાકી છે. હા, વિજ્ઞાનના કારણે થોડો ફેર પડ્યો છે, પણ હજુ ય લોકોની માનસિકતા બદલાઈ નથી. એ ક્યારે બદલાશે? આ પ્રશ્નનો જવાબ કોણ આપશે?

તારો બન્ની

# ભાષાનાં ધૂણતાં ભૂતને આમ અંકુશમાં લઈ શકાય!

## મહારાષ્ટ્રના એક નાના શહેરમાં એક કર્મઠ ગુજરાતીની જાણવા જેવી પ્રેરકકથા

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

હમણાં મુંબઈમાં ભાષાનો વિવાદ વકર્યો છે. ધર્મને નામે વિવાદ થતાં જોયાં છે. હવે ભાષાને મામલે વિવાદ અને ફક્ત વિવાદ નહીં, મારામારી અને ગુંડાગીર્દી સુધી વાત પહોંચી જાય છે.

આ વાત આજે હું એટલા માટે કરી રહી છું કે ભાષાના મામલે વિવાદ અને ઝઘડા નહીં, પણ બંને ભાષાના લોકો સંપીને રહે તેવી કામગીરી બજાવી રહ્યા છે એક સિનિયર સિટીજન. મારે એ જ કહેવું છે કે અગર એક સિનિયર સિટીજન જો કોઈ કાર્ય કરે છે કે કોઈ કામ કરવાની જવાબદારી લે છે તો એ બહુ જ નિષ્ઠાથી નિભાવે છે.

આપણે એમને અહીં મહેશભાઈ તરીકે ઓળખીશું. એ વર્ષોથી મહારાષ્ટ્રના એક નાના શહેરમાં રહે છે. ધંધાર્થે એ ત્યાં સ્થાયી થયા. આ શહેરમાં મહારાષ્ટ્રીયનોની બહુમતી છે. ગુજરાતીઓની વસતિ મરાઠીઓના પ્રમાણમાં ઘણી ઓછી છે, છતાં થોડા ગુજરાતી પરિવાર નોકરી-ધંધાને કારણે આ શહેરમાં સ્થાયી થયાં છે. અહીં મરાઠી સંસ્કૃતિ, મરાઠીઓના વર્ચસ્વ વચ્ચે પણ મહેશભાઈએ ગુજરાતીઓની આગવી ઓળખ કંડારી છે અહીંના ગુજરાતીઓને માન-સન્માન અપાવ્યું છે. મહેશભાઈ જ્યારે મહારાષ્ટ્રના આ શહેરમાં સ્થાયી થયા ત્યારે થોડા ગુજરાતીઓ હતા પણ એમનું કોઈ ગ્રૂપ ન હતું.

કોઈ એકબીજાંને ઓળખતું ન હતું. એ વખતે તો મુહેશભાઈની ઉંમર પણ નાની જ હતી. એમને વિચાર આવ્યો, આ શહેરમાં આપણો-ગુજરાતીઓનો પણ એક અવાજ હોવો જોઈએ. મહેશભાઈના પત્ની મીનાક્ષીબહેને પણ પતિ મહેશભાઈને ટેકો આપ્યો. મહેશભાઈએ ધંધાના વિકાસ સાથે સ્થાનિક ગુજરાતીઓનું એક મંડળ સ્થાપવાનો વિચાર કર્યો અને એ એને અમલમાં મૂકવા માટે કેટલાં ગુજરાતીઓ છે એનો સર્વે કરવા માંડ્યો.

પોતાની જ્ઞાતિના અહીં લગભગ દસ-બાર ઘર હતાં. એમને મળ્યા એમાંથી અમુક મદદ કરી શકે તેમ હતા મહેશભાઈ એ પછી માર્કેટમાં ગુજરાતીઓની દુકાનો-ઑફિસો શોધવા માંડી. જેમ જેમ લોકોને મળવાનું થતું હતું તેમ તેમ એમની પાસેથી બીજા મિત્રોના રેફરન્સ મળતા જતા હતા. આમ ક્રમશ : મિત્રવર્તુળ વધવા માંડ્યું. રજાના દિવસે બધાં ભેગાં મળતા અને શું કઈ રીતે કરવું એ વિશે ચર્ચા-વિચારણા કરતા. મહેશભાઈની દીર્ઘદૃષ્ટિ અને લોકોને ભેગાં કરવાની કુનેહને જોઈને સૌએ મહેશભાઈને નેતૃત્વ સોંપી દીધું હતું.

મહેશભાઈએ મિત્રો સાથે મળીને 'ગુજરાતી મિત્ર મંડળ' -ની સ્થાપના કરી. લગભગ બધાં જ ગુજરાતી પરિવાર આ મંડળમાં સભ્ય બન્યા. આ મંડળમાં બે-ત્રણ મહિને કોઈને કોઈ કાર્યક્રમનું આયોજન થવા લાગ્યું. . ગણપતિ, નવરાત્રિ, દિવાળી, હોળી જેવાં તહેવાર સાથે મળીને ઉજવતા. પર્યટને જતા.




આ દરમિયાન મહેશભાઈના ધ્યાનમાં એ વાત આવી કે મુંબઈ અને ગુજરાતથી ઘણા વ્યાપારીઓ અહીં વ્યાપાર અર્થે બે-ચાર દિવસ માટે આવે-જાય છે, પણ એમને એ બે-ચાર દિવસ રહેવા માટે કોઈ યોગ્ય વ્યવસ્થા આ શહેરમાં નથી એટલે મહેશભાઈએ તો કમર કસી. મહારાષ્ટ્ર ગર્વમેન્ટ,- દાતાઓ એમ બધે ટહેલ નાખી. બહુ કાળી મહેનત બાદ મહેશભાઈના પ્રયત્નોને લીધે જમીન મળી. દાતાઓ તરફથી આર્થિક મદદ મળી. મહેશભાઈના પગમાં જોર આવ્યું.

એક પૈસો ખોટો કે વધારાનો ન વપરાય તેના પર ધ્યાન આપીને મહેશભાઈ આ મકાન બંધાવવા પાછળ રાત- દિવસ જોયા વિના મંડી પડ્યા અને આખરે અહીં નિર્માણ થયું 'ગુજરાત ભવન'નું. મહારાષ્ટ્રના આ નાનકડા શહેરનું 'ગુજરાત ભવન' શહેર બહારના ગુજરાતીઓમાં પણ બહુ જાણીતું છે. અહીં બધી જ સુવિધા-સગવડવાળા રૂમ્સની સાથે મહેશભાઈએ દીર્ઘદૃષ્ટિ વાપરીને તેમણભવનમં એક સરસ મજાનો બેન્કવેટ હોલ પણ બંધાવ્યો છે, જે ભાડે આપીને કમાણી થઈ શકે છે. અહીંના ગુજરાતીઓની સાથે મરાઠીઓ પણ લગ્ન જેવા અવસર માટે આ બેન્કવેટ હોલ હોંશે બૂક કરાવે છે.

ગુજરાત ભવનના રૂમનું ભાડું પણ બહુ જ કિફાયતી હોય છે. બહારગામના ગુજરાતી વેપારીઓથી લઈને ગુજરાતી પરિવાર સાથે બાજુમાં આવેલાં તીર્થસ્થાને દર્શનાર્થે જવાના હોય તો ઉતારો તો અહીં ગુજરાત ભવનમાં જ રાખે. આજે જીવનના સાતમા દાયકામાં પ્રવેશેલા મહેશભાઈ 'ગુજરાત ભવન'ની અને ગુજરાતી મિત્ર મંડળની પ્રવૃત્તિઓની દેખરેખ રાખે છે. એમનો ઉત્સાહ જોઈને એમ થાય કે વૃદ્ધાવસ્થા આવી હોવી જોઈએ. 'ગુજરાત ભવન' માં અનેક પુસ્તકોની એક એવી અતિ વ્યવસ્થિત લાઈબ્રેરી છે કે કોઈ પણ વાચનપ્રિય વ્યક્તિ તો ભાવ-વિભોર જ થઈ જાય. ગુજરાતી કાર્યક્રમોનું આયોજન કરવામાં મહેશભાઈ એક્કા. મુંબઈના કોઈ કવિ, લેખક, સાહિત્યકાર, નાટ્યકાર એવાં નહીં હોય, જેમને અહીંના 'ગુજરાતી મિત્ર મંડળ'માં કાર્યક્રમ માટે આમંત્રણ ન આપ્યું હોય અને હવે તો મહેશભાઈ મહારાષ્ટ્રનાં બીજાં શહેરોમાં પણ 'ગુજરાતી મંડળ'ની સ્થાપના કરી રહ્યા છે.

અમુક શહેરમાં એમના માર્ગદર્શન નીચે ગુજરાતીઓની ટીમ તૈયાર થઈ છે,જે પોતાના મંડળમાં કાર્યક્રમો યોજી રહ્યા છે. ખાસ કરીને વેવિશાળને લગતા કાર્યક્રમ થઈ રહ્યા છે. અહીંના 'ગુજરાતી મંડળ'ની ખાસિયત આવી છે કે ગુજરાતી-મરાઠી અહીં સંપથી રહે છે. અહીં આયોજિત થતા કાર્યક્રમોમાં મરાઠી ભાઉ પણ ને પણ હોંશે હોંશે આવે છે. હમણાં જ આંખની તપાસ માટે એક વિશેષ વિભાગ પણ શરૂ થયો છે, જ્યાં નિષ્ણાત આંખના ડોક્ટર્સ મોતિયાના ઓપરેશન કરે છે, ફીમાં ચશ્મા આપે છે.

આ યોજનાનો વધારે લાભ મરાઠીઓ જ લઈ રહ્યા છે. આમ વ્યવસાય સાહિત્ય સાંસ્કૃતિક આરોગ્યને અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતી- મરાઠીઓ વચ્ચે એકતા જાળવી રાખવામાં કર્મઠ એવા મહેશભાઈ સેતુ બનીને બિરદાવવા જેવી કામગીરી બજાવી રહ્યા છે. ■

# મૅન્ચેસ્ટર ભારત માટે ખરાબ સપનાં જેવું, એકેય જીત નહીં અને ફક્ત આઠ ભારતીયની સેન્ચુરી

મૅન્ચેસ્ટરઃ બ્રિટિશરો ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીમાં ૨-૧થી આગળ થઈ ગયા બાદ હવે ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ચોથી ટેસ્ટ બુધવાર, ૨૩મી જુલાઈથી ઑલ્ડ ટ્રેફર્ડ, મૅન્ચેસ્ટરમાં રમાશે અને ત્યાં એકંદરે ભારતીય બૅટ્સમેનોનો રેકૉર્ડ ખરાબ રહ્યો છે. એ તો ઠીક, પણ મૅન્ચેસ્ટરમાં ભારત હજી સુધી ક્યારેય ટેસ્ટ મૅચ નથી જીતી શક્યું.



પાંચ મૅચની ટેસ્ટ શ્રેણીમાં ત્રણ મૅચ રમાઈ ચૂકી છે અને એમાં એકંદરે કૅપ્ટન શુભમન ગિલ, કે. એલ. રાહુલ, રિષભ પંત અને રવીન્દ્ર જાડેજા સહિતના કેટલાક ભારતીય બૅટ્સમેનોનો પર્ફોર્મન્સ સારો રહ્યો છે, પરંતુ મૅન્ચેસ્ટરમાં ભારતીય બૅટ્સમેનોનો પર્ફોર્મન્સ બહુ સારો નથી. આ સ્થળે ફક્ત આઠ ભારતીય બૅટ્સમેન સદી ફટકારી શક્યા છે. વિરાટ કોહલી જેવો દિગ્ગજ પણ આ મેદાન પર સદી નથી કરી શક્યો.

મૅન્ચેસ્ટરમાં ભારત છેલ્લે છેક ૨૦૧૪માં ટેસ્ટ રમ્યું હતું અને એમાં એમએસ ધોનીના સુકાનમાં ભારતીય ટીમનો ઍલસ્ટર કૂકની ટીમ સામે એક દાવ અને ૫૪ રનથી પરાભવ થયો હતો. મૅન્ચેસ્ટરમાં ભારત છેક ૧૯૩૬ની સાલથી ટેસ્ટ-ક્રિકેટ રમે છે, પરંતુ ૧૯૩૬થી ૨૦૧૪ સુધીમાં ભારતની માત્ર નવ ટેસ્ટ રમાઈ છે જેમાંથી ચાર ટેસ્ટમાં ઇંગ્લૅન્ડનો વિજય થયો છે અને પાંચ ટેસ્ટ ડ્રૉ રહી છે.

ભારતના જે આઠ બૅટ્સમેનો મૅન્ચેસ્ટરમાં ઑલ્ડ ટ્રેફર્ડના મેદાન પર સદી ફટકારી શક્યા છે એમાં સુનીલ ગાવસકર, પૉલી ઉમરીગર, સંદીપ પાટીલ, સૈયદ મુશ્તાક અલી, વિજય મર્ચન્ટ, અબ્બાસ અલી બેગ, સચિન તેન્ડુલકર અને મોહમ્મદ અઝહરુદ્દીનનો સમાવેશ છે.

આ મેદાન પર ભારતીયોમાંથી છેલ્લે છેક ૧૯૯૦માં સેન્ચુરી થઈ હતી. ત્યારે પહેલા દાવમાં અઝહરુદ્દીને ૧૭૯ રન અને બીજા દાવમાં સચિને ૧૧૯ રન કર્યા હતા. એ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી.

મૅન્ચેસ્ટરમાં ભારતીયોમાંથી ટેસ્ટ-મૅચોમાં સૌથી વધુ રન સુનીલ ગાવસકરે કર્યા છે. તેમણે અહીં ત્રણ ટેસ્ટમાં કુલ ૨૪૨ રન કર્યા હતા. બીજા નંબરે વિજય મર્ચન્ટ (૨૨૫ રન) છે. ■

## ક્રિકેટને ઑલિમ્પિક્સમાં પ્રવેશ મળ્યો, પણ કઈ ટીમોને ક્વૉલિફાય કરવી?

નવી દિલ્હીઃ દર ચાર વર્ષે રમાતી ઑલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટની સ્પર્ધા છેલ્લે છેક ૧૯૦૦ની સાલમાં રમાઈ હતી જેમાં ગ્રેટ બ્રિટને ફ્રાન્સને હરાવ્યું હતું, પરંતુ ત્યાર પછી ૧૨૫ વર્ષમાં ક્યારેય ક્રિકેટની મૅચો ઑલિમ્પિક્સમાં નથી રમાઈ. જોકે હવે ૨૦૨૮ની ઑલિમ્પિક્સમાં (૧૨૮ વર્ષે) ક્રિકેટને રીએન્ટ્રી મળી છે, પણ એમાં કઈ ટીમોને રમવા માટે લાયક ઠરાવવી એ વિશે આયોજકો અવઢવમાં હોય એવું લાગે છે.

અમેરિકામાં ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ ૧૪ જુલાઈથી ૩૦ જુલાઈ સુધી યોજાશે અને એમાં (પુરુષો તથા મહિલાઓ માટેની) ટી-૨૦ ક્રિકેટ સ્પર્ધાઓ ૧૨-૩૦ જુલાઈ દરમ્યાન રમાશે. મહિલાઓ માટેની મેડલ મૅચ ૨૦મી જુલાઈએ અને પુરુષોની ફાઇનલ ૨૯મી જુલાઈએ રમાશે. ક્રિકેટ મૅચો સ્થાનિક સમય મુજબ સવારે ૯.૦૦ વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે ૮.૩૦ વાગ્યે) શરૂ થશે. સિંગાપોરમાં ગુરુવાર, ૧૭મી જુલાઈએ આઇસીસીની વાર્ષિક પરિષદ યોજાશે અને એમાં ૨૦૨૮ની ઑલિમ્પિક્સમાં કઈ ટીમ ક્વૉલિફાય થઈ શકશે એના પર ચર્ચા થશે. ઑલિમ્પિક્સ માટે ટીમોના રૅન્કિંગ્સને લાગુ કરવા કે પછી ઑલિમ્પિક્સમાં પ્રવેશ અપાવવા માટે અલગથી ક્વૉલિફિકેશન ટૂર્નામેન્ટ રાખવી એના પર વિચારોની આપ-લે થશે એવી સંભાવના છે. ■

## ઇંગ્લૅન્ડમાં વૈભવની 'ચલ પડી': ઑટોગ્રાફ, સેલ્ફી માટે પડાપડી!



બેકનમ (ઇંગ્લૅન્ડ): આઇપીએલમાં ૧૪ વર્ષની ઉંમરે રમવાનું શરૂ કરીને પહેલા જ બૉલમાં સિક્સર ફટકારવા ઉપરાંત ૩૫ બૉલમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરી ફટકારવાનો વિક્રમ કર્યા બાદ ઇંગ્લૅન્ડનાં મેદાનો પર પણ ધૂમ મચાવી રહેલો બિહારનો વૈભવ સૂર્યવંશી બ્રિટિશરોની ધરતી પર ખૂબ લોકપ્રિય થઈ ગયો છે. આઠમા ધોરણમાં ભણતા ૧૪ વર્ષીય વૈભવને મીડિયાથી દૂર રાખવામાં આવી રહ્યો છે, પરંતુ ચાહકોમાં તે ફેમસ થવા લાગ્યો છે.

ઇંગ્લૅન્ડમાં અન્ડર-૧૯ ક્રિકેટ ટૂર પર આવેલા વૈભવને ચાહકો ઑટોગ્રાફ આપવાનો આગ્રહ કરે છે, તેની સાથે સેલ્ફી લેવા પણ કહે છે અને દૂર-દૂરથી લોકો વૈભવને જોવા અને તેની ધમાકેદાર બૅટિંગ માણવા આવે છે. ■

## જિતેશને લૉર્ડ્સમાં જવા ન મળ્યું, દિનેશ કાર્તિકની મદદ લેવી પડી



લંડનઃ ભારત વતી નવ ટી-૨૦ મૅચ રમી ચૂકેલા અને તાજેતરમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ને પહેલી વાર આઇપીએલનું ટાઇટલ અપાવવામાં મહત્ત્વનું યોગદાન આપનાર વિકેટકીપર-બૅટ્સમૅન જિતેશ શર્માને તાજેતરમાં લૉર્ડ્સમાં ખરાબ અનુભવ થયો હતો. ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ત્રીજી રોમાંચક ટેસ્ટ જોવા માટે જિતેશ લૉર્ડ્સના સ્ટેડિયમ ખાતે પહોંચ્યો ત્યારે સિક્યૉરિટી ગાર્ડે તેને અંદર જતા રોક્યો હતો.

વાત એવી છે કે ક્રિકેટમાંથી બ્રેક મળતાં જિતેશ વિદેશની ટૂર પર નીકળ્યો છે. તે જ્યારે લૉર્ડ્સ પર પહોંચ્યો ત્યારે સલામતી રક્ષકોએ તેને રોક્યો હતો. જિતેશે ત્યાં હાજર અધિકારીઓને વિનંતી કરી કે તે ભારતીય ક્રિકેટર છે અને ટીમ ઇન્ડિયા વતી રમી ચૂક્યો છે અને તેને અંદર જવાની છૂટ આપવામાં આવે એવી રિક્વેસ્ટ કરે છે. જોકે ગાર્ડ્સે તેને અંદર નહોતો જવા દીધો.

ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટ્સમૅન દિનેશ કાર્તિક આ સિરીઝમાં કૉમેન્ટેટર છે. જે દિવસે જિતેશ લૉર્ડ્સ પર આવ્યો ત્યારે કાર્તિક ફોન પર કોઈકની સાથે વાતચીત કરવા સ્ટેડિયમની બહાર આવ્યો હતો. જિતેશે ત્યારે કાર્તિકને બોલાવવાની કોશિશ કરી, પરંતુ ભારે ભીડ હોવાને કારણે કાર્તિકનું ધ્યાન તેના પર નહોતું ગયું. ત્યાર બાદ કાર્તિક ફોન પરની વાતચીત પૂરી કરીને સ્ટેડિયમમાં અંદર ગયો ત્યારે જિતેશે તેને કૉલ કર્યો હતો અને બહાર બોલાવ્યો હતો. આટલા સંઘર્ષ બાદ જિતેશને છેવટે અંદર જવા મળ્યું હતું. ■

## જાડેજાએ ઝડપથી રન કરવા જોઈતા હતા?: પુજારા દિગ્ગજો સાથે અસહમત



નવી દિલ્હીઃ લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં સોમવારના નિર્ણાયક દિવસે ૧૯૩ રનનો સાધારણ લક્ષ્યાંક મેળવતી વખતે ભારતીય ટીમના બૅટિંગ-ઑર્ડરનો ધબડકો થયો એને પગલે રવીન્દ્ર જાડેજાએ પૂંછડિયા બૅટ્સમેનો સાથે ચાલુ રાખેલી લડત દરમ્યાન ઝડપથી રન કરવાની નીતિ અપનાવવી જોઈતી હતી એવું ભારતના કેટલાક દિગ્ગજોનું માનવું છે, પરંતુ જાડેજાના ભૂતપૂર્વ સાથી ખેલાડી અને ટેસ્ટ-સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પુજારાએ જાડેજાના ડિફેન્સિવ અપ્રોચની તરફેણ કરી છે.

સુનીલ ગાવસકર, અનિલ કુંબલે અને સંજય માંજરેકરનું એવું કહેવું છે કે જાડેજાએ બુમરાહ તથા સિરાજ સાથેની ભાગીદારી દરમ્યાન થોડું જોખમ ઉઠાવીને બાઉન્ડરી ફટકારવી જોઈતી હતી.

સોમવારે લંચ પછીના બીજા સત્રની શરૂઆતમાં બુમરાહ જ્યારે જાડેજા સાથે જોડાયો ત્યારે ભારતનો સ્કોર ૮/૧૧૨ હતો. ૧૦મા નંબરનો બુમરાહ ખૂબ જ સમજદારીથી રમ્યો હતો અને જાડેજાને સુંદર સાથ આપ્યો હતો. બુમરાહે ૧૦૪ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૫૪ બૉલમાં પાંચ રન કર્યા હતા અને ભારતને લક્ષ્યાંક સુધી પહોંચાડવા બનતા બધા પ્રયત્નો કર્યા હતા. જોકે ટીમ ઇન્ડિયાએ જીતવા ૪૬ રન કરવાના બાકી હતા ત્યારે બુમરાહ આઉટ થયો હતો અને ઇંગ્લૅન્ડની ટીમ અને જીત વચ્ચે માત્ર એક જ વિકેટનું અંતર રહ્યું હતું.

જોકે મોહમ્મદ સિરાજે પણ સમજદારી બતાવી હતી અને ધૈર્યપૂર્વક રમીને જાડેજા સાથેની જોડીમાં બ્રિટિશરોને લડત આપી હતી. સિરાજ ૬૪ મિનિટ સુધી ક્રીઝમાં હતો અને તેણે ૩૦ બૉલમાં ચાર રન કર્યા હતા, પરંતુ તેને નસીબનો સાથ નહોતો મળ્યો. ભારતે જીતવા માટે માત્ર ૨૩ રન કરવાના બાકી હતા ત્યારે તે ઈજાગ્રસ્ત સ્પિનર શોએબ બશીરના એક બૉલમાં બીટ થયા બાદ પગથી કે બૅટથી બૉલને પોતાનાથી દૂર ધકેલવામાં નિષ્ફળ રહ્યો હતો અને બૉલ સ્ટમ્પને અડી જતાં બેલ નીચે પડી ગઈ હતી અને તે ક્લીન બોલ્ડ જાહેર થતાં ભારતનો બાવીસ રનના માર્જિનથી પરાજય થયો હતો.

ઓપનર યશસ્વી જયસ્વાલ (૦), કરુણ નાયર (૧૪), શુભમન ગિલ (૬) તથા રિષભ પંત (૯) જેવા ભરોસાપાત્ર બૅટ્સમેનો સારું નહોતા રમી શક્યા ત્યારે સાતમા ક્રમે રમવા આવેલા જાડેજાએ જબરદસ્ત ધૈર્ય, સમજદારી, હિંમત, લડતભરી નીતિ બતાવીને ૨૬૬ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૧૮૧ બૉલમાં એક સિક્સર તથા ચાર ફોરની મદદથી ૬૧ રન કર્યા હતા. તેણે પૂંછડિયાઓ સાથેની લાંબી ભાગીદારી દરમ્યાન મોટા ભાગની ઓવરના પાંચમા બૉલ પર સિંગલ રન દોડીને સ્ટ્રાઇક પોતાની પાસે સાચવી રાખી હતી અને બ્રિટિશરોને લડત આપી હતી.

ચેતેશ્વર પુજારાનું એવું કહેવું છે કે 'એ દિવસે પિચ જ એવી હતી જેના પર જાડેજા ઝડપથી રન બનાવી શકવાની સ્થિતિમાં જ નહોતો. એક તો બૉલ નરમ હતો અને પિચ સ્લો હતી. મારા મતે જાડેજાને જરૂર એવું લાગ્યું હશે કે પૂંછડિયા બૅટ્સમેનો સારું રમી રહ્યા છે એટલે ટીમ ધીમે-ધીમે લક્ષ્યાંક સુધી પહોંચી જશે. મને લાગે છે કે જાડેજાએ એવું પણ વિચાર્યું હશે કે ટાર્ગેટની લગોલગ પહોંચાશે ત્યારે થોડું જોખમ ઉઠાવીને (થોડો ચાન્સ લઈને) એકાદ-બે ફટકા લગાવીશ. જાડેજા બહુ જ સારું રમી રહ્યો હતો. એ પિચ પર ત્યારે ઝડપથી રન કરવાનું અઘરું હતું. હા, એટલું જરૂર કહીશ કે ક્યારેક જાડેજાએ બે ફીલ્ડર વચ્ચેના ગેપમાંથી બૉલને દૂર મોકલીને બને એટલા વધુ રન કરી લેવા જોઈતા હતા. ઘણી વાર મિડ-ઑફ અને કવર વચ્ચે મોટો ગેપ જોવા મળ્યો હતો.'

ઑલરાઉન્ડર જાડેજા વર્તમાન સિરીઝમાં બોલિંગ કરતાં બૅટિંગમાં વધુ સારા ફૉર્મમાં છે. તેણે ત્રણ ટેસ્ટમાં ૧૦૯.૦૦ની બૅટિંગ-સરેરાશે કુલ ૩૨૭ રન કર્યા છે જેમાં ચાર હાફ સેન્ચુરી સામેલ છે.

પુજારા અન્ડર-૧૪ ટીમમાં હતો ત્યારથી જાડેજાની સાથે રમ્યો છે. પુજારાના મતે જાડેજાએ છેલ્લાં પાંચ વર્ષમાં બૅટિંગમાં ઘણો સુધારો કર્યો છે. જાડેજા ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની એક મૅચના દાવમાં ટ્રિપલ સેન્ચુરી (૩૩૧ રન) ફટકારી ચૂક્યો છે. પુજારાએ એનો ઉલ્લેખ કરતા કહ્યું, 'જાડેજામાં બૅટિંગને લગતું કૌશલ્ય હશે તો જ તેણે પ્રથમ કક્ષાની ક્રિકેટમાં ત્રેવડી સદી ફટકારી હશે, ખરુંને?' ■

## ફિફા વર્લ્ડ કપના કૅલેન્ડર વિશે ફેર વિચારણા કરેઃ વિજ્ઞાનીઓ

જીનિવાઃ ફૂટબૉલ વર્લ્ડ કપ શરૂઆતથી (૧૯૩૦ની સાલથી) દર ચાર વર્ષે જૂન-જુલાઈના બે મહિનામાં જ રમાય છે, પરંતુ ગ્લોબલ વૉર્મિંગને લીધે (બીજી રીતે કહીએ ક્લાઇમેટ ચેન્જને કારણે) ત્યારથી માંડીને અત્યાર સુધીમાં આ બે મહિના દરમ્યાન ગરમીનું પ્રમાણ ખૂબ વધી ગયું છે જેને ધ્યાનમાં લઈને ફૂટબૉલ જગતનું સંચાલન કરતી સંસ્થા ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા)એ હવે વિશ્વ કપના કૅલેન્ડર બાબતમાં ફેર વિચારણા કરવી પડે એવી સ્થિતિ સર્જાઈ રહી છે.

નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૨નો ફિફા વર્લ્ડ કપ કતારમાં યોજાયો હતો અને હવે પછીનો વિશ્વ કપ જૂન-જુલાઈ, ૨૦૨૬માં સંયુક્ત રીતે અમેરિકા, મૅક્સિકો, કૅનેડામાં યોજાશે.

૧૯૩૦થી ૨૦૨૫ સુધીમાં વિશ્વ સ્તરે જૂન-ઑગસ્ટ સુધીના ત્રણ મહિનામાં એકંદરે ૧.૦૫ ડિગ્રી સેલ્સિયસ (૧.૮૯ ડિગ્રી ફેરનહીટ) વધી ગયો છે, એવું યુએસ નૅશનલ ઑસનિક ઍન્ડ ઍટમૉસ્ફેરિક ઍડમિનિસ્ટ્રેશનમાં જણાવવામાં આવ્યું છે.

હવામાન સંબંધિત વિજ્ઞાનીઓ કહે છે કે 'ખાસ કરીને ફૂટબૉલ જેવી તીવ્ર રસાકસીવાળી ટીમ-ગેમ રમતી વખતે તીવ્ર ગરમીની થતી અસર બાબતમાં ખાસ વિચાર કરવો જોઈએ. તાપમાન વિશ્વભરમાં વધી રહ્યું છે એ જોતાં પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં સૉકર વર્લ્ડ કપ અને બીજી ફૂટબૉલ સ્પર્ધા હવે પછી ઉનાળાના મહિનાઓ દરમ્યાન યોજવી કે નહીં બાબતમાં ખાસ વિચારવાની જરૂર છે, કારણકે આવું બદલાયેલું તાપમાનની ખેલાડીઓ તેમ જ પ્રેક્ષકો પર વિપરીત અસર કરી શકે.'

કેટલાક વિજ્ઞાનીઓનું એવું કહેવું છે કે ફિફાએ ફૂટબૉલની મોટી સ્પર્ધાઓ કૅલેન્ડર વરમાં એવા સમયે રાખવી જેમાં ગરમી સંબંધિત બીમારીનું જોખમ ઓછું હોઈ શકે. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| उकडणे | વિના કારણ |
| उकरणे | થૂંકવું |
| उगळणे | હેડકી |
| उगाच | ખોદવું |
| उचकी | ઉકળાટ |

### ઓળખાણ પડી?

કેન્દ્ર સરકારના પ્રધાનમંડળમાં મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાનની જવાબદારી સંભાળતી મહિલાની ઓળખાણ પડી?



અ) સ્મૃતિ ઈરાની
બ) સાવિત્રી ઠાકુર
ક) અન્નપૂર્ણા દેવી
ડ) અનિતા મલિક

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દ | રિ | ૨ ચા | દિ | ૩ લ | ■ | ૪ ઓ | શિ | ૫ યા | ળા |
| યા | ■ | દ | ■ | ૬ ત | ૭ ક | લી | ■ | રી | ■ |
| ળુ | ■ | ૮ ગા | ૯ ન | ■ | જિ | ■ | ૧૦ જા | ■ | ૧૧ અ |
| ■ | ૧૨ પ | ર | મ | ■ | ૧૩ ચા | વ | ની | ■ | ક |
| ૧૪ એ | રો | ■ | ૧૫ ક | મ | ખો | ■ | ■ | ૧૬ ખા | લ |
| ૧૭ ક | ણા | દ | ■ | ■ | ર | ■ | ૧૮ શ | ર | મ |
| ૧૯ લ | ગ | ■ | ૨૦ બા | ૨૧ ધા | ■ | ૨૨ હ | ર | ■ | ઠો |
| ૨૩ પં | ત | ૨૪ પ્ર | ધા | ન | ■ | ૨૫ કા | દ | ૨૬ વ | ■ |
| ડો | ■ | સ | ■ | ■ | ૨૭ વા | ર | ■ | ૨૮ ર | ૨૯ વ |
| ■ | ૩૦ અ | વ | ળ | ચં | ડો | ■ | ૩૧ આ | દે | શ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | | ૬ |
| | ■ | | ■ | ૭ | | | | ■ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ | | ૧૧ | |
| ■ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ■ |
| ૧૪ | | | ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ |
| | ■ | ■ | ૧૭ | | | | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | | ■ | ■ | ૨૧ | ૨૨ | ■ | |
| ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | | |
| | ■ | ૨૮ | ■ | ૨૯ | | ૩૦ | ■ | ■ | |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. બળિયો, તાકતવર (૪)
૩. કાચું પાકું, અર્ધદગ્ધ (૫) (જો. છૂ.)
૭. સામે જ, હકીકતમાં (૪)
૮. એક દેશી વાનગી (૩)
૧૦. અંબોડાનું એક ઘરેણું (૪)
૧૨. ખોરાક ન પચવો તે (૩)
૧૩. વૃક્ષમાંથી મળતો સળગી ઊઠે તેવો પદાર્થ (૨)
૧૪. સબબ, બીજ, હેતુ (૩)
૧૫. --- ઓસરવી એટલે રસ્તો ઓછો થવો (૨)
૧૭. વ્યવસ્થા (૪)
૧૮. ભરુચ-ખંભાત પાસેનો પ્રદેશ (૨)
૧૯. આકળા સ્વભાવની વ્યક્તિ (૪)
૨૧. ગાયકો ગાય (૨)
૨૩. ત્રાંસી (૨)
૨૪. મનાઈ, બંધી (૩)
૨૭. મુંબઈના --- પ્રખ્યાત (૩)
૨૯. --- મારવી એટલે છટકી જવું (૩)
૩૧. મસ્તીખોર (૫)
૩૨. ઉતાવળો (૪)

**ઊભી ચાવી**

૧. ઉત્સાહી, જોરદાર (૩)
૨. વાદળી --- ને થાકે (૩)
૩. ---, એવું કેમ બને? (૨)
૪. બળતરા, ઝંખના, ચિંતા (૩)
૫. કરગરવું તે, (૫)
૬. કૃષ્ણની પટરાણી (૩)
૭. ખટપટ કરનાર (૫)
૯. વેતન, દરમાયો (૩)
૧૧. ફૂલમાંથી --- બને (૨)
૧૪. પ્રપંચ કરનાર (૫)
૧૫. મિઠાઈ (૩)
૧૬. પારકી વાતોમાં રસ લેનાર (૬)
૧૭. આ બાજુ, આ તરફ (૩)
૨૦. --- ઉંમર એટલે ઘડપણ (૨)
૨૨. તળિયું, સંધિ (૨)
૨૫. ભારતનું એક રાજ્ય (૩)
૨૬. દીવો (૨)
૨૮. બુદ્ધિ (૨)
૩૦. વસ્ત્ર (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીના એકમાત્ર સગા કાકાજીના એકમાત્ર નાનાભાઈના એકમાત્ર દીકરાના જમાઈની દીકરી સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) ભત્રીજી બ) દોહિત્રી ક) ભાણેજ ડ) પૌત્રી

### જાણવા જેવું

ધ્વજને લંબચોરસ અથવા ત્રિકોણ કપડું બાંધેલું હોય છે, તેને પતાકા કહે છે. પતાકા જુદા જુદા રંગની હોય છે અને તેમાં ચિત્ર વગેરે પણ હોય છે. જે પતાકામાં હાથી, સિંહ વગેરે હોય તે જયંતી, જેમાં હંસ, મોર વગેરે હોય તે અષ્ટમંગલા કહેવાય છે.

### સુડોકુ-૯૦૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૬ | ૧ | | ૭ | ૨ |
| | | | ૯ | | | ૧ | | ૪ |
| | | | ૨ | | | | | ૯ |
| ૩ | | ૪ | | ૭ | ૯ | ૬ | | ૫ |
| | ૯ | | | ૪ | | | ૮ | |
| ૫ | | ૬ | ૩ | ૨ | | ૯ | | ૧ |
| ૯ | | | | | ૪ | | | |
| ૭ | | ૨ | | | ૬ | | | |
| ૧ | ૬ | | ૮ | ૯ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૧ | ૯ | ૪ | ૫ | ૨ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૪ | ૨ | ૧ | ૬ | ૩ | ૯ | ૫ |
| ૫ | ૯ | ૨ | ૩ | ૮ | ૭ | ૪ | ૬ | ૧ |
| ૪ | ૧ | ૩ | ૭ | ૬ | ૨ | ૫ | ૮ | ૯ |
| ૬ | ૨ | ૮ | ૫ | ૯ | ૪ | ૭ | ૧ | ૩ |
| ૯ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૪ | ૨ |
| ૮ | ૪ | ૯ | ૬ | ૫ | ૩ | ૧ | ૨ | ૭ |
| ૧ | ૩ | ૭ | ૪ | ૨ | ૯ | ૮ | ૫ | ૬ |
| ૨ | ૫ | ૬ | ૮ | ૭ | ૧ | ૯ | ૩ | ૪ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં શરમનો પર્યાયવાચી શબ્દ સંતાઈ બેઠો છે એ શોધી કાઢો. દરદ મટતું ન હોય તો ઈલાજ બદલી નાખવો જોઈએ.

### નોંધી રાખો

કોઈ ભલે ગમે તેટલું કહે, તમારી જાતને શાંત રાખો કારણ કે સૂર્ય ગમે તેટલો મજબૂત હોય, તે સમુદ્રને સૂકવી શકતો નથી.

### માઈન્ડ ગેમ

વિવિધ દેશના રાષ્ટ્રીય ધ્વજ પર વિવિધ રંગ હોય છે. કયા દેશના રાષ્ટ્રીય ધ્વજ પર માત્ર બે જ રંગ જોવા મળે છે એ જણાવો.

અ) ઓસ્ટ્રેલિયા બ) જર્મની
ક) ઓસ્ટ્રિયા ડ) આર્જેન્ટિના

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| शीतकपाट | ફ્રિજ |
| गाळण | ગરણી |
| लाटणे | વેલણ |
| पेला | પ્યાલો |
| चिमटा | ચીપિયો |

ગુજરાત મોરી મોરી રે
ફોઈ

ઓળખાણ પડી?
કેનેડા

માઈન્ડ ગેમ
વેટિકન સિટી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
રથ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર વેદ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) હર્ષા મહેતા (૮) ખુશરૂ કાપડિયા (૯) પુષ્પા પટેલ (૧૦) તાહેર ઔરંગાબાદવાલા (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) લજિતા ખોના (૧૫) ભારતી પ્રકાશ કટકિયા (૧૬) શ્રદ્ધા આશર (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ સંઘવી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) અરવિંદ કામદાર (૨૬) અંજુ ટોલિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અલકા વાણી (૨૯) ભાવના કર્વે (૩૦) કિશોર સંઘરાજકા (૩૧) મીનળ કાપડિયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) ડાયના સંતોકે (૩૪) અંબરીષ ઓઝા (૩૫) પુષ્પા ખોના (૩૬) શિલ્પા શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) નિતિન જયંતિલાલ બજરિયા (૪૦) હિના દલાલ (૪૧) રમેશ દલાલ (૪૨) ઈનાત્રી દલાલ (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) પ્રવીણ વોરા (૪૯) વિણા સંપટ (૫૦) દેવેન્દ્ર સંપટ (૫૧) હરીશ મનુભાઈ ભટ્ટ (૫૨) જયવંત પદમશી ચિખલ (૫૩) દીપ્તી માતલિયા (૫૪) હરિહર ભટ્ટ

અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

# કોલેજો અને પ્રાઈવેટ કોચિંગ ક્લાસની સાંઠગાંઠ તોડવા ટૂંક સમયમાં કાયદો

મુંબઈ: કોલેજો અને પ્રાઈવેટ કોચિંગ ક્લાસ વચ્ચેની સાંઠગાંઠ તોડવા માટે મહારાષ્ટ્ર સરકાર કાયદો લાવશે, એમ સ્કૂલ શિક્ષણ પ્રધાન દાદા ભુસેએ બુધવારે જણાવ્યું હતું.

તેમણે વિધાનસભામાં જણાવ્યું હતું કે આ કાયદો પ્રાઈવેટ કોચિંગ સેન્ટરોને મુખ્ય શૈક્ષણિક જવાબદારીઓ આઉટસોર્સ કર્યા વિના કોલેજો સ્વતંત્ર રીતે કાર્ય કરે તે માટે કોલેજોની જવાબદારી નક્કી કરશે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - એનસીપીના વિધાન સભ્ય હીરામણ ખોસકરના પ્રશ્નના જવાબમાં ભુસેએ જણાવ્યું હતું કે ‘સરકાર ટૂંક સમયમાં પ્રાઈવેટ કોચિંગ ક્લાસીસ સાથે સંકલનમાં રહીને ચાલતી કોલેજોની પ્રથાને અંકુશમાં લેવા માટે એક કાયદો રજૂ કરશે.’

તેમણે એમ પણ કહ્યું હતું કે સરકાર પારદર્શિતા વધારવા અને વાલીઓના નાણાકીય શોષણને રોકવા માટે નોન-ટ્યુશન હેડ હેઠળ શાળાઓ દ્વારા વધારાની ફીની વસુલાત રોકવા માટે નિયમોમાં સુધારો કરશે.

એક અન્ય સવાલના જવાબમાં ઉચ્ચ અને તકનીકી શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટિલે ગૃહને માહિતી આપી હતી કે ફરજિયાત આકારણી અહેવાલો રજૂ કરવામાં નિષ્ફળ રહેવા બદલ ૧૬ બી.એડ કોલેજોની માન્યતા રદ કરવામાં આવી છે.

આમાંથી સાત સંસ્થાઓએ કામગીરી બંધ કરી દીધી છે. આશરે ૫૦૦ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને અન્ય કોલેજોમાં સમાવી લેવામાં આવશે.

(પીટીઆઈ) ■

## મુંબઈમાં ૪૨૦ અનધિકૃત સ્કૂલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના શાળા શિક્ષણ ખાતાના પ્રધાન દાદાજી ભૂસેએ બુધવારે જણાવ્યું હતું કે મુંબઈમાં ૪૨૦ અનધિકૃત શાળાઓ છે, જેમાંથી ૪૭ બંધ કરી દેવામાં આવી છે. રાજ્ય વિધાનસભામાં શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય ભાસ્કર જાધવ અને અન્ય લોકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના લેખિત જવાબમાં, તેમણે કહ્યું કે આ ૪૨૦ શાળાઓમાંથી ૧૦૩ શાળાઓને દંડ ફટકારવામાં આવ્યો છે અને અન્ય ૧૨૬ ફોજદારી કેસનો સામનો કરી રહી છે. ભૂસેએ જણાવ્યું હતું કે મુંબઈમાં ૧,૦૫૭ અનુદાનિત અને બિન-અનુદાનિત શાળાઓ યોગ્ય પરવાનગી સાથે ચાલી રહી છે. આ ૧,૦૫૭ શાળાઓમાંથી ૨૧૮ શાળાઓએ ૨૦૨૨માં તેમની પરવાનગીઓના નવીનીકરણ માટે અરજી કરી ન હતી. આ ૨૧૮ શાળાઓમાંથી ૨૧૧ શાળાઓને શિક્ષણ અધિકાર (આરટીઈ) હેઠળ પરવાનગી આપવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું. ભૂસેએ જણાવ્યું હતું કે શાળા શિક્ષણ વિભાગના ડેશબોર્ડમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ તરીકે નામોના ગેરકાયદે સમાવેશની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) ગઠિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ■

### પાસપોર્ટ વેરિફિકેશનમાં સરનામાની સમસ્યા

# રિડેવલપમેન્ટને કારણે કામચલાઉ એડ્રેસ સ્વીકારવાની છૂટ

મુંબઈ: પાસપોર્ટ મેળવવા માટે પોલીસ વેરિફિકેશન માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવે છે. જોકે, મહારાષ્ટ્ર સરકાર એવા નાગરિકોની સમસ્યાઓ પર ધ્યાન આપશે જેમની રહેણાંક ઇમારતોનું રિડેવલપમેન્ટ થઈ રહ્યું છે એમ એક પ્રધાને બુધવારે જણાવ્યું હતું.

વિધાનસભામાં બોલતા ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમ (શહેરી)એ નોંધ્યું હતું કે પાસપોર્ટ માટે સરનામાની ચકાસણી એ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે. ચકાસણી કરતી વખતે અરજદારની ઓળખ અને અરજીમાં પૂરી પાડવામાં આવેલી વિગતો ઉપરાંત એની સામે કોઈ ફોજદારી કેસો પેન્ડિંગ નથી એના પર પણ ધ્યાન આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે વિદેશી મુસાફરીના દસ્તાવેજ જારી કરવા માટે પોલીસ વેરિફિકેશન અરજદારના રહેણાંક સરનામાં પર હાથ ધરવામાં આવે છે અને જૂની ઇમારતોના રિડેવલપમેન્ટના કારણે

(જુઓ પાનું ૪) ▸▸

# વિધાનસભામાં વિપક્ષનું લુંગી-બનિયાન પ્રદર્શન

મુંબઈ: આકાશવાણી વિધાનસભ્ય હોસ્ટેલની કેન્ટિનમાં ખરાબ ગુણવત્તાના ખોરાક મામલે શિવસેના (શિંદે જૂથ)ના વિધાનસભ્ય સંજય ગાયકવાડે એક કર્મચારીને માર માર્યો હતો. આ મામલે મહારાષ્ટ્રનું રાજકરણ ગરમાયેલું હતું એવામાં પ્રધાન સંજય શિરસાટનો રોકડા સાથેનો વિડીયો વાઈરલ થયો. આ બંને મામલે સરકારની નિષ્ક્રિયતાની નિંદા કરવા માટે વિપક્ષ મહાવિકાસ આઘાડી (એમવીએ)ના નેતાઓએ બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભાની બહાર ‘લુંગી-બનિયાન’ પહેરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

નેતાઓના આ અનોખા વિરોધનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઇ રહ્યો છે. વીડિયોમાં શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) વિધાનસભ્ય અંબાદાસ દાનવે અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એસપી) નેતા જિતેન્દ્ર આવ્હાડ પણ જોવા મળે છે. નેતાઓ તેમના સામાન્ય પોશાક ઉપર ‘બનિયાન’ અને ‘લુંગી’ પહેરીને નારેબાજી કરતા જોવા

(જુઓ પાનું ૪) ▸▸

### કાળજું કંપાવનારી ઘટના

# બસમાં બાળકને જન્મ આપ્યો ને બારીની બહાર ફેંકી દીધું

મુંબઈ: મહારાષ્ટ્રના પરભણીમાં આઘાતજનક ઘટના બની હતી. એક ૧૯ વર્ષની મહિલાએ ચાલતી સ્લીપર કોચ બસમાં બાળકને જન્મ આપ્યો હતો, પરંતુ મહિલા અને તેના પતિ હોવાનો દાવો કરતા પુરુષે અચાનક નવજાત બાળકને બારીમાંથી બહાર ફેંકી દીધું, જેના કારણે બાળકનું મૃત્યુ થયું હતું. એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ પાથરી-સેલુ રોડ પર બની હતી. એક જાગૃત નાગરિકે પોલીસને જાણ કરી કે બસમાંથી કપડામાં લપેટેલી કોઈ વસ્તુ ફેંકવામાં આવી છે.

પોલીસે જણાવ્યું હતું કે, રિતિકા ઢેરે નામની એક મહિલા અલ્તાફ શેખ (જેણે તેનો પતિ હોવાનો દાવો કર્યો હતો) સાથે સંત પ્રયાગ ટ્રાવેલ્સની સ્લીપર કોચ બસમાં પુણેથી પરભણી જઈ રહી

(જુઓ પાનું ૪) ▸▸

# તો મુંબઈના રસ્તા પરથી કચરો ઉપાડવાનું બંધ થશે

## ખાનગીકરણના વિરોધમાં સફાઈ કર્મચારીઓ હડતાળની તરફેણમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં કચરો ભેગો કરીને તેને લઈ જવા માટે કૉન્ટ્રેક્ટરો પાસેથી વાહનો અને સેવા લેવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાના ઘનકચરા વિભાગે લીધો હોઈ તેની માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે, તેની વિરુદ્ધમાં તમામ કર્મચારીઓના યુનિયને વિરોધ નોંધાવ્યો છે. જો પ્રશાસને આ કૉન્ટ્રેક્ટ રદ નહીં કર્યો તો રસ્તા પરથી કચરો ઉપાડવાનું બંધ કરીને હડતાળ પર ઉતરવાની ચીમકી યુનિયને આપી છે.

સફાઈ ખાતાના કામકાજનું ૧૦૦ ટકા ખાનગીકરણ કરવાના વિરોધમાં આંદોલન વધુ તીવ્ર કરવા માટે સફાઈ કર્મચારીઓની મદદથી કરવામાં આવેલા મતદાનમાં હડતાળની તરફેણમાં મતદાન થયું હોવાનો દાવો મ્યુનિસિપલ કામગાર ઍક્શન કમિટીએ કર્યો છે. શહેરમાં પહેલા તબક્કાના મતદાનમાં ૯૭ ટકા કર્મચારીઓએ હડતાળની તરફેણમાં મતદાન કર્યું હોઈ ગુરુવારે આઝાદ મેદાનમાં મોર્ચો કાઢીને હડતાળ બાબતે નિર્ણય લેવામાં આવશે, એવું એક્શન કમિટીએ જણાવ્યું હતું.

૧૬ જુલાઈ, ૨૦૨૫ના પાલિકાના સફાઈ ખાતાની તમામ ચોકી પર તેમ જ પરિવહન ખાતાના યાનગૃહમાં ખાનગીકરણના વિરોધમાં હડતાળ કરવી કે નહીં તે માટે

(જુઓ પાનું ૪) ▸▸

# ૪૧,૧૯૩ ગુમ બાળકોને શોધી કઢાયાં

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં પ્રશ્નકાળ દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવી માહિતી આપી કે, ‘ઓપરેશન મુસ્કાન’ હેઠળ અત્યાર સુધીમાં ૪૧,૧૯૩ ગુમ થયેલા બાળકોને શોધી કાઢવામાં આવ્યા છે, જ્યારે આ વર્ષે જ ‘ઓપરેશન ખોજ’ હેઠળ ૪,૯૬૦ મહિલાઓ અને ૧,૩૬૪ બાળકોને શોધી કાઢવામાં આવ્યા છે. ફડણવીસે વધુમાં એવી માહિતી આપી હતી કે ગુમ થવાના કેસોને અત્યંત ગંભીરતાથી લેતા, તમામ પોલીસ સ્ટેશનોમાં ‘ગુમ થયેલ સેલ’ની સ્થાપના કરવામાં આવી છે અને તેની જવાબદારી વરિષ્ઠ મહિલા અધિકારીઓને સોંપવામાં આવી છે.

### એપ આધારિત ટેક્સી સર્વિસમાં ભાડાનો વિવાદ

# ડ્રાઈવરોની હડતાળથી પ્રવાસીઓ હેરાન

મુંબઈ: ઓલા અને ઉબેર જેવી એપ આધારિત ટેક્સી સેવાઓના ડ્રાઇવરોને પ્રતિ કિ.મી.ના ૮-૯ રૂપિયા ચૂકવવામાં આવી રહ્યા છે અને અન્ય પરિવહન ખર્ચને કારણે ડ્રાઇવરોને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. પરિણામે એપ આધારિત ટેક્સી ચાલકો હડતાળ પર ઉતરી ગયા છે. આ હડતાળને કારણે દરરોજ એપ આધારિત ટેક્સી અને રિક્ષામાં મુસાફરી કરતા લોકોની હેરાનગતિ થઈ છે.

ઇંધણ, પરિવહન અને અન્ય દૈનિક ખર્ચમાં વધારાને કારણે એપ્લિકેશન આધારિત ટેક્સી સર્વિસ ડ્રાઇવરોની આર્થિક નુકસાન થઈ રહ્યું છે. દરમિયાન, એપ્લિકેશન આધારિત ટેક્સી ડ્રાઇવરો બાઇક ટેક્સી અંગેની જાહેરાતથી ખૂબ જ નારાજ છે અને હડતાળ પર ઉતરી ગયા છે. સીએસએમટી નજીક આઝાદ મેદાનમાં હડતાળ શરૂ કરી છે જેમાં સેંકડો ડ્રાઇવરો જોડાયા છે. હડતાળને કારણે મુસાફરોને ભારે હાલાકી થઈ રહી છે.

હાલ રીક્ષા અને ટેક્સી ચાલકોનો વ્યવસાય સંકટમાં મુકાયો છે. આવી સ્થિતિમાં બાઇક ટેક્સીને મંજૂરી આપવાથી બેરોજગારી વધી જશે અને જો વાહનોના હપ્તા નહીં ભરી શકે તો અનેક પરિવારો રસ્તા પર આવી જશે તેવી ભીતિ સેવાઈ રહી છે. પરિવહન વિભાગે બાઇક ટેક્સી શરૂ કરવાના લીધેલા નિર્ણયનો એપ આધારિત ટેક્સી, રીક્ષા ડ્રાઇવરોએ વિરોધ કર્યો છે.

રિજનલ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (આરટીઓ) દ્વારા નક્કી કરવામાં આવેલા દર તમામ એપ્લિકેશન આધારિત સેવાઓ પર લાગુ હોવા જોઈએ એવી માંગણી કરી રજૂઆત કરવામાં આવી છે કે જો આરટીઓએ લાગુ કરેલા દરથી પણ ઓછું ભાડું વસૂલવાનું હોય તો કેબ એગ્રિગેટર કંપનીઓએ પોતાના ખિસ્સામાંથી જ ચૂકવણી કરવી જોઇએ અને જો તેનાથી વધુ ચાર્જ લેવો હોય તો આ રકમ એગ્રીગેટર કંપનીઓએ પોતે જ નફા તરીકે સ્વીકારી લેવી જોઈએ. ડ્રાઇવરોને પ્રાદેશિક પરિવહન સત્તા દ્વારા નિર્ધારિત સમાન દરો મળવા જોઈએ. આ ઉપરાંત રિજનલ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીએ કૂલ કેબ/એરકન્ડિશન્ડ વાહનો માટેના દરો નક્કી કરતી વખતે એસયુવી કેટેગરીમાં પેસેન્જર વાહનોના રેટ અલગથી નક્કી કરવા જોઈએ એવી માંગણી પણ કરવામાં આવી છે. ■

### જમ્બો કોરોના સેન્ટર કૌભાંડ

# સંજય રાઉતના નજીકના સહયોગીને જામીન

મુંબઈ: મુંબઈમાં જમ્બો કોરોના કેર સેન્ટર કૌભાંડ સંબંધિત નાણાકીય અનિયમિતતાના કેસમાં ઉદ્ધવ ઠાકરેના શિવસેના સાંસદ સંજય રાઉતના સહાયક સુજીત પાટકરને હાઈ કોર્ટે બુધવારે જામીન આપ્યા. આ કેસમાં દાખલ કરાયેલા મૂળ કેસમાં પાટકરને પહેલાથી જ જામીન મળી ગયા હોવાથી તેમને જેલમાંથી મુક્ત કરાશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરાયેલી નાણાકીય ગેરરીતિઓના કેસમાં પાટકરે ખાસ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. તે ફગાવી દેવામાં આવ્યા બાદ,તેમણે હાઇ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જસ્ટિસ અમિત બોરકરની સિંગલ બેન્ચે ગયા અઠવાડિયે વિગતવાર દલીલો સાંભળ્યા બાદ પાટકરની અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. સિંગલ બેન્ચે બુધવારે આ કેસમાં પોતાનો ચુકાદો આપતા પાટકરને એક લાખ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર જામીન આપ્યા હતા. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જામીન આપવા અંગે કોર્ટનો વિગતવાર આદેશ પછીથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. દરમિયાન, પાટકરને આ કેસમાં દાખલ કરાયેલા મૂળ કેસમાં પહેલાથી જ જામીન આપવામાં આવ્યા હતા. જોકે, આ કેસમાં તેમને જામીન આપવામાં આવ્યા ન હતા. હવે પાટકરને આ કેસમાં પણ જામીન મળી ગયા હોવાથી, તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવશે. વરલી અને દહિસરમાં જમ્બો કોરોના કેર સેન્ટરનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે નકલી દસ્તાવેજો રજૂ કરવાના આરોપસર પાટકર અને અન્ય આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો હતો. ■

# નેશનલ હાઇ-વે પર ફરી ટ્રાફિક જૅમ: વાહનચાલકોની હાલત કફોડી

વસઈ: મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇ-વે પર વર્સોવા બ્રિજ અને સસુનવઘર પાસે ખાડા પડી ગયા હોવાથી વાહનવ્યવહાર ધીમી ગતિએ વધતો હોવાનું જોવા મળ્યું હતું. બુધવારે સવારથી મુંબઈ જનારા રૂટ પર ટ્રાફિક જૅમ થઈ ગયો હતો, જેના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇ-વે વસઈના પૂર્વમાંથી પસાર થાય છે. ચોમાસાની ઋતુ શરૂ થતાં જ આ હાઇ-વે પર વિવિધ સમસ્યાઓ ઉભી થવા લાગી છે. અહીં વિવિધ સ્થળોએ ખાડા પડી જવાને કારણે ટ્રાફિકની ગતિ ઘણી ધીમી પડી ગઈ છે. બુધવારે સવારે ૧૦ વાગ્યાથી મુંબઈ-થાણે તરફ જતા રસ્તા પર ટ્રાફિક જૅમ જોવા મળ્યો હતો.

વર્સોવા બ્રિજ, સસુનવઘર, સાસુપાડા, માલજી પાડાથી નાયગાંવ સુધી સાતથી આઠ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી હતી, જેના કારણે વાહનચાલકો બે થી ત્રણ કલાક સુધી આ ટ્રાફિકમાં ફસાઈ ગયા હતા અને નોકરી કરનારાઓને ભારે તકલીફ વેઠવી પડી હતી.

ગાયમુખ નજીક પણ એક અકસ્માત થયો હતો. આ ઉપરાંત, હાઇવે પોલીસે જણાવ્યું હતું કે પ્રીતમ ધાબા અને વર્સોવા બ્રિજ વચ્ચે પણ ઘણા ખાડા છે, જેના કારણે ટ્રાફિક જામ થાય છે. કેટલાક લોકો વાહનોને વિરુદ્ધ દિશામાંથી લઈ જવાનો પ્રયાસ કરે છે, જેના કારણે ટ્રાફિક જૅમમાં વધારો થઈ રહ્યો છે. ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે કામ કરવામાં આવી રહ્યું હોવાનું હાઇવે ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું. ■

### કોલ્હાપુરી ચપ્પલ વિવાદ

# હાઈ કોર્ટે ઈટાલિયન ફેશન હાઉસ સામેની જનહિતની અરજી ફગાવી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે બુધવારે પ્રખ્યાત કોલ્હાપુરી ચપ્પલના કથિત અનધિકૃત ઉપયોગ માટે ઇટાલિયન ફેશન હાઉસ પ્રાદા પર કેસ કરવાના છ વકીલના વૈધાનિક અધિકાર પર સવાલ ઉઠાવી તેમની જાહેર હિતની અરજી (પીઆઈએલ) ફગાવી દીધી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ સંદીપ માર્નેની ખંડપીઠે અરજી કરનારા વકીલોના અધિકાર પર સવાલ ઉઠાવી કહ્યું હતું કે તેઓ નથી પીડિત વ્યક્તિ કે નથી રજિસ્ટર્ડ પ્રોપરાઇટર અથવા ફૂટવેરના માલિક પણ નથી. હાઈ કોર્ટનો સવાલ હતો કે ‘તમારો (અરજદારોનો) વૈધાનિક અધિકાર શું છે? તમે આ કોલ્હાપુરી ચપ્પલના માલિક નથી. તમારું સ્થાન શું છે અને જાહેર હિત શું છે? કોઈપણ નારાજ કે પીડિત વ્યક્તિ દાવો દાખલ કરી શકે છે. પણ પહેલા એ કહો કે આમાં જાહેર હિત શું છે?’

અરજીમાં કહેવામાં આવ્યું હતું કે કોલ્હાપુરી ચપ્પલ જ્યોગ્રાફિકલ ઈન્ડિકેશન (જીઆઇ) હેઠળ સુરક્ષિત છે. જવાબમાં ખંડપીઠે કહ્યું હતું કે જીઆઈ ટેગના રજિસ્ટર્ડ પ્રોપરાઇટર કોર્ટમાં આવી તેમની પોતાની કાર્યવાહીને સમર્થન આપી શકે છે. અદાલતે આ અરજી ફગાવી કહ્યું હતું કે તે પછીથી વિગતવાર આદેશ આપશે.

સ્પ્રિંગ/સમર કલેક્શનમાં પ્રાદાએ તેના ટો - રિંગ સેન્ડલ રજૂ કર્યા હતા. પીઆઇએલમાં કહેવામાં આવ્યું હતું કે આ સેન્ડલ કોલ્હાપુરી ચપ્પલ જેવા જ દેખાય છે. આ સેન્ડલની કિંમત પ્રતિ જોડી એક લાખ રૂપિયા છે. (પીટીઆઈ)■

# બાન્દ્રામાં દિવ્યાંગ મહિલાએ ૧૬મા માળેથી ઝંપલાવ્યું

મુંબઈ: બાન્દ્રા ગવર્નમેન્ટ કૉલોનીમાં રહેતી દિવ્યાંગ મહિલાએ ૧૬મા માળે આવેલા ફ્લૅટમાંથી નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ખેરવાડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારની સવારે બનેલી ઘટનામાં કથિત આત્મહત્યા કરનારી મહિલાની ઓળખ શીતલ પવાર (૪૦) તરીકે થઈ હતી. ઘટના વખતે શીતલનો પતિ સતીશ પવાર ફ્લૅટમાં જ હતો. ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી ન હોવાથી મહિલાના અંતિમ પગલા ભરવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પોલીસના જણાવ્યા મુજબ શીતલ ચાલી શકવામાં અક્ષમ હતી. બૉમ્બે હાઈ કોર્ટમાં કામ કરતા સરકારી કર્મચારી એવા પતિ સતીશ સાથે શીતલ બાન્દ્રાની ન્યૂ ગવર્નમેન્ટ કૉલોનીના ફ્લૅટ નંબર ૧૬૦૫માં રહેતી હતી. આ પ્રકરણે પોલીસ વિવિધ મુદ્દે તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# સલમાન ખાનનો મુંબઈનો ૧,૩૧૮ ચોરસ ફૂટનો ફ્લેટ ₹ ૫.૩૫ કરોડમાં વેચાયો

મુંબઈ: બોલિવૂડ અભિનેતા સલમાન ખાને મુંબઇના બાન્દ્રા (વેસ્ટ)માં એક હજાર ૩૧૮ ચોરસ ફૂટનો એક એપાર્ટમેન્ટ રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ કંપનીના જણાવ્યા અનુસાર ૫.૩૫ કરોડ રૂપિયામાં વેચ્યો છે.

સૂત્રોએ કહ્યું હતું કે સલમાન ખાનના સોદાના પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજોની સમીક્ષા કરાઈ છે. ટ્રાન્ઝેક્શનનું રજીસ્ટ્રેશન આ મહિને જ કરવામાં આવ્યું છે.

સલમાન ખાન દ્વારા વેચવામાં આવેલું એપાર્ટમેન્ટ શિવ અસ્થાન હાઇટ્સમાં આવેલું છે. તેનો બિલ્ટ-અપ એરિયા ૧૨૨.૪૫ ચોરસ મીટર (આશરે ૧,૩૧૮ ચોરસ ફૂટ) છે, એમ કન્સલ્ટન્ટે જણાવ્યું હતું.

કોવિડ -૧૯ રોગચાળા પછી સેલિબ્રિટીઓ, ક્રિકેટરો અને ઉદ્યોગપતિઓ દ્વારા રિયલ એસ્ટેટમાં ખરીદ - વેચાણના ઘણા મોટી કિંમતના સોદા મુંબઇમાં જોવા મળ્યા છે. (પીટીઆઈ)■

# મોતીલાલ નગર મોરચો એક મોટી નિષ્ફળતા

મુંબઈ: મોતીલાલ નગરના પુનર્વિકાસ વિરુદ્ધનો બહુચર્ચિત મોરચો નિષ્ફળ સાબિત થયો છે. કથિત વિકાસ સમિતિના એક જૂથે આયોજિત આ મોરચો શરૂ થયો પણ ટૂંક સમયમાં જ પૂર્ણ પણ થઈ ગયો.

રિડેવલપમેન્ટની રાહ જોતા લોકો નિલેશ પ્રભુ દ્વારા આયોજિત મોરચાથી દૂર રહ્યા.

માધવી તાઈ રાણે, ગૌરવ રાણે, યુવરાજ૫ મોહિતે જેવા મોતીલાલ નગરના અન્ય મુખ્ય અવાજોએ પણ આ મોરચાથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો. એમડીએ (મ્હાડા) અને સરકારી અધિકારીઓને પણ કોનું મહત્વ વધુ છે તે સમજાઈ ગયું છે. તેઓ જ્યારે આ મુખ્ય નેતાઓ સાથે મળી રહ્યા છે ત્યારે પ્રભુને એક અપોઇન્ટમેન્ટ પણ મળી નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૨૧માં તત્કાલીન ગૃહનિર્માણ પ્રધાન જીતેન્દ્ર આવ્હાડ સાથે થયેલી બેઠક દરમિયાન, નિલેશ પ્રભુને તેમની અસંગત અને વધુ પડતી માગણીઓની લાંબી યાદી બદલ બહાર કાઢવામાં આવ્યા હતા.

નિલેશ પ્રભુએ વિશેષ પ્રકલ્પનો દરજજો આપતો જીઆર રદ કરવાનો માંગ કર્યો છે, પણ નિષ્ણાંતોનું કહેવું છે કે આ માગણી મોતીલાલ નગરના હિતમાં નથી. રહેવાસીઓને હવે સમજાઈ ગયું છે કે તેઓને આંદોલન નહીં, પણ પ્રગતિ જોઈએ છે અને હવે જેના નેતૃત્વને અસંબંધિત માનવામાં આવે છે એવા વ્યક્તિનું તેઓ અનુસરણ કરવા માંગતા નથી. ■

# વસઈ-વિરારમાં રિંગ રોડ માટે નવેસરથી પ્રસ્તાવ તૈયાર કરવાનો નિર્દેશ: મીરા-ભાયંદરમાં બધા મુખ્ય રસ્તા સિમેન્ટ કોંક્રીટના બનાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વસઈ-વિરાર વિસ્તાર ઝડપથી વિકાસ પામી રહ્યો છે અને આ વિસ્તાર માટે રિંગ રોડનો નવો પ્રસ્તાવ તૈયાર કરવો જોઈએ, જિલ્લા પરિષદના અધિકારક્ષેત્ર હેઠળ આવતી પ્રાથમિક શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને શક્ય તેટલી વહેલી તકે મહાનગરપાલિકાને ટ્રાન્સફર કરવા જોઈએ, મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા તમામ કામોનું આયોજન ચોક્કસ સમયમર્યાદામાં પૂરું કરવું જોઈએ એવા નિર્દેશ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપતાં બુધવારે જણાવ્યું હતું કે મહાનગરપાલિકા અને ગૃહ વિભાગે આગામી એક મહિનાની અંદર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા બધા જ અનધિકૃત બાંધકામો પર કાર્યવાહી કરવી.

ફડણવીસ વસઈ વિધાનસભા મતવિસ્તારના મુદ્દાઓ અંગેની બેઠકમાં બોલી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, માળખાકીય સુવિધાઓના કામો હાથ ધરતી વખતે, વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશને સમયબદ્ધ કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ અને આરોગ્ય, રસ્તાઓ, પુલ, પરિવહન, આવાસ પ્રોજેક્ટ્સના બાકી રહેલા કામો સહિત તમામ વિભાગોમાં કામોને પ્રાથમિકતા આપવી જોઈએ અને નિર્ધારિત સમયગાળામાં કામો પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. નગર વિકાસ વિભાગે મ્યુનિસિપલ વિસ્તારમાં જે રસ્તાઓ માટે જગ્યા ઉપલબ્ધ છે તેના માટે ભંડોળનું વિતરણ કરવું જોઈએ. મ્યુનિસિપલ વિસ્તારમાં રસ્તાઓ કોંક્રિટના બનાવવા જોઈએ, એમ દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

દરમિયાન મીરા-ભાયંદર વિધાનસભા મતવિસ્તારના મુદ્દાઓ અંગે વિધાન ભવનમાં આયોજિત બેઠકમાં તેમણે કહ્યું હતું કે કાશીગાંવ મેટ્રો સ્ટેશનથી કાશીમિરા નાકા સુધીના વાય આકારના પુલો તેમજ મીરાગાંવથી કાશીગાંવ મેટ્રો સ્ટેશન, જે મેટ્રો લાઇન સાથે છે, તેમને મુખ્ય પુલ સાથે જોડવાનું કામ ઝડપી બનાવવું જોઈએ. ઉપરાંત, મીરા-ભાયંદર શહેરમાં આવેલા મુખ્ય રસ્તાને અને કાશીમિરા નાકાથી રેલ્વે ફાટક સુધીનો રસ્તો સિમેન્ટ કોંક્રિટનો બનાવવો જોઈએ. ફડણવીસે જણાવ્યું હતું કે મીરા રોડ વિસ્તારમાં વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને, એક નવી રાશન વિતરણ કચેરી બનાવવામાં આવશે અને સબ-રજિસ્ટ્રાર કચેરી બનાવવા માટે ૩૫ જગ્યાઓ બનાવવા માટે દરખાસ્ત મોકલવી. જો શાળાઓ માટે અનામત રાખવામાં આવેલી જગ્યાઓ અથવા અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો હોય, તો કામ તાત્કાલિક બંધ કરવું જોઈએ.

ભાયંદર-દહિસર લિંક રોડ, ભાયંદર પૂર્વ જેસલપાર્ક-ઘોડબંદર રોડ, સૂર્યા ડેમથી મીરા-ભાયંદર શહેરની પાણી પુરવઠા યોજનાના કામો, મીરા-ભાયંદર શહેરમાં પ્રસ્તાવિત ક્લસ્ટરની યોજનાઓ, ખતરનાક ઇમારતોના પુનર્વિકાસ માટે છૂટછાટો, મીરા-ભાયંદર નગરપાલિકાના પરિવહન વિભાગને એસટી નિગમની ખાલી જમીન આપવી વગેરે મુદ્દાઓ પર વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

# ગ્લોબલ માર્કેટની નબળાઈ અને ટેરિફની ચિંતાને અવગણી બેન્ચમાર્ક પોઝિટિવ ઝોનમાં ટકી રહ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના નબળા સંકેત સાથે ટેરિફને લગતી ચિંતા તોળાઇ રહી હોવા છતાં પ્રારંભિક નબળાઇ ખંખેરીને સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટીવ ઝોનમાં ટકી રહેવામાં સફળ રહ્યા હતા. સેન્સેક્સ ૮૨,૭૮૫ અને ૮૨,૩૪૩ની સપાટી વચ્ચે અટવાઇને અંતે ૬૩.૫૭ પોઇન્ટ અથવા તો ૦.૦૮ ટકાના સુધારા સાથે ૮૨,૬૩૪.૪૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૬.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૦૬ ટકા વધીને ૨૫,૨૧૨.૦૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સ્થાનિક ધોરણે ફુગાવામાં ઘટાડો, વ્યાજ દરમાં ઘટાડો, સ્વસ્થ ચોમાસુ અને ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈને કારણે ભારતનું મેક્રોઇકોનોમિક આઉટલુક મજબૂત રહ્યું છે. સતત આઠ મહિનામાં ફુગાવામાં ઘટાડો થવાથી બજારને પ્રોત્સાહન મળ્યું હોવાનું જણાવતાં જીઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયર કહે છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરના કોર્પોરેટ કમાણીનું મૂલ્યાંકન કરવા સાથે રીલીફ રેલીમાં રોકાણકારો આશાવાદ અને સાવધાનીનું મિશ્રણ બતાવી રહ્યા છે, કારણ કે પ્રીમિયમ મૂલ્ય ધરાવતા શેરબજારમાં કમાણીમાં સુધારો જરૂરી છે. વધુમાં, તાંબા પર પચાસ ટકા ડ્યુટીની જાહેરાત સાથે ટેરિફ ચિંતાઓ વચ્ચે ગ્લોબલ સેન્ટિમેન્ટ મિશ્ર છે. આ ઉપરાંત ફુગાવાના સ્તરને કારણે યુએસ ફેડ દ્વારા નજીકના ગાળાના દરમાં ઘટાડાની આશાઓ ધૂંધળી થઈ રહી હોવાથી બજારમાં અનિશ્ચિતતા વધી રહી છે.

સેન્સેક્સના શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટેક મહિન્દ્રા, સ્ટેટ બેન્ક, ઇન્ફોસિસ, અદાણી પોર્ટ અને આઇટીસીના શેર ટોપ ગેઇનરની યાદીમાં હતા. જોકે, ઇટર્નલ, સન ફાર્મા, ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, બજાજ ફાઇનાન્સ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. અમેરિકાના ફુગાવામાં વધારાને કારણે એશિયન બજારોમાં નબળાઈ જોવા મળી હોવાથી સવારના સત્રમાં બુધવારે ભારતીય ઇક્વિટી બજારોમં પણ નરમાઇનું વલણ જોવા મળ્યું હતું. કોર્પોરેટ કમાણી અને યુએસ ટ્રેડ ડીલની ચર્ચા વચ્ચે એકંદર સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું.

ક્યુટેક ઇન્ડિયામાં ૫૧ ટકા હિસ્સો ખરીદવાના સોદા પર ડિક્સન ટેક્નોલોજીસના શેર ચાર ટકા સુધી ઊછળ્યા હતા. સારા ત્રિમાસિક પરિણામના અહેવાલે એચડીએફસી લાઇફના શેરમાં કરંટ હતો. કર્ણાટક સરકારે ટિકિટના ભાવ રૂ. ૨૦૦ સુધી મર્યાદિત રાખવાનો પ્રસ્તાવ મૂકતાં પીવીઆર આઇનોક્સના શેરમાં વેચવાલી અને પીછેહઠ જોવા મળી હતી. પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ચોખ્ખા નફામાં ૨.૪ ટકાનો ઘટાડો જાહેર કરનાર એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસના શેરમાં ચાર ટકા સુધીનો કડાકો નોંધાયો હતો.



બાયોકોન બાયોલોજિકલ્સને યુએસએફડીએ તરફથી ડાયાબિટીશ મેડિકેશનના માર્કેટિંગ માટે મંજૂરી મળી છે. જીઓબ્લેકરોક એસેટ મેનેજમેન્ટ કંપનીને સેબીની ચાર મ્યુચ્યુઅલ ફંડ જારી કરવાની મંજૂરી મળી છે.

સ્ટેટ બેન્ક નાણાકીય વર્ષ ૨૦૨૬માં સ્થાનિક રોકાણકારો માટે રૂ. ૨૦,૦૦૦ કરોડના બોન્ડ જારી કરશે. એચડીએફસી બેન્ક ૧૯મી જુલાઇએ બોર્ડ મીટીંગમાં સ્પેશિયલ ડિવિડંડ અને બોનસ શેરની વિચારણા હાથ ધરશે. ઇંદિરા આઇવીએફે સેબી પાસે કોન્ફિડેન્શિયલ રૂટ મારફત આઇપીઓ માટે ડ્રાફ્ટ પેપર જમા કરાવ્યા છે. એમસીએક્સસીસીએલને ક્લિઅરિંગ કોર્પોરેશન તરીકેની માન્યતાનું વધુ ત્રણ વર્ષનું વિસ્તરણ મળ્યું છે.

આઇટીસી હોટલનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૫૩ ટકા વધીને રૂ. ૧૩૩.૭૧ કરોડ રહ્યો છે. બેન્ક ઓફ મહારાષ્ટ્રનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૨૩ ટકા વધીને રૂ. ૧૫૯૩ કરોડ નોંધાયો હતો. વીવર્ક ઇન્ડિયાને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. એન્થમ બાયોસાયન્સનું રૂ. ૩૩૯૫ કરોડનું જાહેર ભરણું ચારગણું છલકાઇ ગયું છે. આઇપ્રુ એએમસી અને પ્રોપર્ટી શેરે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

મધ્ય અને પશ્ચિમ રેલવેની સત્તાવાર મોબાઇલ એપ યાત્રી દ્વારા બ્રાન્ડ એવેરનેસ અને રેલવેમાં રોજીંદી મુસાફરી કરનારા યાત્રીઓને વરસાદના દિવસોમાં રાહત આપવાના હેતુથી એક રેઇન્કોટ વિતરણ કેમ્પેઇનનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમેરિકાના ઇન્ફ્લેશન ડેટા બજારની અપેક્ષા અનુસારના ના હોવાને કારણે અમેરિકાના બજારોમાં નરમાઇ જોવા મળી હતી. જોકે, એનવિડિયાના ઉછાળા સાથે નેસ્ડેક નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. એનવિડિયાને ટ્રમ્પ પ્રશાસને ચાઇનાને એઆઇમાં વપરાતી એચ૨૦ ચિપ્સની નિકાસ મંજૂરી આપી હોવાના અહેવાલ બાદ તેના શેરમાં ફરી તેજી આવી છે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૬ ટકા ઘટીને ૬૮.૫૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧૨૦.૪૭ કરોડના શેર ખરીદ્યા હતા. પાછલા સત્રમાં આ વર્ગે રૂ. ૧,૬૧૪.૩૨ કરોડના શેર વેચ્યા હતા, મંગળવારે, સેન્સેક્સ ૩૧૭.૪૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૮૨,૫૭૦.૯૧ પર સ્થિર થયો. નિફ્ટી ૧૧૩.૫૦ પોઈન્ટ અથવા ૦.૪૫ ટકા વધીને ૨૫,૧૯૫.૮૦ પર બંધ થયો હતો.

જુન મહિનામાં રિટેલ ઇન્ફ્લેશન ૨.૧ ટકાની છ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે, જ્યારે જથ્થાબંધ ફુગવો ૧૯ મહિના પછી નકારાત્મક ઝોનમાં સરક્યો છે. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) મે મહિનામાં ૨.૮૨ ટકા અને જૂન ૨૦૨૪માં ૫.૦૮ ટકાના સ્તરે હતું. જોકે, મે મહિનાની સામે રિટેલ ઇન્ફ્લેશનમાં માત્ર ૭૨ બેસિસ પોઇન્ટનો ઘટાડો થયો છે. એ જ રીતે, જૂનમાં જથ્થાબંધ ભાવ પર આધારિત ફુગાવો (ડબલ્યુપીઆઇ) ૦.૧૩ ટકા ઘટીને ૧૯ મહિના પછી નકારાત્મક બન્યો હતો. એનએસઓની માહિતી અનુસાર પ્રોડક્શન કોસ્ટમાં પણ ઘટાડો થવાથી હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સમાં ૦.૧૩ ટકાનો ઘટાડો થયો હતો.

# ડૉલર સામે રૂપિયામાં ૧૯ પૈસાનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ટૅરિફની અનિશ્ચિતતાના વાતાવરણમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૯ પૈસાનું ગાબડું પડ્યું હતું. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલો ધીમો સુધારો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨૦.૪૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં મોટું ધોવાણ થતું અટક્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬ની સપાટી વટાવીને ૮૬.૦૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૦૫ અને ઉપરમાં ૮૫.૭૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૯ પૈસાના ઘટાડા સાથે ૮૫.૯૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો નોંધાયો હતો.

એકંદરે ત્રણ સત્ર સુધી ડૉલર સામે રૂપિયો કોન્સોલિડેટ થયા બાદ આજે ભારે ચંચળતા જોવા મળી હતી. ગઈકાલે અમેરિકામાં જૂન મહિનાનો ફુગાવો વધી આવ્યો હોવાથી ફેડરલ રિઝર્વ તંગ નાણાનીતિ જાળવી રાખે તેવી શક્યતા પ્રબળ બનવાની સાથે ટૅરિફની અનિશ્ચિતતા જેવાં તમામ વૈશ્વિક પરિબળો ડૉલરની તરફેણમાં રહ્યા હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવ્યું હતું. વધુમાં ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલ ભણસાળીએ જણાવ્યું હતું કે હાલ ટ્રેડરો અમેરિકા-ભારતની ટ્રેડ ડીલ અંગેની વાટાઘાટોની ફળશ્રુતિની રાહ જોઈ રહ્યા હોવાથી આવતીકાલે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૭૦થી ૮૬.૧૦ આસપાસની રહે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૦૭ ટકા વધીને ૯૮.૫૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૫૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૩.૫૭ પૉઈન્ટનો અને ૧૬.૨૫ પૉઈન્ટનો સાધારણ સુધારો જોવા મળ્યો હતો.

# વૈશ્વિક સોનાચાંદીમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક છતાં સ્થાનિક સોનામાં ₹ ૪૧૬નો અને ચાંદીમાં ₹ ૭૯૭નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકામાં ગત જૂન મહિનાના ફુગાવામાં વધારો થયો હોવાના નિર્દેશો સાથે ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો હતો. જોકે, આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૪થી ૪૧૬નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૯૭નો ઘટાડો આવ્યો હતો.



એકંદરે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા નબળો પડ્યો હોવાથી ખાસ કરીને સોનાની આયાત પડતરો વધવાથી વૈશ્વિક ભાવની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૯૭ના ઘટાડા સાથે રૂ. ૧,૧૧,૨૦૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ રોકાણકારોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલી નિરસ રહી હતી. તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૪ ઘટીને રૂ. ૯૭,૧૧૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૧૬ ઘટીને રૂ. ૯૭,૫૦૦ના મથાળે રહ્યા હતા. ગઈકાલે અમેરિકાના જૂન મહિનાના ફુગાવાની જાહેરાત પશ્ચાત્ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ એક મહિનાની ઊંચી સપાટીએથી પાછો ફર્યો હતો અને ટ્રેઝરીની યિલ્ડમાં પણ પીછેહઠ જોવા મળતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૩૫ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ૩૩૪૨.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૭.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં ઘણાં દેશોની અમેરિકા સાથે ટૅરિફના મુદ્દે ડીલ કરવા માટે વાટાઘાટો ચાલી રહી છે તેમ છતાં બજારમાં અનિશ્ચિતતાનું વાતાવરણ હોવાથી ઘણાં રોકાણકારો સોના અને ચાંદીમાં સલામત રોકાણ જોઈ રહ્યા હોવાથી સોનામાં મક્કમ વલણ જોવા મળી રહ્યું હોવાનું સિંગાપોર સ્થિત ગોલ્ડસિલ્વર સેન્ટ્રલનાં મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત શનિવારે અમેરિકી ટ્રમ્પે જો ટ્રેડ ડીલ ન થઈ તો મેક્સિકો અને યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે પહેલી ઑગસ્ટથી ૩૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી હતી.

ગત જૂન મહિનામાં અમેરિકામાં ફુગાવો વધીને પાંચ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હોવાથી ટૅરિફની અસરો ફલિત થતી હોવાનું જણાતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર સુધી વ્યાજદરમાં કપાતથી દૂર રહે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. જોકે, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ગ્રાહક ભાવ નીચા છે અને ફેડરલ રિઝર્વે વ્યાજદર નીચે લાવવા જોઈએ. હવે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ટૅરિફની અનિશ્ચિતતાના માહોલમાં પાંખાં કામકાજો વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં નરમાઈ ઉપરાંત અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ નિરસ વેપારો રહેતાં ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે મુખ્યત્વે ટીન, નિકલ, લીડ ઈન્ગોટ્સ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની તેમ જ સાર્વત્રિક સ્તરેથી લેવાલી છૂટીછવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે કોપરની અન્ય વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ.૧૩૨૨, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૯૦૩ અને કોપર વાયરબાર તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૯૫ અને રૂ. ૧૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપરની અન્ય વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૩૫ અને રૂ. ૭૬૦ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૪૬ અને રૂ. ૮૨૩ના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં મર્યાદિત માગે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦માં થયા હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં હાજર તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૩૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.



# પાંખાં કામકાજે સોયા રિફાઈન્ડમાં સાધારણ સુધારો આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં ફેરફાર



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૨ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી એકમાત્ર સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. દરમિયાન ગઈકાલે સરકારે મોડી સાંજે ૧૫ જુલાઈથી અમલી બને તેમ આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં ફેરફાર કર્યા હતા, જેમાં ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૧૦૦૬ ડૉલર હતી તે ઘટાડીને ૯૯૮ ડૉલર કરતાં અસરકારક જકાતમાં ટનદીઠ રૂ. ૧૧૪નો અને આરબીડી પામોલિનની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૧૦૪૭ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૪૨ ડૉલર કરતાં અસરકારક જકાતમાં ટનદીઠ રૂ. ૧૫૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ક્રૂડ સોયાબીનની ટૅરિફ જે ટનદીઠ ૧૦૯૫ ડૉલર હતી તે વધારીને ૧૧૦૨ ડૉલર કરતાં અસરકારક જકાતમાં ટનદીઠ રૂ. ૯૯નો વધારો થયો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૧, એડબ્લ્યુએલના આબીડી પામોલિનના રૂ. ૧૧૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ તથા ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૮૦ અને રૂ. ૧૨૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીના અંદાજે ૨૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટની મંડીમાં ૧૮૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સરસવના રૂ. ૧૬૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગ્રીન મુવમેન્ટ ક્ષેત્રે મહત્ત્વનું પગલુંઃ દેશની સૌપ્રથમ મેગ્નેટિક ટ્રેન કંડલામાં દોડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ચુંબક આધારિત મેગરેલ ટૅક્નોલૉજી વડે હાલના પોર્ટ ઇકોસિસ્ટમમાં રેલ-આધારિત કાર્ગો અને ફ્રેઇટના સ્વ-સંચાલિત હલનચલન માટે પાયલોટ પ્રોજેક્ટના વિકાસ અને અમલીકરણ માટે દુબઈની ડીપી વર્લ્ડ, દીનદયાલ પોર્ટ ઓથોરિટી અને પોલેન્ડની નેવોમોએ ભારતના લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં એક નવો ઇતિહાસ રચવા માટે એક મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.



સ્માર્ટ એન્ડ-ટૂ-એન્ડ સપ્લાય ચેઇન સોલ્યુશન્સમાં વૈશ્વિક અગ્રણી એવી દુબઈની ડીપી વર્લ્ડ ભારતમાં કાર્ગો હલનચલનને પરિવર્તન કરવા માટે અદ્યતન ફ્રેઇટ ટેક્નોલોજી રજૂ કરવાનું નેતૃત્વ કરી રહી છે. ભારત સરકારના નેજા હેઠળનું મહત્ત્વનું મલ્ટી-કાર્ગો પોર્ટ દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલા ખાતેના તેના ટર્મિનલ પર આ ફ્યુચરિસ્ટિક ફ્રેઇટ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમની શક્યતાઓનું મૂલ્યાંકન કરવા આ ટેક્નોલોજીની શોધને સરળ બનાવી રહી છે.

આ પહેલ ઝડપી, વધુ કાર્યક્ષમ અને ટકાઉ પોર્ટ-હિન્ટરલેન્ડ કનેક્ટિવિટી નિર્માણ તરફ એક મહત્ત્વપૂર્ણ બની રહે અને ભારતની રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ અને પી.એમ. ગતિ શક્તિ એજન્ડા સાથે સંરેખિત, આ પ્રોજેક્ટ દેશના લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક અને સંકલિત કરવાના લક્ષ્યને સમર્થન આપે તે માટે નવા પ્રોજેક્ટને નિર્ધારીત કરાયો છે.

આ એમઓયુ પર દીનદયાલ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંહ, ડીપી વર્લ્ડના મિડલ ઈસ્ટ, નોર્થ આફ્રિકા અને ભારત સબકોન્ટિનન્ટના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર રિઝવાન સૂમર, અને પોલેન્ડના નેવોમો ગ્રૂપ બીવીના સીઈઓ પ્રઝેમેક (બેન) પાઝેક દ્વારા ગુજરાતના કંડલામાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ એમઓયુ દીનદયાલ પોર્ટ ખાતે ૭૫૦-મીટરના મેગરેલ ટેક્નોલોજીના પાયલોટ પ્રોજેક્ટ માટે ફ્રેમવર્ક નક્કી કરે છે. ભારતમાં પ્રથમ વખતની આ પહેલ લાઇવ પોર્ટ વાતાવરણમાં સ્વ-સંચાલિત ફ્રેઇટ મૂવમેન્ટનું પ્રદર્શન કરશે. આ પ્રોજેક્ટ હાલના રેલ ટ્રેક પર લીનિયર મોટર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઓટોનોમસ, ઇલેક્ટ્રિક-સંચાલિત વેગન્સ વિકસાવવા અને અમલમાં મૂકવાનો હેતુ ધરાવે છે, જે કન્ટેનરાઇઝ્ડ અને બલ્ક કાર્ગો માટે ક્ષમતા, કાર્યક્ષમતા અને ઝડપ વધારશે, ખર્ચ અને કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઘટાડશે, અને લોજિસ્ટિક્સ સિસ્ટમને વધુ ગ્રીન, ઝડપી અને ઇન્ટરઓપરેબલ બનાવશે. ■

# ખામી ભરેલી સુરક્ષા વ્યવસ્થા ફરી ઉજાગર થઇ

## ભુજની પાલારા જેલમાંથી એસઓજીને આકસ્મિક તપાસમાં બિનવારસુ મોબાઈલ ફોન મળી આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સતત વિવાદોમાં ઘેરાયેલી રહેતી ભુજની પાલારા ખાસ જેલમાં બંદિવાનો પાસેથી મોબાઇલ ફોન જેવી અનેક પ્રતિબંધિત ચીજ-વસ્તુઓ મળી આવવાના બનાવો સતત સામે આવી રહ્યા છે ત્યારે ફરી એકવાર આ હાઈ સિક્યોરિટી જેલમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની આકસ્મિક તપાસ દરમ્યાન એક બિનવારસુ મોબાઇલ ફોન મળી આવતાં જેલતંત્ર દોડતું થયું હતું.

આ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાના પગલે એસઓજીએ બી ડિવિઝન, પેરોલ ફર્લો સ્કવોડ, બીડીડીએસ, ડોગ સ્કવોડ તથા જેલના ઝડતી સ્કવોડના પોલીસ અધિકારી-કર્મચારીઓને સાથે રાખીને પાલારા ખાસ જેલના સર્કલ-૧ અને ૨માં આવેલા યાર્ડ, બેરેક, પુસ્તકાલય, હૉસ્પિટલ કેન્ટીનની જડતી લેવામાં આવી હતી. આ દરમ્યાન સર્કલ-૧માં એક ઓરડીની છત ઉપરની પાણીની ટાંકી પાસે કોથળીમાં રાખેલો સેમસંગ કંપનીનો બેટરી સાથેનો, સીમ વિનાનો કીપેઇડ મોબાઇલ મળી આવ્યો હતો. હાલ આ મોબાઈલ ફોનને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા બાદ વધુ વિગતો સામે આવશે. આ બેરેકમાં રહેલા કેદીઓને મોબાઈલ બાબતે પૃચ્છા કરવામાં આવતાં તમામે અજાણતા દર્શાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજના એક આહીર યુવકને હનીટ્રેપમાં ફસાવી તેને આત્મહત્યા કરવા મજબુર કરનારી ટોળકીના તાર પાલારા જેલમાં રહેલી મનીષા ગોસ્વામી નામની કુખ્યાત મહિલા સાથે જોડાયા હતા અને પોતે જેલમાં રહી ને જ પોતાનું નેટવર્ક ચલાવતી હોવાનું પણ તપાસમાં ફલિત થયું હતું. આ જેલની સુરક્ષા વ્યવસ્થાની તપાસ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અંગત રસ લઈને કરાવે તેવું જાણકારો ઈચ્છી રહ્યા છે. ■

# પોરબંદરના કોટડા ગામે શ્વાને બે માસના બાળકને ફાડી ખાધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃપોરબંદરના કોટડા ગામે હિંસક શ્વાને ઘોડિયામાં સૂતેલા માત્ર બે માસના બાળક પર હુમલો કરી તેને ફાડી ખાધું હતું. આ ઘટનાથી સમગ્ર ગામમાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો હતો. બાળકનાં પરિવારજનોએ પોતાના એકના એક સંતાનને ગુમાવતાં ભારે આઘાતમાં સરી પડ્યા હતા.

પોરબંદરના કુતિયાણાના કોટડા ગામે વાડી વિસ્તારમાં ઘોડિયામાં સૂતા બે મહિનાના બાળક પર ચાર જેટલાં શ્વાને આવીને હુમલો કર્યો હતો. બાળકના રડવાનો અવાજ સાંભળીને વાડીમાં કામ કરી રહેલા તેનાં માતા-પિતા દોડી આવ્યાં હતાં. તેમણે બાળકને શ્વાનના હુમલામાંથી છોડાવવાનો અને બચાવવાનો ભરપૂર પ્રયાસ કર્યો, પરંતુ કમનસીબે ત્યાં સુધીમાં કૂતરાઓએ બાળકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. શ્વાનના હુમલામાં થયેલી ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન વિશાલનું કરુણ મોત નીપજ્યું હતું. ઘટના બાદ સ્થાનિકોએ તંત્રને રખડતા શ્વાન માટે નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવામાં આવે તેવી માગ કરી હતી. ■

# જૂનાગઢમાં સરકારે આપેલું મગફળીનું બિયારણના કાળા કારોબારનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના ભેસાણ તાલુકામાં સરકારે આપેલું મગફળીનું બિયારણ બારોબાર વેચાઈ ગયું હોવાનો પર્દાફાશ થયો હતો. જૂનાગઢના પરબ રોડ પર આવેલી ખોડિયાર એન્ટરપ્રાઇઝ નામની ખાનગી પેઢીમાં ૩૦થી વધુ ગૂણી મફત મગફળી બિયારણનો જથ્થો ઝડપાયો હતો.આ બિયારણ રાષ્ટ્રીય બીજ નિગમ લિમિટેડની થેલીમાંથી કાઢી અન્ય થેલીઓમાં ભરી બારોબાર વેચવા માટે ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે મોકલવામાં આવ્યું હતું.જ્યાં પહોંચતા સરકારી યોજનામાં મોકલાયેલા મગફળીના બિયારણની ખાલી થેલીઓ પણ આ ગોડાઉનમાં જોવા મળી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકાર દ્વારા અપાતું બિયારણ પ્લાસ્ટિકના પેકિંગમાં આવે છે, જેને બદલીને બારદાનમાં ભરીને ગોંડલ મોકલવામાં આવ્યું હતું. ખેડૂતોના ૭/૧૨ પરથી સહીઓ કરાવી સરકાર પાસેથી મફત બિયારણ મેળવ્યા બાદ, તેને વાવેતર કરવાને બદલે બારોબાર વેચી નાખવાનું કાવતરું ઝડપાયું હતું.

આ ઉપરાંત સૂત્રોએ એમ પણ કહ્યું કે, ખેડૂત ઉત્પાદક કંપની દ્વારા ખેડૂતોને બિયારણ અહીંથી આપી દેવામાં આવે છે છતાં પણ જો કોઈ ખેડૂત આ બિયારણ વેચે તો તે ગુનેગાર બને છે. આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે. ખેડૂતોને સરકાર દ્વારા આપવામાં આવતું બિયારણ ખેડૂતો બારોબાર વેચે છે તે જરાય પણ વ્યાજબી નથી. ■

# રાજકોટ જિલ્લાનાં ૨૭ ડેમોમાં ૫૩.૯૦ ટકા પાણીનો સંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆતથી જ રાજકોટ જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે. જેના કારણે રાજકોટ જિલ્લાનાં જળાશયોમાં ધીમી ધારે નવા નીર આવી રહ્યા છે, ત્યારે, સિંચાઈ વિભાગનાં જણાવ્યા અનુસાર રાજકોટ જિલ્લાનાં ૨૭ ડેમોમાં આજની સ્થિતિએ ૫૪ ટકા પાણીનો સંગ્રહ થઈ ગયો છે અને હજુ પણ ચોમાસું ચાલુ છે ત્યારે હજુ વધુ નવા નીર આવશે.

રાજકોટ પાણી પૂરું પાડતા ડેમોની સ્થિતિ જોઈએ તો, ભાદર-૧ ડેમમાં આજની સ્થિતિએ ૪૩.૧૬ ટકા, આજી-૧માં ૭૧.૧૨ ટકા અને ન્યારી-૧માં ૫૮.૮૮ ટકા પાણીનો સંગ્રહ થઈ ચૂકયો છે. સમગ્ર જિલ્લાનાં વિવિધ ડેમોની સ્થિતિ પર નજર કરવામાં આવે તો ન્યારી-૨ ડેમમાં સૌથી વધુ ૯૦.૫૮ ટકા, ભાદર-૨ માં ૮૮.૫૭ ટકા પાણીનો સંગ્રહ છે. આ ઉપરાંત વેણુ-૨માં ૭૬.૪૩ ટકા, આજી-૨માં ૭૩.૨૯ ટકા અને આજી-૩માં ૮૮.૪૪ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

રાજકોટનાં લાલપરી જળાશયમાં ૮૭.૬૨ ટકા પાણી ભર્યું છે તથા ગોંડલી અને વેરી ડેમમાં સૌથી ઓછું પાણી આવેલ છે.

વેરીમાં ૮.૭૪ ટકા અને ગોંડલીમાં ૬.૧૪ ટકા પાણી ભર્યું છે. સૌરાષ્ટ્રનાં અન્ય જિલ્લાઓની સ્થિતિ જોઈએ તો, મોરબી જિલ્લાનાં ૧૦ ડેમોમાં ૫૩.૬૦ ટકા, જામનગર જિલ્લાનાં ૨૧ ડેમોમાં ૪૫.૨૮ ટકા તથા દ્વારકા જિલ્લાનાં એક ડઝન ડેમોમાં ૨૫.૭૬ ટકા અને સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૧ ડેમોમાં ૮૧.૯૬ ટકા પાણીનો સંગ્રહ થયેલો છે. ■



રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ચાલતી વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગર જિલ્લાનાં બે પુલ ક્ષતિગ્રસ્ત જણાતા ભારે વાહન માટે બંધ કરવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) હસ્તકના બે માઈનોર પુલ ક્ષતિગ્રસ્ત જણાતા ભારે વાહનો માટે બંધ કરવાનો નિર્ણય લેવાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજનો હિસ્સો તૂટી પડતા ભાવનગર જિલ્લામાં માર્ગ-મકાન વિભાગ હસ્તકના વિવિધ બ્રિજની સ્થિતિ અંગે ગાંધીનગરની ડિઝાઈન સર્કલ, કન્સલ્ટન્સી તથા માર્ગ-મકાન વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ગયા શનિવારથી ચકાસણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. હાલ આ સર્વે ચાલી રહ્યો છે.

આ દરમ્યાન મહુવા-ઉમણિયાવદર પુલની ચકાસણી કરવામાં આવી હતી. એ જ રીતે વરતેજ-વલ્લભીપુર વચ્ચે ઘેલો નદી પરના બ્રિજમાં કેપમાં ક્રેક તથા સ્લેબમાં સ્પોટ જોવા મળતા આ બન્ને બ્રિજ ભાર વાહનોની અવર-જવર માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, હળવા વાહનો પસાર થઈ શકશે. વરતેજ-વલ્લભીપુર વચ્ચે ઘેલો નદી પરનો પુલ ભારે વાહનો માટે બંધ કરવા નિર્ણય લેવાયો છે ત્યારે તેના વૈકલ્પિક માર્ગ તરીકે વલ્લભીપુર-માઢિયા વાયા આણંદપર માર્ગનો ઉપયોગ કરી શકાશે. તેમ વર્તુળોએ જણાવ્યું હતું. ■

# રાજકોટમાં વિદેશી છાત્રોથી ત્રાહિમામ લોકોએ પોલીસ કમિશનર કચેરીમાં ધામા નાખ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ-મોરબી રોડ પર રતનપર પાસે આવેલ મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદેશી વિદ્યાર્થિનીઓ દ્વારા ગેરકાયદેસર ધંધાનો ખેલ ચાલી રહ્યાનો ખુલાસો ગ્રામજનોએ પોલીસ કમિશ્નર સમક્ષ કર્યો હતો. દેહવ્યાપાર, નશાખોરી અને સામાજિક દૂષણ સામે ગ્રામજનો મેદાને આવ્યાં હતા. તેમણે સ્થાનિક દીકરીઓ ભોગ બને તે પહેલાં કાર્યવાહી કરવાની ઉગ્ર માગ કરી હતી.

રતનપરના ગ્રામજનો દ્વારા પોલીસ કમિશનરને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, શહેરની જાણીતી ખાનગી યુનિવર્સિટીઓમાં ખાસ મારવાડી યુનિવર્સિટીમાં મોટી સંખ્યામાં વિદેશી ખાસ કરીને આફ્રિકન મૂળના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. હાલના સમયમાં સ્થાનિક રહીશોમાંથી મળતી ચોક્કસ ફરિયાદો અનુસાર આવા કેટલાક વિદેશી વિદ્યાર્થીઓ અને તેમાં ખાસ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતાં કરતાં સામાજિક રીતે અસ્વીકાર્ય, અનૈતિક અને ગેરપ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોવાનું સામે આવ્યું છે. આ પ્રવૃત્તિઓને કારણે શૈક્ષણિક સંસ્થાઓના કેમ્પસમાં, શહેર તથા આસપાસના ગામડાઓમાં ગંભીર દૂષણ ફેલાઈ રહ્યું છે અને સ્થાનિક રહેવાશીઓને સાથે અનેકવાર ઘર્ષણો થવાના કિસ્સાઓ સામે આવે છે .

જે બાબતે ગ્રામજનોએ જણાવ્યું કે, આ આફ્રિકન વિદ્યાર્થિનીઓ કોલેજમાં અભ્યાસ કરતાં હોવા છતાં, ખાનગી ફ્લેટો, હોટલો અને રેન્ટના મકાનોમાં દેહવ્યાપાર કરતા હોવાનું સ્પષ્ટ જાણવા મળ્યું હતું. જે પ્રવૃત્તિઓ મુખ્યત્વે વ્હોટ્સએપ ગ્રૂપ, પ્રોસ્ટિટ્યુશન વેબસાઇટ અને મોબાઇલ ઍપ્લિકેશનો મારફતે જાહેર રીતે ચલાવવામાં આવે છે. એ એપમાં કોલગર્લ તરીકે ફોટા મૂકવામાં આવે છે, ભાવતાલ થાય છે અને ગ્રાહકોને પિકઅપ અને ડ્રોપ અંગે ખુલ્લા મેસેજ મોકલવામાં આવે છે. વિદેશી વિદ્યાર્થીઓમાંથી કેટલાક દ્વારા દેહવ્યાપાર જેવી અનૈતિક પ્રવૃત્તિઓ થતી હોવાથી કાર્યવાહી કરવા માગ કરી હતી. ■

# ભાવનગરના તમામ મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનોનો સન્માન સમારોહ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ મહાનગરપાલિકા દ્વારા ૨૦ વર્ષ શહેરી વિકાસના થીમ હેઠળ શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ના અનુસંધાને વિવિધ કાર્યક્રમો મેયર ભરતભાઈ બારડના અદયક્ષસ્થાને ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયો હતો. જે અંતર્ગત શહેરનાં વિવિધ વિસ્તારોમાં પૂર્ણ થયેલા વિકાસકાર્યોની ઉજવણી માટે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સાંસ્કૃતિક કૃતિઓ, ૨૦ વર્ષ શહેરી વિકાસની થીમ પરની ગુજરાત રાજ્યની વિકાસગાથા અંગેની શોર્ટ ફિલ્મ, ભાવનગર શહેરની વિકાસગાથા દર્શાવતી બુક્લેટ, શહેરમાં થનાર અને પૂર્ણ થયેલ વિકાસના કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ, ભાવનગર શહેરના આગામી વર્ષોમાં થનાર વિકાસ કાર્યો દર્શાવતી મૂવી/શોર્ટ ફિલ્મ લોંચિંગ અને ભાવનગર શહેરના તમામ પૂર્વ મેયરો તથા તમામ પૂર્વ ચેરમેનશ્રીઓ સ્થાયી સમિતિનો અભિવાદન સમારોહ જેવા વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.



આ તકે કેન્દ્રીય પ્રધાન નીમુબેન બાંભણીયા એ જણાવ્યુ હતું કે, આજે ભાવનગર મહાનગપાલિકા ને નવી ઊંચાઈ આપવા અને ભાવનગરના વિકાસમાં જેનું યોગદાન છે એવા પૂર્વ મેયરો અને પૂર્વ ચેરમેનશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા. આજે એક પડાવ સર કરીને શહેરીકરણના બે દાયકાની ઉજવણી કરવા એકત્ર થાય છીએ ત્યારે વૈશ્વિક નેતા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અનેક વિકાસના કર્યો થકી દેશ આગળ વધી રહ્યો છે. ■

# સ્માર્ટફોનનો વધુ પડતા ઉપયોગ કરતા હો તો સાવધાનઃ

## રાપરમાં ચાર્જિંગમાં મુકેલો મોબાઈલ ફોન ધડાકાભેર ફાટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઇન્ટરનેટ થોડું સસ્તું થયા બાદ સમગ્ર વિશ્વ માટે ચિંતાનું કારણ બનેલાં સ્માર્ટફોન એડીક્સનનો વ્યાપ મોટેરાંઓથી માંડી, નાના બાળકો સુધી વ્યાપકપણે વિસ્તરી રહ્યો છે ત્યારે બે ઘડી આરામ માટે કે સિરિયલ જોવા માટે બાળકોને સ્માર્ટફોન થમાવી દેનારાં માં-બાપ માટે આંખ ઉઘાડનારો કિસ્સો સરહદી કચ્છના રાપર શહેરના અયોધ્યાપુરી વિસ્તારમાં બન્યો હતો. જેમાં અહીં રહેતા એક ૧૬ વર્ષીય કિશોરના જાણીતી ચાઈનીઝ કંપનીના સ્માર્ટફોનમાં ધડાકો થતાં પરિવારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે, આ આંખ ઉઘાડનારી ઘટનામાં જાનહાનિ કે ઘરના કોઈ પણ સભ્યને ઈજા પહોંચી નથી.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, આ કિશોર તેના એન્ડ્રોઇડ સ્માર્ટફોનમાં ફ્રી ફાયર નામની શૂટર ગેમ રમી રહ્યો હતો. લગભગ દોઢેક કલાક સુધી સતત આ ગેમ રમ્યા બાદ તેણે ફોનને ચાર્જિંગમાં મૂક્યો હતો. પંદરેક મિનિટ બાદ અચાનક ફોનમાં જોરદાર ધમાકો થયો હતો. આસપાસની ઘરવખરીમાં નુકશાન થયું હતું. અને આ ફોનના ચાર કટકા થઇ ગયા હતા. પ્રાથમિક તબક્કે ફોનની બેટરી વધુ પડતી ગરમ થઇ જવાના કારણે ફાટી હોવાનું નિષ્ણાતો દ્વારા અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ■

# રાજ્યમાં ૨.૮૨ લાખથી વધુ સર્વે નંબરો જૂની શરતમાં જાહેર કરવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા પ્રજાભિમુખ વહીવટ અને પ્રક્રિયાઓના સરળીકરણના ભાગરૂપે નિવાસી કલેકટર અને અધિક કલેકટર સાથે વી.સી.ના માધ્યમથી વિભાગીય અગત્યની કામગીરીનો રીવ્યૂ લેવામાં આવ્યો હતો.

આ અંગે માહિતી આપતા અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ ડો. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજયમાં જૂની શરત જાહેર કરવાપાત્ર સર્વે નંબરોને જૂની શરતમાં ફેરવવાની કામગીરીની ઝુંબેશના ભાગરૂપે અત્યાર સુધી ૨.૮૨ લાખથી વધુ સર્વે નંબરો જૂની શરતમાં જાહેર કરવામાં આવ્યા છે અને સતત રીવ્યૂ કરીને આ કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

રાજયના જિલ્લાઓ ખાતેના અનધિકૃત ધાર્મિક બાંધકામો દૂર કરવા માટે ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીનો વી.સી.માં રીવ્યૂ લેવામાં આવ્યો હતો. જેમાં દૂર કરવામાં આવેલ અને રી-લોકેટ કરવામાં આવેલ ધાર્મિક બાંધકામોની કામગીરીની સમીક્ષા કરીને બાકીના અનધિકૃત ધાર્મિક બાંધકામો નિયત પ્રક્રિયા અનુસરીને દૂર કરવા અને રી-લોકેટ કરવાની કામગીરી ઝડપથી પૂરી કરવા ગૃહ સચિવ નિપુર્ણા તોરવણે દ્વારા કલેકટરોને સૂચના આપવામાં આવી હતી. આ બાબતે જિલ્લાતંત્ર દ્વારા જરૂરી સહયોગ ગૃહ વિભાગને મળી રહે તે માટે ડો. રવિ દ્વારા દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા. ■

# ભાવનગરમાંથી પોલીસે બિયરનો ₹ ૬૧,૬૮૦નો જથ્થો જપ્ત કર્યો

ભાવનગરઃ શહેરના ઘોઘારોડ પર રાજારામના અવેડા નજીક એક રહેણાક મકાનમાં દરોડો પાડી પોલીસે બિયરનો જથ્થો ઝડપી લીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર એલ.સી.બી. પોલીસ સ્ટાફનાં માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, જયપાલસિંહ ઘનશ્યામસિંહ ગોહીલ (રહે.ઘોઘારોડ, રાજારામના અવેડાવાળા ખાંચામાં, મફતનગર) તેના રહેણાંક મકાને ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂનો જથ્થો બહારથી લાવી વેચાણ કરે છે.

આ બાતમી આધારે રેઈડ કરતા ભારતીય બનાવટનો બિયરનો જથ્થો મળી આવ્યો હતો જયારે ઉપરોક્ત શખ્સ મળી આવ્યો ન હતો આથી પોલીસે બિયરનો જથ્થો કિ.રૂ. ૬૧,૬૮૦નો જપ્ત કરી શખ્સ વિરુદ્ધ ભાવનગર, ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ■

# રાજકોટમાં ખાનગી હૉસ્પિટલને બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં નાંખવા બદલ ₹૧૦ હજારનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની ખાનગી હૉસ્પિટલને મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં નાંખવા બદલ રૂપિયા ૧૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. શહેરની ગોકુલ હૉસ્પિટલને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં નાંખવા બદલ આ કાર્યવાહી કરી હતી. મળતી વિગત પ્રમાણે, શહેરના વોર્ડ નંબર ૪માં કુવાડવા રોડ પર આવેલી ગોકુલ હૉસ્પિટલ દ્વારા ઈન્જેકશન, સિરીન, નીડલ જેવો બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં નાખવામાં આવ્યા હતા જે બદલમાં હાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા હૉસ્પિટલ પાસેથી રૂ.૧૦,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. મનપા દ્વારા બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે અધિકૃત કરેલી એજન્સી દ્વારા જ નિકાલ કરવા વિનંતી કરવામાં આવી હતી. ■